
Saturday, 28 February 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦




કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૬૬ ● સંવત-૨૦૮૨ ફાગણ સુદ બારસ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

## ભારતની વિકસિત રાષ્ટ્ર બનવાની યાત્રામાં પ્રિવેન્ટિવ અને સોશિયલ મેડિસિનની ભૂમિકા ખુબ મહત્ત્વની : સંઘપ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલ

### નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ સેલવાસ ખાતે ૫૩મા IAPSMCON 2026નો સંઘપ્રદેશના પ્રશાસકશ્રીએ કરાવેલો આરંભ












**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૭**

નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, સેલવાસ ખાતે આજથી ૫૩મા વાર્ષિક સંમેલન ઈન્ડિયન એસોસિએશન ઓફ પ્રિવેન્ટિવ એન્ડ સોશિયલ મેડિસિન(IAPSMCON 2026)નો આરંભ સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવ તથા લક્ષદ્વીપના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે કરાવ્યો હતો.

આ પ્રસંગે સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે પોતાના વક્તવ્યમાં આ સંમેલનનું મહત્ત્વ અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આ ટચૂકડા કેન્દ્ર શાસિત પ્રદેશમાં આભને આંબતી સર્જાયેલી વિકાસની હારમાળાની રસપ્રદ માહિતી આપી હતી. તેમણે ભારતમાં બિનચેપી રોગો ડાયાબીટીશ, હાઈપરટેન્શન, હૃદયરોગ, કેન્સર વગેરેની વધી રહેલી સમસ્યા બદલ ચિંતા વ્યક્ત કરતા જીવનશૈલી નિયમન નિયમિત વ્યાયામ, સમયસર તપાસ તથા સામુદાયિક ભાગીદારીની પ્રાસંગિકતા ઉપર પ્રકાશ પાડવા ભાર મુક્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારતની વિકસિત રાષ્ટ્ર બનવાની યાત્રામાં પ્રિવેન્ટિવ અને સોશિયલ મેડિસિનની ભૂમિકા ખુબ મહત્ત્વની છે. તેમણે કાર્યક્રમને સફળ બનાવવા બદલ તમામ સભ્યોનો પણ આભાર પ્રગટ કર્યો હતો.

- (વધુ પાના નં.૨ પર)

### આંતરરાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમ IAPSMCON 2026 દરમિયાન

## આદિવાસી મહિલા સ્વયં સહાયતા સમૂહના સભ્યો દ્વારા વિવિધ પારંપારિક આદિવાસી કલા અને હસ્તશિલ્પ ઉત્પાદનોના આકર્ષક સ્ટોલ પ્રદર્શિત કરાયા

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૭**

સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના કુશળ નેતૃત્વ અને માર્ગદર્શનમાં દીનદયાળ અંત્યોદય યોજના - રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (ડે-એનઆરએલએ) અંતર્ગત મહિલા સ્વયં સહાયતા સમૂહો(એસએચજી)ના સશક્તિકરણ અને આજીવિકા સંવર્ધનની દિશામાં નિરંતર પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેની કડીમાં આયોજીત આંતરરાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમ IAPSMCON 2026 દરમિયાન આદિવાસી મહિલા સ્વયં સહાયતા સમૂહની સભ્યો દ્વારા વિવિધ પારંપારિક આદિવાસી કલા અને હસ્તશિલ્પ ઉત્પાદનોનો આકર્ષક સ્ટોલ પ્રદર્શિત કર્યો હતો. આ સ્ટોલમાં એસએચજી સભ્યો દ્વારા નિર્મિત પારંપરિક હસ્તનિર્મિત વસ્તુઓ, જનજાતીય કલાકૃતિઓ, હસ્તશિલ્પ ઉત્પાદનો અને સ્થાનિક સાંસ્કૃતિક વિરાસતને દર્શાવનારી વસ્તુઓ પ્રદર્શિત કરવામાં આવી હતી. જેની ઉપસ્થિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સહભાગીઓ દ્વારા ખુબ જ પ્રશંસા કરવામાં આવી હતી.

આ પહેલના માધ્યમથી માત્ર મહિલા સમૂહોની આજીવિકાને જ પ્રોત્સાહન નથી મળ્યું, પરંતુ આદિવાસી સમુદાયની સમૃદ્ધ કલા,

- (વધુ પાના નં.૨ પર)

## ભીમપોર ગ્રામ પંચાયત દ્વારા ૧ મહિના સુધી ચલાવાયેલા ‘સ્વચ્છતા અભિયાન’ને સફળ બનાવનારા સફાઈકર્મીઓનું કરાયું સન્માનઃ બપોરના ભોજનનું પણ કરાયેલું આયોજન

### મહેનતુ અને સમર્પિત સફાઈ કર્મચારીઓના વિશેષ યોગદાન સાથે તેમની નિષ્ઠા, પરિશ્રમ અને દૈનિક સમર્પિત સેવાથી ભીમપોર ગામ વધુ સ્વચ્છ અને સુંદર બન્યું છેઃ સરપંચ ઉદયભાઈ પટેલ







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૭**

દમણના ભીમપોર ગ્રુપ ગ્રામ પંચાયત દ્વારા ગત તા.૫ જાન્યુઆરીથી સ્વચ્છતા અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. આ અભિયાન સતત ૧મહિના સુધી ચલાવવામાં આવ્યું હતી. જેમાં ગામના સૌના ભાઈ-બહેનોના સાથ અને સહકારથી ભવ્ય સફળતા મળી હતી. આ અવસરે ગામના સરપંચ શ્રી ઉદયભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ અભિયાનને સફળ બનાવવામાં અમારા મહેનતુ અને સમર્પિત સફાઈ કર્મચારીઓનું વિશેષ યોગદાન રહ્યું છે. તેમની નિષ્ઠા, પરિશ્રમ અને દૈનિક સમર્પિત સેવાથી ભીમપોર ગામ વધુ સ્વચ્છ અને સુંદર બન્યું છે. તેમની આ સેવા બદલ આજે પંચાયત દ્વારા તેમના સન્માન માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને તમામ પરિશ્રમી સફાઈકર્મીઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સૌના માટે બપોરના ભોજનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. સરપંચશ્રીએ જણાવ્યું હતું કે, આ સન્માન માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ તેમના પરિશ્રમ પ્રત્યેની અમારી કૃતજ્ઞતા અને માન છે. તો ચાલો, આપણે સૌ સમતે મળીને સ્વચ્છતા જાળવવાનો સંકલ્પ લઈએ અને આપણા ‘‘સ્વચ્છતા યોદ્ધાઓ’’નું સન્માન કરીએ.

### જીપીસીબીના ચેરમેન અને મેમ્બર સેક્રેટરી સમક્ષ સ્પષ્ટ વાત

## વાપીના ઉદ્યોગોનું પ્રદૂષણ પર્યાવરણીય સંકટ નહિ, પરંતુ પ્રશાસનિક સંરક્ષણમાં જીવિત ઔદ્યોગિક અપરાધઃ દમણ-દીવ સાંસદ ઉમેશભાઈ પટેલ

### દમણને વાપીની કચરાપેટી હરગિઝ નહીં બનવા દેવાયઃ વાપીના ઉદ્યોગોથી દમણને પ્રદૂષણ મુક્ત બનાવવા કાયદાકીય લડત અને જન આંદોલન કરવા પણ સાંસદ ઉમેશભાઈ પટેલનું એલાન



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૭**

દમણ અને દીવના સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે આજે ગાંધીનગરમાં ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ(જીપીસીબી)ના ચેરમેન શ્રી આર.બી.બારડ અને મેમ્બર સેક્રેટરી શ્રી દેવાંગ ઠાકર સાથે મુલાકાત કરી વાપી-દમણ વિસ્તારમાં અવિરત ફેલાઈ રહેલા પ્રદૂષણના મુદ્દે સખત શબ્દોમાં પોતાનો વિરોધ દર્શાવ્યો હતો અને તાત્કાલિક પ્રદૂષણ બંધ થાય તેવી અસરકારક કામગીરી કરવા પણ તેમણે તાકિદ કરી હતી.

દમણ અને દીવના સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે જીપીસીબીના ચેરમેન અને મેમ્બર સેક્રેટરી સાથેની મુલાકાતમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, વાપી-દમણ વિસ્તારમાં ચાલી રહેલ પ્રદૂષણ ફક્ત પ્રશાસનિક લાપરવાહી જ નથી, પરંતુ ૫૮ વર્ષોની રાજનૈતિક અને સંસ્થાગત નિષ્ફળતાનું પરિણામ છે. તેમણે વિવિધ સંવૈધાનિક સંસ્થાઓ, ન્યાયાલયો અને નિરીક્ષણ રિપોર્ટોનો ઉલ્લેખ કરી સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ(સીપીસીબી) દ્વારા જારી ૧૪ સંયુક્ત રિપોર્ટમાં પ્રદૂષણનું ઉલ્લંઘન ઉજાગર થયું હોવા છતાં જીપીસીબી દ્વારા પ્રભાવશાળી કાર્યવાહી નહિ થવા બદલ પણ પ્રશ્ન વ્યક્ત કર્યો હતો. તેમણે જ્યારે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (એનજીટી)એ વર્ષ ૨૦૧૯માં રિસ્ટોરેશનનો સ્પષ્ટ આદેશ આપ્યો હોવા છતાં તેનું પૂર્ણ રૂપથી પાલન આજ સુધી કેમ નહીં કરવામાં આવ્યું એવો પ્રશ્ન પણ તેમણે પૂછ્યો હતો. તેમણે ૨૩,૯૦૦ મેટ્રિક ટન ઝેરી ઈટીપી સ્લજ વર્ષોથી પડતર રહેવાની જવાબદારી કોની? અને પ્રદૂષણના કારણે ૧૫,૮૩૬ માછીમારોની આજીવિકા સમાપ્ત થઈ ચુકી છે ત્યારે તેના વળતર અને પુનર્વસનનું શું? એવો પ્રશ્ન પણ પૂછ્યો હતો.

દમણ અને દીવના સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, જ્યારે ૧૯૬૭થી ઝેર ફેલાઈ રહ્યું હતું, છતાં ૨૦૨૬ સુધી તમે મૌન કેમ રહ્યા? તેમણે દૃઢતાપૂર્વક જણાવ્યું હતું કે, આ પર્યાવરણીય સંકટ નથી, પરંતુ ઔદ્યોગિક અપરાધ છે અને પ્રશાસનિક સંરક્ષણમાં જીવિત રહેલ ઔદ્યોગિક અપરાધ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, દમણના લોકોને સ્વચ્છ હવા, સુરક્ષિત જળ અને સ્વસ્થ જીવનનો સંવૈધાનિક અધિકાર છે. જે અમે આ અધિકારને લઈને જ રહીશું. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, વિકાસના નામ ઉપર પ્રદૂષણને ઢાલ નહિ બનાવી શકાય. તેમણે સરીગામ ઔદ્યોગિક સ્થિતિને પણ ગંભીર બતાવી વ્યાપક ક્ષેત્રિય પર્યાવરણીય ઓડિટની પણ માંગ કરી હતી. તેમણે સ્પષ્ટ જણાવ્યું હતું કે, દમણ હવે બલીનો બકરો નહિ બનશે અને દમણ વાપીની કચરાપેટી નહિ હોવાની પણ સ્પષ્ટતા કરી હતી. તેમણે આ મુદ્દે સંસદમાં વિશેષ ચર્ચાની માંગ કરવા, ઉચ્ચ ન્યાયાલય એનજીટીમાં કઠોર હસ્તાક્ષે યાચિકા દાખલ કરવા અને અસરગ્રસ્ત સમુદાયો સાથે સડકથી સંસદ સુધી વ્યાપક જન આંદોલનનું નેતૃત્વ કરવાની પણ જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ સંઘર્ષ કોઈ સરકાર, કોઈ પક્ષ કે કોઈ ઔદ્યોગિક એકમની વિરૂદ્ધ નથી, આ સંઘર્ષ વિકાસના વિરૂદ્ધમાં પણ નથી, પરંતુ આ સંઘર્ષ આવનારી પેઢીઓના અસ્તિત્વ અને જન પ્રતિનિધિની સંવૈધાનિક જવાબદારીનું છે.

## સેલવાસમાં ‘માસ્ટર ક્લાસ વીથ ચેસ ગ્રાન્ડ માસ્ટર’ કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો

### ગુજરાતના પ્રથમ ચેસ ગ્રાન્ડમાસ્ટર તેજસ બાકરે સહભાગીઓને મહત્ત્વપૂર્ણ ચેસ ટેક્નીકો શીખવી






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૭**

સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના દૂરંદેશી દ્રષ્ટિકોણ અને રમતગમત સચિવ ડૉ. અરુણ ટી. પટેલના માર્ગદર્શન હેઠળ પ્રદેશમાં રમત-ગમતને નવી ઊંચાઈ સુધી લઈ જવાના ઉદ્દેશ્ય સાથે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમના નેતૃત્વ હેઠળ, પ્રદેશમાં વિવિધ રમતોમાં સતત નવીન અને પ્રેરણાદાયી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેની કડીમાં આજે ખેલો ઈન્ડિયા સ્ટેટ સેન્ટર ઓફ એક્સેલન્સ, સેલવાસના અબ્દુલ કલામ કોલેજ ડોકમરડી ખાતે કેન્દ્ર શાસિત પ્રદેશ દાનહ અને દમણ-દીવ પ્રશાસનના રમત-ગમત અને યુવા બાબતો વિભાગે સેલવાસમાં ‘માસ્ટર ક્લાસ વીથ ચેસ ગ્રાન્ડ માસ્ટર’ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

આ વિશેષ સત્રમાં, ગુજરાતના પ્રથમ ચેસ ગ્રાન્ડમાસ્ટર, શ્રી તેજસ બાકરે, સહભાગીઓને મહત્વપૂર્ણ ચેસ ટેક્નીકો (યુક્તિ) ઓ શીખવી અને તેમની સાથે મૈત્રીપૂર્ણ મેચ પણ રમી હતી. તેમણે ઓપનિંગ સ્ટ્રેટેજી, મિડલગેમ પ્લાનિંગ, એન્ડગેમ ટેકનિક અને માનસિક એકાગ્રતા પર નિષ્ણાત માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું અને પોતાના આંતરરાષ્ટ્રીય અનુભવો શેર કર્યા હતા.

- (વધુ પાના નં.૨ પર)




## સુવિચાર - સદ્‌વિચાર

સફળતા માટે પોતાના પર વિશ્વાસ રાખો.

## કવિતા-ભજન-પદ-ગરબા

### વૃક્ષને ય વાચા તો ફુટશે!

વૃક્ષને ય વાચા તો ફુટશે! સાપ અને નોળિયાની જેમ
ભલે અમે સામાન્ય ઘટના રહ્યા.
અમે જાણીએ છીએ થોર પર તીતીઘોડા ને
ખાઈ જતા કાચીંડા ડરાવી નહિં શકે કો' 'દિ
પણ, હા-
દુર્ગમ દીવાલો પર બેઠેલું કોગડાઓનું ટોળું
કા, કા, કકળાટ કરી થોડા વધુ દિ' લઈ જશે, કદાચ...!
પણ, તેથી કાંઈ પૃથ્વીનું પરિભ્રમણ અટકી જવાનું નથી
ભેખડ સાથે તૂટી પડતા વૃક્ષની જેમ
ભલે અમે સામાન્ય ઘટના રહ્યા.
પથ્થરમાં ય પીંપળો તો ફૂટશે!

**- ચતુર પટેલ**

## આજની જોક

આપણા દેશમાં છુટાછેડાનું પ્રમાણ પહેલા કરતા લગભગ અડધું થઈ ગયું. કારણ??
પતિ-પત્ની વોટ્સએપમાંથી નવરા પડે તો બાઝે ને...

## કબીર વાણી

**ફિર તરવરબી યું કહે, સુનો પાત એક બાત;**
**સઈયાં ઐસી સરજીયાં, એક આવત એક જાત.**

**- અર્થાત-**

ત્યારે ઝાડ જવાબ આપે છે કે ઓ પાતરાં, તું મારી એક વાત સાંભળ; ઈશ્વરે એવું સરજ્યું છે કે એક આવે ને એક જાય.

## આજનો દિન વિશેષ

### કૃષ્ણકાંત

કૃષ્ણકાંત (૨૮ ફેબ્રુઆરી ૧૯૨૭ - ૨૭ જુલાઈ ૨૦૦૨) એક ભારતીય રાજકારણી હતા જેમણે ૧૯૯૭ થી ૨૦૦૨ માં તેમના મૃત્યુ સુધી ભારતના દસમા ઉપરાષ્ટ્રપતિ તરીકે સેવા આપી હતી. તેમના ઉપરાષ્ટ્રપતિ પહેલા, કાંત ૧૯૯૦ થી ૧૯૯૭ સુધી આંધ્ર પ્રદેશના રાજ્યપાલ હતા. તેઓ ભારતીય સંસદના બંને ગૃહોના સભ્ય હતા, ૧૯૭૭ થી ૧૯૮૦ સુધી લોકસભામાં ચંદીગઢ અને ૧૯૬૬ થી ૧૯૭૭ સુધી રાજ્યસભામાં હરિયાણાનું પ્રતિનિધિત્વ કરતા હતા.



કાંતનો જન્મ બ્રિટિશ ભારતમાં પંજાબમાં સ્વતંત્રતા ચળવળ કરનારા માતાપિતાને ત્યાં થયો હતો અને ભારત છોડો ચળવળ દરમિયાન તેમની લાહોરમાં ધરપકડ કરવામાં આવી હતી. સ્વતંત્રતા પછી, તેમણે કેમિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો અને રાજકારણ તરફ વળતા પહેલા, વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ, નવી દિલ્હીમાં થોડા સમય માટે વૈજ્ઞાનિક તરીકે કામ કર્યું.

કાંત શરૂઆતમાં કોંગ્રેસ સાથે જોડાયેલા હતા, પરંતુ બાદમાં જનતા પાર્ટી અને જનતા દળમાં જોડાયા હતા. ૨૦૦૨ની પ્રમુખપદની ચૂંટણી માટે તેમને ઉમેદવાર તરીકે ગણવામાં આવ્યા હતા, જેમ કે વાઈસ પ્રેસિડેન્ટ માટે નિયમિત હતી. જોકે, સરકાર અને વિપક્ષે ઉમેદવાર તરીકે એ.પી.જે. અબ્દુલ કલામને ટેકો આપ્યો હતો. કાંતના મૃત્યુના બે દિવસ પહેલા કલામે રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા હતા. પદ પર અવસાન પામનાર તેઓ એકમાત્ર ભારતીય ઉપરાષ્ટ્રપતિ છે.

## બાળવાર્તા : રસ્તા વચ્ચે પથ્થર



એક રાજાએ પ્રજાની પરીક્ષા લેવા રસ્તા વચ્ચે મોટો પથ્થર મૂક્યો. ઘણા લોકો (ખેડૂત, ઘોડાગાડીવાળો) પથ્થરને કોસીને ચાલ્યા ગયા, પણ હટાવ્યો નહીં. અંતે, એક વિદ્યાર્થીએ મહેનત કરીને પથ્થર ખસેડ્યો, તો નીચેથી સોનામહોર ભરેલી થેલી અને ઈનામની ચિઠ્ઠી મળી.

એક સમયની વાત છે, એક રાજાએ વિચાર્યુ કે હું જોઉ કે મારી પ્રજા કેટલી જવાબદાર છે. તેમણે મુખ્ય રસ્તાની વચ્ચોવચ એક મોટો પત્થર મૂકી દીધો અને પોતે ઝાડ પાછળ સંતાઈ ગયા.ખેડૂત થોડીવારમાં એક ખેડૂત બળદ લઈને આવ્યો. તેણે પત્થર જોયો પણ તેને ખસેડ્યા વગર આજુબાજુમાંથી નીકળી ગયો. તે બબડ્યો આ રાજા કેવો છે! રસ્તા પર પત્થર પણ નથી હટાવતા.ઘોડાગાડીવાળો પછી એક ઘોડાગાડીવાળો આવ્યો. તેનું પૈડું પત્થર સાથે અથડાયું, મુસાફરો ચીસ પાડી ઉઠ્યા. તે પણ રાજાને ગાળો ભાંડતો આગળ વધી ગયો, પણ પત્થર ન હટાવ્યો.દૂધવાળી છેલ્લે, માથે દૂધની ગાગર લઈને એક દુધવાળી આવી. તેનું ધ્યાન દૂધ પર હોવાથી તે પત્થર સાથે અથડાઈ અને દૂધ ઢોળાઈ ગયું. તે ગાળો બબડતી ચાલી ગઈ.

**વિદ્યાર્થીની સમજદારી** : થોડીવાર પછી એક વિદ્યાર્થી શાળાએ જવા નીકળ્યો. તેણે રસ્તા પર પત્થર અને ઢોળાયેલું દૂધ જોયું તેણે વિચાર્યું, 'આ પત્થર કોકને નડશે.' તેણે દફતર બાજુમાં મૂકી, પૂરી તાકાત લગાવીને તે મોટો પત્થર રસ્તાની બાજુમાં ખસેડી દીધો.ઈનામ : જેવો તેણે પત્થર ખસેડ્યો, તેની નીચે તેને એક ચિઠ્ઠી અને સોનામહોર ભરેલી થેલી મળી. ચિઠ્ઠીમાં લખ્યું હતું, 'પત્થર ખસેડવાનું ઈનામ.' દૂર ઉભેલા રાજા ત્યાં આવ્યા અને વિદ્યાર્થીની જવાબદારીના વખાણ કર્યા.

**બોધ:**મહેનત અને જવાબદારીનું ફળ હંમેશા મીઠું હોય છે. મુશ્કેલીઓની ફરિયાદ કરવા કરતાં તેને દૂર કરવી વધુ હિતાવહ છે.

## GreenX Talks 2026

# અદાણી ગ્રૂપે અસાધારણ પ્રતિભાઓને 'એબિલિટી એવોર્ડસ' થી નવાજ્યા







■ જીત અદાણીએ જણાવ્યું હતું કે, અદાણી ગ્રુપ માટે પ્રગતિની પરિભાષા માત્ર આંકડાકીય કદ પૂરતી સીમિત નથી, પરંતુ સર્વસમાવેશી અને છેવાડાના માનવીના ઉત્થાનમાં રહેલી છે ■ દીવા અદાણીએ GreenX ને માનવીય ઉત્કૃષ્ટતા અને ગરિમાના ઉત્સવ તરીકે ઓળખાવ્યો

■ પ્રખ્યાત ક્લાસિકલ ડાન્સર અને અભિનેત્રી સુધા ચંદ્રન તથા બોલન્ટ ઈન્ડસ્ટ્રીઝના સ્થાપક શ્રીકાંત બોલ્લાએ મંચ ઉપરથી પ્રરણાત્મક વિચારો રજૂ કર્યા ■ અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ વિવિધ ક્ષેત્રોમાં અસાધારણ સિદ્ધિ મેળવનાર પ્રતિભાઓને 'અદાણી એબિલિટી એવોર્ડસ' એનાયત કર્યા





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**અમદાવાદ, તા.૨૭**

અમદાવાદ સ્થિત અદાણી કોર્પોરેટ હાઉસ (ACH) ખાતે 'GreenX Talks'ની પાંચમી આવૃત્તિનું સફળ આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં અદાણી ગ્રુપના એ સિદ્ધાંતને ફરી મજબૂત કરવામાં આવ્યો કે વિકાસ માત્ર આંકડાઓથી નહીં, પણ સમાજના દરેક વર્ગના સમાવેશથી માપવામાં આવે છે.

આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરતા અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડ (AAHL)ના ડાયરેક્ટર શ્રી જીત અદાણીએ જણાવ્યું કે, 'Green એટલે જે શાશ્વત છે અને X એટલે માનવીય ભાવનાઓની અસાધારણ શક્તિ' તેમણે ઉમેર્યુ કે, ' સત્તા હંગામી છે, પણ ચરિત્ર કાયમી છે,' અને દરેક વ્યક્તિ પોતાના ભાગ્યનો વિધાતા પોતે જ છે.

શ્રીમતી દીવા અદાણીએ આ વિચારધારાને સમર્થન આપતા ગૌરવપૂર્વક જણાવ્યું કે, GreenX એ કોઈ પ્રત્યેની સહાનુભૂતિ વ્યક્ત કરવાનું માધ્યમ નથી, પરંતુ એ તો માનવીય સામર્થ્યના સન્માનનો મહોત્સવ છે. અહીં પ્રતિભાને તેની શારીરિક મર્યાદાઓના આધારે નહીં, પરંતુ તેની અસાધારણ યોગ્યતા અને મેરિટના આધારે આંકવામાં આવે છે.' સંસ્થાકીય સમાવેશની ભાવના સાથે, કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે સુશ્રી એસ.વી.વિદ્યાવતી ઉપસ્થિત રહ્યા હતા. તેઓ ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયના દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગના સચિવ છે. તેમની ઉપસ્થિતિ દર્શાવે છે કે દેશભરમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે અધિકાર-આધારિત માળખાને મજબૂત કરવા, સુવિધાઓ વધારવા અને આજીવિકા, કૌશલ્ય વિકાસ તેમજ સામાજિક સુરક્ષાના માર્ગો બનાવવા માટે ભારત સરકાર સતત પ્રતિબદ્ધ છે. વિખ્યાત નૃત્યાંગના સુધા ચંદ્રને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરતા કહ્યું કે, 'જ્યારે જીવન તમને પડકાર આપે ત્યારે મર્યાદાઓ સામે નહીં, પણ મક્કમ ઈરાદાઓ સાથે લડવું જોઈએ. 'બીજી તરફ, બોલન્ટ ઈન્ડસ્ટ્રીઝ'ના સ્થાપક શ્રીકાંત બોલ્લાએ પોતાની વેધક શૈલીમાં કહ્યું , 'જો તમે અશક્ય સપના નથી જોતા, તો તમે ઈતિહાસ રચી શકતા નથી. હું ગઈકાલની નબળાઈ નથી, હું આવતીકાલનું સામર્થ્ય છું. આ ભવ્ય સમારોહમાં અદાણી ગ્રુપના ચેરમેન શ્રી ગૌતમ અદાણીએ દેશના એવા રત્નોને 'અદાણી એબિલિટી એવોર્ડસ'થી નવાજ્યા જેમણે પોતાની શારીરિક મર્યાદાઓને શક્તિમાં ફેરવી છે. એવોર્ડ વિજેતાઓમાં પેરા-સ્પોર્ટ્સ લીડર અજય કુમાર રેડ્ડી, આઈએએસ આયુષી ડાબાસ, લેફ્ટનન્ટ કર્નલ શ્રી સી.દ્વારકેશ, સામાજિક કાર્યકર માલવિકા અય્યર, કલાકાર શીલા શર્મા, ઉદ્યોગ સાહસિક શ્રીકાંત બોલ્લા, સુધા ચંદ્રન, અલીના આલમ (મિટ્ટી કાફે) અને મીરા શેનોય (Youth4Jobs)નો સમાવેશ થાય છે. ભારતીય બ્લાઈન્ડ મહિલા ક્રિકેટ ટીમનું સન્માન એ સૌથી યાદગાર ક્ષણ બની રહી.

પાંચમી આવૃતિ સુધી પહોંચતા GreenX Talks હવે માત્ર એક કાર્યક્રમ નથી, પણ એક વિચારધારા બની ગઈ છે.

### હોળી-ધૂળેટી પર્વ પર શ્રમિકોનો મહેરામણ ઉમટ્યો

# ઉધના રેલવે સ્ટેશન પર વતન જવા માટે મુસાફરોનો ભારે ધસારો

**સુરતના ઉધના રેલવે સ્ટેશન પર મુસાફરોની ભારે ભીડ જોવા મળી રહી છે, જેને પગલે રેલ્વે પ્રશાસન અને પોલીસ દ્વારા ખાસ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે**



**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત,તા.૨૭**

સુરતના ટેક્સટાઈલ અને ડાયમંડ ઉદ્યોગમાં કામ કરતા પરપ્રાંતિય શ્રમિકો વતન જવા માટે રવાના થઈ રહ્યા છે. સુરતના ઉધના રેલ્વે સ્ટેશન પર મુસાફરોની ભારે ભીડ જોવા મળી રહી છે.

રંગોના પર્વ હોળી અને ધૂળેટીને હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે સુરતના ટેક્સટાઈલ અને ડાયમંડ ઉદ્યોગમાં કામ કરતા પરપ્રાંતિય શ્રમિકો વતન જવા માટે રવાના થઈ રહ્યા છે. સુરતના ઉધના રેલ્વે સ્ટેશન પર મુસાફરોની ભારે ભીડ જોવા મળી રહી છે, જેને પગલે રેલ્વે પ્રશાસન અને પોલીસ દ્વારા ખાસ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

સુરતના ડાઈંગ-પ્રિન્ટિંગ અને લુમ્સના કારખાનાઓમાં કામ કરતા લાખો શ્રમિકો ઉત્તર પ્રદેશ અને બિહારના વતની છે. હોળીનો તહેવાર તેમના માટે અત્યંત મહત્વનો હોવાથી, મોટી સંખ્યામાં કામદારો રજાઓ લઈને વતન જઈ રહ્યા છે.

ઉધના અને સુરત સ્ટેશન પર સ્થિતિ એવી છે કે પ્લેટફોર્મ પર પગ મૂકવાની પણ જગ્યા નથી.

મુસાફરોની ભારે ભીડને કારણે કોઈ અપ્રિય ઘટના ન બને તે માટે રેલ્વે પોલીસ અને RPFનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ભીડને નિયંત્રિત કરવા માટે સ્ટેશન પર ખાસ બેરિકેટિંગ કરવામાં આવ્યું છે અને મુસાફરોને લાઈનબદ્ધ રીતે ટ્રેનમાં ચઢાવવામાં આવી રહ્યા છે.

રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે અનેક 'હોળી સ્પેશિયલ' ટ્રેનો દોડાવવામાં આવી રહી છે, તેમ છતાં મુસાફરોનો પ્રવાહ એટલો મોટો છે કે કન્ફર્મ ટિકિટ મળવી મુશ્કેલ બની રહી છે. અનેક મુસાફરો જનરલ કોચમાં પણ ભારે જહેમત બાદ વતન જવા નીકળી રહ્યા છે.

## પોલીસ કમિશનરનું જાહેરનામુ

# હોળી-ધૂળેટી પર્વે રાહદારીઓ કે વાહનો ઉપર રંગ નાંખવા પર પ્રતિબંધ મુકાયો

**અમદાવાદ પોલીસ કમિશનરેટ વિસ્તારમાં કેટલાક આદેશોનું પાલન કરવા નાગરિકોને સૂચના અપાઈ છે**

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ,તા.૨૭**

આગામી હોળી ધૂળેટીના પર્વે પોલીસ કમિશનરે જાહેરનામુ પ્રસિદ્ધ કર્યું છે જે મુજબ અમદાવાદ પોલીસ કમિશનરેટ વિસ્તારમાં કેટલાક આદેશોનું પાલન કરવા નાગરિકોને સૂચના અપાઈ છે.

આગામી ૩ માર્ચે હોળી અને ૪ માર્ચે ધૂળેટીનો તહેવાર આવી રહ્યો છે. સામાન્ય રીતે હોળી - ધૂળેટી તહેવારની ઉજવણી માટે લોકો સોસાયટીઓ, શેરી નાકા, જાહેર સ્થળો પર અને ખુલ્લા મેદાનો અને રસ્તાઓ પર મોટી સંખ્યામાં એકત્ર થતાં હોય છે. ઉજવણી દરમિયાન જાહેર જગ્યાઓએ આવતા જતા રાહદારીઓ તથા વાહોનમાં આવતા જતા લોકો પાસેથી કેટલાક શખ્સ દ્વારા હોળી ધૂળેટીના પૈસા ઉઘરાવવા તથા તેમની પર રંગ કે રંગ મિશ્રિત પાણી અને સિન્થેટિક રંગો ઉપરાંત કાદવ કિચડ અથવા તૈલી વસ્તુઓ ફેંકવાની શક્યતા છે જેથી જાહેર જનતાને જોખમ ઉભુ થાય છે અને સુલેહ શાંતિનો પણ ભંગ થઈ શકે તેવી શક્યતાઓ હોય છે.આથી પોલીસ કમિશનર જી.એસ.મલિકે જાહેરનામુ પ્રસિદ્ધ કરીને હુકમ કર્યો છે કે કોઈ વ્યક્તિઓ કે શખ્સોએ જાહેર જગ્યાઓએ આવતા જતા રાહદારીઓ ઉપર કે વાહનો અથવા મિલકતો કે મકાનો પર કાદવ, કિચડ , રંગ કે સિન્થેટિક રંગ અથવા રંગ મિશ્રિત પાણી અથવા તૈલી પદાર્થ કે આવી કોઈ બીજી વસ્તુઓ નાંખવી નહી અને જાહેર રસ્તા પર આવતા જતા રાહદારીઓ અથવા વાહનોને રોકવા નહી.

**(પહેલાં પાનાનું ચાલુ)**
**સેલવાસમાં 'માસ્ટર ક્લાસ...**

વિભાગના અધિકારી શ્રી અક્ષય કોટલવારે તમામ મહેમાનો અને સહભાગીઓનું ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતું. વિભાગના ડિરેક્ટર શ્રી અરુણ ગુપ્તા અને વિવિધ ચેસ ક્લબોએ ગ્રાન્ડમાસ્ટર શ્રી તેજસ બકરેનું સ્મૃતિચિહ્ન, શાલ અને ભેટ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે, વિભાગના ચેસ કોચ શ્રી વિક્રમ મિશ્રાના યોગદાનનો ઉલ્લેખ કરતા તેમનું સન્માન કરવામાં આવ્યું હતુ કે જેમણે પ્રદેશમાં ચેસના વિકાસમાં યોગદાન અને મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી. ઉપરાંત સેન્ટર ઈન્ચાર્જ શ્રી પલબ દાસગુપ્તા હાજર રહ્યા હતા. વિભાગના અધિકારીઓ શ્રી દેવરાજ સિંહ રાઠોડ તથા શ્રી મહેશભાઈ પટેલ અને શ્રી સાગર રાવે કાર્યક્રમને સફળ બનાવવામાં નોંધપાત્ર સહયોગ આપ્યો હતો. આ કાર્યક્રમ પ્રદેશમાં ચેસના વિકાસ અને યુવાનોને રમતગમત તરફ પ્રેરણા આપવા માટે એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

**(પહેલાં પાનાનું ચાલુ)**
**આદિવાસી સમુદાયની મહિલા...**

સંસ્કૃતિ અને પારંપારિક કૌશલ્યને વૈશ્વિક મંચ પર પ્રદર્શિત કરવાનો એક મહત્ત્વનો અવસર પણ પ્રાપ્ત થયો હતો. આ અવસરે ડે-એનઆરએલ અંતર્ગત ગઠિત મહિલા સ્વયં સહાયતા સમૂહ ગ્રામીણ અને આદિવાસી મહિલાઓનો આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવાની સાથે સાથે તેઓની પારંપારિક કલા અને સંસ્કૃતિના સંરક્ષમાં પણ મહત્ત્વની ભૂમિકા નિભાવી રહ્યા છે. એસએચજી સભ્યોની સક્રિય ભાગીદારીએ એ પણ સિદ્ધ કર્યું કે સ્થાનિક સ્તર પર વિકસિત કૌશલ્ય અને રચનાત્મકતાને યોગ્ય મંચ પ્રદાન કરવામાં આવતા આંતરરાષ્ટ્રીય સ્તર પર પણ ઓળખ આપી શકાય છે. કાર્યક્રમમાં ઉપસ્થિત અતિથિઓ, વિશેષજ્ઞો અને સહભાગીઓએ આદિવાસી મહિલાઓની સર્જનશીલતા, નવાચાર અને સાંસ્કૃતિક અભિવ્યક્તિની સરાહના કરતા મહિલા સશક્તિકરણનું ઉત્કૃષ્ટ ઉદાહરણ ગણાવ્યું હતું. આ પહેલ મહિલાઓની સામાજિક અને આર્થિક ઉન્નતિની સાથે સાથે સ્થાનિક કલા અને સંસ્કૃતિના સંવર્ધનની દિશામાં એક મહત્ત્વનું પગલું સાબિત થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મહિલા શક્તિકરણ, કૌલ્ય વિકાસ અને સાંસ્કૃતિક સંરક્ષણને પ્રોત્સાહન આપવા માટે જિલ્લા પંચાયત દાદરા નગર હવેલી દ્વારા નિરંતર વિવિધ પ્રશિક્ષ, પ્રદર્શનીઓ અને માર્કેટિંગ અવસરોનું આયોજન કરવામાં આવે છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**
**ભારતની વિકસિત રાષ્ટ્ર...**

ભારતમાં પ્રિવેન્ટિવ મેડિસિનની અવધારણાં પ્રાચીન કાળથી વિકસિત રહી છે. ''Prevention is Better than Cure'' સિંધુ ઘાટી સભ્યતાની ઉન્નત સ્વચ્છતા અને શહેરી નિયોજન પ્રણાલીઓ જાહેર આરોગ્યના મહત્ત્વને દર્શાવે છે. ઉપનિષદોનું ''સર્વે સંતુ નિરામયાઃ'' સાર્વભૌમિક આરોગ્યની ભાવના પ્રગટ કરે છે, જ્યારે અથર્વવેદમાં રોગ, ઔષધિ અને સ્વચ્છતાના ઉલ્લેખ મળે છે. ભારતમાં નિવારક આરોગ્ય એક સમૃદ્ધ સભ્યતાગત પરંપરાનો હિસ્સો રહ્યો છે.

આ સંમેલન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ''વિકસિત ભારત@૨૦૪૭''ના વિઝનથી પ્રેરિત છે. તેમના દૂરદર્શી નેતૃત્વ અને સ્વસ્થ ભારતની પરિકલ્પનાને સાકાર કરવાની દિશામાં આ સંમેલન એક મહત્ત્વપૂર્ણ પહેલ છે. તેમજ પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના માર્ગદર્શન અથાક પ્રયાસોને કારણે સંઘપ્રદેશમાં આરોગ્ય, શિક્ષણ અને તબીબી અવસંરચનાના ક્ષેત્રમાં સતત પ્રગતિ થઈ રહી છે. જેના પરિણામસ્વરૂપ આ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય સંમેલનનું આયોજન શક્ય બન્યું છે.

આ સંમેલનની થીમ છે.: ''Transforming Policy to Practice for a Healthier India - The Way to Viskit Bharat@ 2047''

સંમેલનનો મુખ્ય ઉદ્દેશ વર્ષ ૨૦૪૭ સુધી ''વિકસિત ભારત''ના લક્ષ્યને પ્રાપ્ત કરવાની દિશામાં ભારતમાં સમગ્ર આરોગ્ય સેવાઓના સુદૃઢીકરણ માટે નીતિગત પરિવર્તનો માટે એક અસરકારક ઘોષણા-પત્ર(Declaration) તૈયાર કરવાનો છે. આ મંચ નીતિ-નિર્માતાઓ, જાહેર આરોગ્ય વિશેષજ્ઞો, આરોગ્ય સેવા નેતૃત્વકર્તાઓ, શિક્ષણવિદ્દો અને સંશોધકોને એકસાથે લાવીને જ્ઞાન-વિનિમય, સહયોગ, નવીનતા અને ઠોસ નીતિગત સુધારાઓને પ્રોત્સાહન આપશે.

આ સંમેલનમાં ૧૫૦૦થી વધુ પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે. જેમાં ૧૫ વિદેશી પ્રતિનિધિઓ પણ સામેલ છે.

આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિ મંડળોમાં યુનિવર્સિટી ઓફ સિડની (એપિડેમિયોલોજી અને વન હેલ્થ), ગ્લોબલ હેલ્થ એકેડેમી (યુએસએ), યુનિવર્સિટી ઓફ એબરડીન (યુકે) સહિત વર્લ્ડ બેન્ક (દક્ષિણ-પૂર્વ એશિયા મુખ્ય), બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ, ફાઉન્ડેશન, યુનિસેફ, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન(WHO), JHPIEGO અને અન્ય વૈશ્વિક આરોગ્ય એજન્સીઓના પ્રતિનીધઓ સામેલ થયા. રાષ્ટ્રીય સ્તરે મહાનિર્દેશક આરોગ્ય સેવાઓ (DGHS), રાષ્ટ્રીય રોગ નિયંત્રણ કેન્દ્ર (NCDC), NOTTO, NHSRC તથા અન્ય પ્રનિષ્ઠિત રાષ્ટ્રીય સંસ્થાઓ અને બિન-સરકારી સંગઠનોના પ્રતિનિધિઓ ભાગ લેવા પહોંચ્યા છે.

સંમેલનમાં ૩૮૦ મૌખિક સંશોધન પ્રસ્તુતિઓ અને ૨૦૦ ઈ-પોસ્ટ પ્રસ્તુતિઓ આયોજીત કરવામાં આવી રહી છે. તેમજ વિવિધ સ્મારક વ્યાખ્યાનો, પેનલ ચર્ચાઓ અને નીતિગત વિશર્મ સત્રો પણ સામેલ છે. સંમેલનનું પ્રસારણ ડિજિટલ પ્લેટફોર્મ પર પણ કરવામાં આવી રહ્યું છે.

આ સંમેલન સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવ માટે અત્યંત ગર્વનું અને ઐતિહાસિક ક્ષણ સાબિત થશે. પહેલી વાર આટલા મોટા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના જાહેર આરોગ્ય સંમેલનનું આયોજન આ પ્રદેશમાં થઈ રહ્યું છે, જે તેને રાષ્ટ્રીય અને વૈશ્વિક આરોગ્ય નકશા પર સશક્ત ઓળખ પ્રદાન કરશે. આ સંમેલન નિવારક, ઉપચારાત્મક અને સામાજિક આરોગ્ય સેવાઓના ક્ષેત્રમાં નીતિમાંથી વ્યવહાર (Policy to Prac- tice) સુધી અસરકારક સેતુ સ્થાપિત કરીને ''વિકસિત ભારત @૨૦૪૭''ની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું સાબિત થશે. IAPSMCON 2026માં થનારી ચર્ચાઓ તે ભવિષ્યને આકાર આપી શકે છે, જે Policy into Practiceમાં અને Vision into Measurable Resultsમાં બદલાશે.

# આહવામાં આદિવાસી સંસ્કૃતિનો ગૌરવશાળી ઉત્સવ ડાંગ દરબાર પૂર્વ રાજાઓના સન્માન સાથે ભવ્ય પ્રારંભ





**ઢોલ ત્રાસાનો નાદ રંગોથી છલકાતી વેશભુષા, પરંપરાગત નૃત્ય સાથે લોકમેળાની મહેકતી ખુશ્બુનો પથરાયેલો નજારો**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૭**

આઝાદી પૂર્વથી ડાંગ દરબારમાં મેળો ડાંગના આહવા મુખ્ય મથકે પ્રારંભ થઈ ગયો છે. આદિવાસી સંસ્કૃતિનો ગૌરવશાળી ઉત્સવ ડાંગ દરબારના અનેક આકર્ષણો વર્ષોથી પરંપરાગત રીતે જળવાતા રહ્યા છે. ડાંગ દરબારના લોકમેળો સપ્તાહ સુધી ચાલે છે. દુર દુરના આદિવાસીઓ હજારોની સંખ્યામાં ઉમટી પડે છે.

સન ૧૯૪૨ સુધી ડાંગ વિસ્તારમાં ભીલ રાજાઓઓ રાજ કરતા હતા પરંતુ બ્રિટિશ ઈન્ડીયા કંપનીએ રાજવી શાસન બરખાસ્ત કર્યુ હતું અને રાજાઓને શાલીયાણુ શરૂ કરાયું હતું. જેની પરંપરા અને દબદબો આજસુધી જળવાતો રહ્યો છે. ડાંગ દરબારમાં હયાત પૂર્વ રાજાઓની ભવ્ય શોભા યાત્રા સાથે તેમનું સન્માન કરવામાં આવે છે. સન્માન બાદ વિધીવત ડાંગ દરબાર લોકમેળાનો પ્રારંભ થાય છે. ઢોલ, ત્રાસા, આદિવાસી સંગીત વાદ્યોના નાદ સાથે અવનવી રંગીન વેશભુષા ધારણ કરી હજારોની સંખ્યામાં આદિવાસીઓ લોકેમેળામાં ઉમટી પડે છે. પહેલા લોકમેળો અલગ અલગ સ્થળોએ ભરાતો હતો પરંતુ ૧૯૫૪થી ડાંગદરબાર લોકમેળો આહવા ખાતે યોજાય છે.

હાલમાં દબદબાપૂર્વક મેળાનો પ્રારંભ થઈ ગયો છે પરંપરાગત આદિવાસી નૃત્યો લોકમેળાી મહેકતી ખુશ્બુ ઠેર ઠેર પથરાયેલી જોવા મળે છે. ડાંગ દરબારનો લોકમેળો આકર્ષણનું કેન્દ્ર રહ્યો છે. દુર દુરથી અન્ય વિસ્તારોમાંથી પણ આ મેળો જોવા લોકો ખાસ મુલાકાત લેતા રહે છે.

## સ્વદેશી મેળો સર્જનથી સમૃદ્ધિ સુધી

# ગણદેવી નગરપાલિકાનો સ્વદેશી મેળાનો પ્રયાસ- સ્થાનિક ગૃહ ઉદ્યોગકારોને બજાર સાથે જોડતો સેતુ

**'સરકાર દ્વારા સ્વદેશી મેળાઓનું આયોજન નાના ઉદ્યોગકારોને પ્રોત્સાહન આપે છે' - તેજલબેન પટેલ**

**ગણદેવીના તેજલબેન પટેલની ૨૦ વર્ષથી વધુ સમયથી સ્વાદ અને ગુણવત્તાની સાથે ગૃહ ઉદ્યોગમાં અડગ સફર**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૨૭**

નવસારી જિલ્લાનાં ગણદેવી નગરપાલિકાના કાછાયવાડ વિસ્તારમાં રહેતી તેજલબેન પટેલ આજે આત્મનિર્ભર મહિલાશક્તિનું પ્રેરણાદાયી ઉદાહરણ બની છે. ઘરઆંગણે પાપડ, ચકરી, સાબુદાણા,ભાકરવડી અને ગાઠીયા જેવી પરંપરાગત ફરસાણની વસ્તુઓ બનાવી તેમણે ગૃહ ઉદ્યોગ થકી પોતાનું આગવું સ્થાન બનાવ્યું છે.

લગભગ બે દાયકાથી વધુ સમય પહેલા તેજલબેને ઘરેથી નાના પાયે પાપડ બનાવવાની શરૂઆત કરી હતી. શરૂઆતમાં પાડોશ અને ઓળખીતાઓ પાસેથી નાના ઓર્ડર મળતા હતા. પરંતુ તેમની મહેનત, શુદ્ધતા અને સ્વાદના કારણે ધીમે ધીમે માંગ વધી. ચકરી અને ગાઠીયા જેવી નાસ્તાની વસ્તુઓ ઉમેરતાં તેમના ઉત્પાદનોને વધુ લોકપ્રિયતા મળી.

આ બાબતે તેજલબેન પટેલ કહે છે કે, ગૃહ ઉદ્યોગ ચલાવવો સરળ નથી. ઘરકામ સાથે વ્યવસાયનું સંચાલન કરવું પડકારજનક હોય છે. છતાં, સમયનું સંચાલન અને ગ્રાહકો પ્રત્યેની પ્રતિબદ્ધતા તેમને આગળ ધપાવતી રહી. ગુણવત્તામાં ક્યારેય સમાધાન નહી કરવાની તેમની નીતિએ જ તેમને સ્થાનિક સ્તરે મજબૂત ઓળખ અપાવી.

સ્થાનિક બજારમાં મળતા સતત ઓર્ડર અને ગ્રાહકોનો વિશ્વાસ તેમની સફળતાની સાબિતી છે. વર્ષો સુધી બનાવેલા વિશ્વાસના આધાર પર આજે તેઓ નિયમિત ગ્રાહકવર્ગ ધરાવે છે. આર્થિક રીતે પરિવારને સહાયરૂપ થવા સાથે તેમણે પોતાનું આત્મસન્માન અને આત્મવિશ્વાસ પણ વધાર્યો છે.

હાલમાં ગણદેવી નગરપાલિકા દ્વારા આયોજિત સ્વદેશી મેળામાં તેજલબેને પોતાનો સ્ટોલ મૂક્યો છે. આ મેળામાં તેમના ઉત્પાદનોને વિશાળ જનસમૂહ સમક્ષ રજૂ કરવાનો અવસર મળ્યો છે. નવા ગ્રાહકો સુધી પહોંચવાની સાથે વેચાણમાં પણ વધારો થયો છે, જેને લઈને તેઓ ખૂબ જ ઉત્સાહિત છે.

તેમણે જણાવ્યું કે 'મારા જેવા ઘરમાં ગૃહ ઉદ્યોગ શરૂ કરનારને આટલું મોટું વેચાણનું પ્લેટફોર્મ મળવું ગૌરવની બાબત છે. સરકારશ્રી દ્વારા સ્વદેશી મેળાઓનું આયોજન નાના ઉદ્યોગકારોને પ્રોત્સાહન આપે છે.' તેમણે સરકારશ્રીનો આભાર વ્યક્ત કરતાં કહ્યું કે, આવા પ્રયાસોથી મહિલાઓમાં આત્મનિર્ભર બનવાની ભાવના મજબૂત બને છે.

તેજલબેન માત્ર પોતાની સફળતાથી ખુશ નથી, પરંતુ અન્ય મહિલાઓને પણ પ્રેરણા આપવા આતુર છે. તેઓ માને છે કે, ઘરમાં રહેલી મહિલાઓ પાસે અદભુત કૌશલ્ય હોય છે, જેને યોગ્ય માર્ગદર્શન અને પ્લેટફોર્મ મળે તો તેઓ પણ સફળ બની શકે. તેમણે લોકોને સ્વદેશી મેળાનો લાભ લેવા અને સ્થાનિક ઉત્પાદનોને પ્રાથમિકતા આપવાની અપીલ કરી છે, જેથી અનેક મહિલાઓને રોજગાર અને આત્મનિર્ભરતાની દિશામાં આગળ વધવા તક મળે.

તેજલબેન પટેલની આ સફર એ સાબિત કરે છે કે સંકલ્પ, મહેનત અને સતત પ્રયત્નોથી ઘરઆંગણે શરૂ થયેલો નાનો વ્યવસાય પણ મોટી સફળતા મેળવી શકે છે. તેમની કહાની આત્મનિર્ભર ભારતના સંકલ્પને મજબૂતી આપતી અને સમાજમાં મહિલાશક્તિના ઉદયનું પ્રતિબિંબ બની રહી છે.

તાજેતરમાં ગણદેવી નગરપાલિકા દ્વારા આયોજિત ૨૬ ફેબ્રુઆરીથી ૦૩ માર્ચ સુધી આયોજિત સ્વદેશી મેળો નાના અને ઘરઆંગણે ઉદ્યોગ ચલાવતા ઉદ્યોગકારો માટે આશીર્વાદ સમાન સાબિત થયો છે. આ મેળાનો મુખ્ય ઉદ્દેશ સ્થાનિક કારીગરો, મહિલા ગૃહ ઉદ્યોગકારો અને સ્વરોજગાર સાથે જોડાયેલા પરિવારોને સીધા ગ્રાહકો સાથે જોડવાનો રહ્યો છે.

# વલસાડ જિલ્લામાં ૧૪ વર્ષની ૧૫ હજારથી વધુ દીકરીઓને સર્વાઈકલ કેન્સર સામે રક્ષણ આપવા આજથી એચપીવી રસીકરણનો પ્રારંભ થશે

**રાજસ્થાનના અજમેરથી વડાપ્રધાન રાષ્ટ્રીય સ્તરે અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અમદાવાદથી રાજ્યવ્યાપી રસીકરણનો પ્રારંભ કરાવશે**

**દીકરીઓ માટે આ રસી જીવનરક્ષક બની શકે છે, તમારી દીકરીને રસી મુકાવી કેન્સરમુક્ત જીવનની ભેટ આપોઃ જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડો.એ.કે.સિંગ**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૭**

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તા.૨૮મી ફેબ્રુઆરીનાં રોજ રાજસ્થાનના અજમેર ખાતે ગર્ભાશયના મુખના કેન્સર વિરોધી HPV (Human Papilloma virus) રસીનો રાષ્ટ્રવ્યાપી શુભારંભ કરવા જઈ રહ્યા છે ત્યારે આ ગુજરાતમાં પણ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા અમદાવાદથી રાજ્યવ્યાપી રસીકરણ અભિયાનનો પ્રારંભ કરાશે. મહિલાઓને સર્વાઈકલ કેન્સર સામે રક્ષણ આપવા માટે ૧૪ વર્ષની દીકરીઓનું રસીકરણ કરવામાં આવશે, ત્યારે વલસાડ જિલ્લા કલેકટરશ્રી ભવ્ય વર્મા અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોતના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં અંદાજિત ૧૫,૬૫૭ કિશોરીઓને એચપીવી વેક્સિન આપવામાં આવશે, જેથી ગર્ભાશયના મુખના કેન્સર સામે મજબૂત સુરક્ષા કવચ ઊભું કરી રોગ સામે રક્ષણ મેળવી શકાશે.

એચપીવી રસીકરણ અભિયાન અને સાવચેતી અંતર્ગત સ્ટ્રેટેજિક એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં લાભાર્થીઓની ઓળખ-૧૪ વર્ષની વય ધરાવતી તમામ કિશોરીઓનો હેડ કાઉન્ટ સર્વે કરી યાદી તૈયાર કરાશે. ટેકો અને સીટીએસ મુજબના અંદાજિત લક્ષ્યાંકની હેડ કાઉન્ટ સાથે વેરિફિકેશન કરાશે. શાળા બહારની કિશોરીઓનું રસીકરણ ૩ મહિના સુધી સંબંધિત કોલ્ડ ચેઈન પોઈન્ટ પર કરાશે. શિક્ષણ વિભાગ સાથે સંકલન કરી નોડલ શિક્ષક દ્વારા પાત્ર કિશોરીઓની યાદી આરોગ્ય વિભાગને આપવામાં આવશે. ખાનગી શાળાઓને પૂર્વ સૂચના આપી અભિયાનમાં જોડાવામાં આવશે. જિલ્લા અને કોર્પોરેશનના આરોગ્ય અધિકારી સાથે સંકલન કરી આયોજન મુજબ કામગીરી થશે.

દરેક શાળામાં ખાસ પેરેન્ટ ટીચર મીટિંગનું આયોજન કરાશે, આરોગ્ય કર્મચારી, નોડલ શિક્ષક દ્વારા રસીકરણ પૂર્વે અને રસી અંગે જાગૃતિ કાર્યક્રમો કરાશે. સર્વાઇકલ કેન્સર અને રસી અંગે પોસ્ટર, બેનર, પેમ્ફલેટ, રેલી અને માઈક પ્રચાર દ્વારા વ્યાપક જનજાગૃતિ, સોશિયલ મીડિયા અને સ્થાનિક મીડિયા દ્વારા પણ માહિતી પ્રસાર કરવામાં આવશે. વલસાડ જિલ્લામાં ''સ્વસ્થ દીકરી, સુરક્ષિત ભવિષ્ય'' અંતર્ગત ૧૪ વર્ષની દીકરીઓને રસી અપાવી ગર્ભાશયના મુખના કેન્સરથી સુરક્ષિત કરવા વાલીઓ, શાળા સંચાલકો અને સમાજના આગેવાનોને સહકાર આપવા જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

આ અંગે વલસાડ જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડો.એ.કે.સિંગના જણાવ્યા મુજબ, સર્વાઇકલ કેન્સરથી રક્ષણ માટે એચપીવી રસી મુકાવવા માટે નજીકના આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે ૧૪ વર્ષ પૂર્ણ કરેલા હોય અને ૧૫ વર્ષ પૂર્ણ કરેલા ન હોય તેવી તમામ દીકરીઓની આજે જ નોંધણી કરાવો.

સર્વાઈકલ કેન્સરના નિવારણ માટે આ રસી ખૂબ જ જરૂરી છે. ખાસ કરીને યુવાન દીકરીઓ માટે આ રસી જીવનરક્ષક બની શકે છે. તમારી દીકરીને રસી મુકાવી કેન્સરમુક્ત જીવનની ભેટ આપો. સુરક્ષા માટેનું એક નાનુ પગલું લાંબા અને સ્વસ્થ જીવન માટે મોટો લાભ બની શકે છે.

# સમગ્ર શિક્ષા ઓલપાડ દ્વારા તળાદ હાઈસ્કૂલ ખાતે 'માતૃભાષા મહોત્સવ ૨૦૨૬' ની ભવ્ય ઉજવણી કરવામાં આવી





**ગુજરાત સાહિત્ય અકાદમીનાં અધ્યક્ષ ડો. ભાગ્યેશ જહાની પ્રેરણાથી 'મળી માતૃભાષા મને ગુજરાતી' વિષય પર વ્યાખ્યાન યોજાયું**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ઓલપાડ, તા.૨૭**

આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ નિમિત્તે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને સમગ્ર શિક્ષા, ઓલપાડનાં સંયુક્ત ઉપક્રમે તળાદ હાઈસ્કૂલ ખાતે 'માતૃભાષા મહોત્સવ-૨૦૨૬'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. 'માતૃભાષા સપ્તાહ' અંતર્ગત આયોજિત આ કાર્યક્રમમાં શિક્ષણ જગતનાં અગ્રણીઓ અને સાહિત્ય પ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆતમાં ઓલપાડ તાલુકાનાં બી.આર.સી. કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલે શાબ્દિક પ્રવચન દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનો પરિચય આપ્યો હતો અને માતૃભાષાનાં સંવર્ધન માટે સૌને કટિબદ્ધ થવા હાકલ કરી હતી. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરતનાં પ્રાચાર્ય ડૉ.હિરેનભાઈ વ્યાસ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે પોતાનાં ઉદબોધનમાં માતૃભાષાનાં સંવર્ધન અને શિક્ષણમાં તેનાં મહત્વ પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે, ''માતૃભાષા એ જ બાળકનો સાચો બૌદ્ધિક અને સાંસ્કૃતિક પાયો છે.'' ગુજરાત સાહિત્ય અકાદમીનાં અધ્યક્ષ ડૉ.ભાગ્યેશ જહાની પ્રેરણાથી આયોજિત આ કાર્યક્રમમાં 'મળી માતૃભાષા મને ગુજરાતી' વિષય પર મુખ્ય વક્તા તરીકે મિનાક્ષીબેન અટોદરિયા અને રીના રાબડીયાએ ખૂબ જ સુંદર શૈલીમાં ગુજરાતી ભાષાનો મહિમા વર્ણવ્યો હતો. આ પ્રસંગે બ્લોક રિસોર્સ સેન્ટર, ઓલપાડ આયોજિત ઓનલાઈન ક્વિઝ સ્પર્ધાનાં વિજેતા શિક્ષકો શાહીનબેન ખટીક (મોર મુખ્ય પ્રા.શાળા), હેતલબેન ચૌધરી (ઉમરાછી પ્રા.શાળા) અને હેમાક્ષીબેન પટેલ (દિહેણ પ્રા. શાળા) ને મહાનુભાવોનાં હસ્તે સન્માનપત્ર આપી અભિવાદન કરવામાં આવ્યું હતું.

સદર મહોત્સવમાં ઓલપાડનાં ઈન્ચાર્જ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી વિજય જરગલીયા, તળાદ હાઈસ્કૂલનાં આચાર્ય જયેશ પટેલ, મંડળનાં સહમંત્રી હરિસિંહ ઠાકોર તથા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં મહામંત્રી મહેન્દ્રસિંહ ઠાકોર ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કીમનાં સી.આર.સી. કો-ઓર્ડિનેટર અશોક પટેલે કર્યું હતું. અંતમાં આભારવિધિ માસમાનાં સી.આર.સી. કો-ઓર્ડિનેટર આશાબેન ગોપાણીએ આટોપી હતી. બી.આર.સી. કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલનાં કુશળ સંયોજન અને આયોજનથી કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આ આયોજનને સફળ બનાવવા તેજસ નવસારીવાલા, રાકેશ પટેલ તેમજ મિલન પટેલે ભારે જહેમત ઉઠાવી હતી. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલે જણાવ્યું હતું.

# નવસારી જિલ્લામાં આવેલ (માર્ગ અને મકાન) પેટા વિભાગ, ચીખલી હસ્તક આવેલ વિવિધ માર્ગોની કામગીરી પ્રગતિ હેઠળ

**નાગરિકો, ખેડૂતો, વેપારીઓ, વિદ્યાર્થીઓ અને દૈનિક મુસાફરોને સીધો લાભ મળશે તેમજ ઉદ્યોગો અને કૃષિ ઉત્પાદનોના ઝડપી અને સરળ પરિવહનથી સ્થાનિક અર્થતંત્રને વેગ મળશે**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૨૭**

નવસારી જિલ્લામાં આવેલ (માર્ગ અને મકાન) પેટા વિભાગ, ચીખલી હસ્તક આવેલ વિવિધ માર્ગોની કામગીરી પ્રગતિ હેઠળ છે એમ માર્ગ અને મકાન વિભાગ, નવસારી તરફથી પ્રાપ્ત અખબારી યાદીમાં જણાવેલ છે.

તદાનુસાર, સણવલ્લા ટાંકલ રાનકુવા રૂમલા કરંજવેરી રોડ કિ.મી. ૦/૦ થી ૩૮/૪ છે. ચેઈનેજ કિ.મી. ૨૩/૨ થી ૨૩/૪ પર બોક્સ કલ્વર્ટ સ્લેબ કોંક્રિટ વર્ક પ્રગતિ હેઠળ છે. તેમજ આ માર્ગ પર મજબૂતીકરણ અને પહોળાઈ ડામર વર્ક પેવર અને ટેન્ડમ રોલરનો ઉપયોગ કરીને ફોર લેનિંગ રસ્તો બીટ્યુમીન રોડપેવિંગ કામ હાથ ધરવામાં આવેલ છે. લાંબા સમયથી અપેક્ષિત રહેલા આ માર્ગ વિકાસથી સ્થાનિક લોકોમાં આનંદનું વાતાવરણ છે.ડામરની કામગીરી પૂર્ણ થયા બાદ આ માર્ગ પર વાહનવ્યવહાર અત્યંત સરળ અને સગવડભર્યો બની જશે. વાહનોની અવરજવર દરમિયાન થતી ધૂળ, ખાડાઓ જેવી સમસ્યાઓમાં નોંધપાત્ર ઘટાડો થશે. ગામો વચ્ચેનું સંચાલન વધુ સુચારુ બનશે.

બામણવેલ દોણજા રોડ કિ.મી. ૦/૦ થી ૧૩/૦ છે. ચેઈનેજ કિ.મી. ૯/૨થી ૯/૪ પર શટરિંગ વર્ક ઓફ રિટેનિંગ વોલનું કામ હરણગામ પાસે કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આ બ્રીજની કામગીરી પૂર્ણ થયા બાદ આસપાસના અનેક ગામો વચ્ચે સીધી કનેક્ટીવીટી થશે. તેમજ માર્ગ પર વાહનવ્યવહાર વધુ સુગમ અને સલામત બનશે. ખાસ કરીને વરસાદી મૌસમ દરમિયાન નદી પર થતી આવન-જાવનમાં આવતી મુશ્કેલીઓ દૂર થશે. આ પુલ ગ્રામ્યવિસ્તારો વચ્ચે સારો સંપર્ક સ્થાપિત કરશે. જેના પરિણામે મુસાફરીનો સમય ઘટશે અને પરિવહન ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે.

બીલીમોરા ચીખલી વાંસદા વઘઈ રોડ કિ.મી. ૯/૦થી ૪૧/૨ અને કિ.મી. ૪૪/૪ થી ૫૯/૬ છે. ચેઈનેજ કિ.મી.૧૧/૦ થી ૧૧/૨ પર ડામર વર્કની કામગીરી પ્રગતિ હેઠળ છે. ડામરની કામગીરી પૂર્ણ થયા પછી પ્રવાસન ઉદ્યોગને વેગ મળશે. માર્ગની સપાટીને વધુ ટકાઉ અને લાંબા ગાળે ઉપયોગી બને તેવી તકનીક અપનાવવામાં આવી છે. ગુણવત્તા ધોરણનું પાલન થાય તે માટે સતત તકનિકી દેખરેખ પણ રાખવામાં આવી રહી છે. તેમજ ગુણવત્તાપૂર્ણ કામ નિર્ધારિત સમયમર્યાદામાં કાર્ય પૂર્ણ કરવામાં આવશે. જેથી નાગરિકોને સુવિધાજનક તથા સુરક્ષિત મુસાફરી મળી રહે.

આ પ્રોજેક્ટથી ગામોના નાગરિકો, ખેડૂતો, વેપારીઓ, વિદ્યાર્થીઓ અને દૈનિક મુસાફરોને સીધો લાભ મળશે. તેમજ ઉદ્યોગો અને કૃષિ ઉત્પાદનોના ઝડપી અને સરળ પરિવહનથી સ્થાનિક અર્થતંત્રને વેગ મળશે અને સમગ્ર વિસ્તારના વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન મળશે.

# રંગોત્સવ: ઓલપાડ ટાઉન સ્થિત અસ્નાબાદ પ્રાથમિક શાળામાં વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમની ભવ્ય ઉજવણી




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ઓલપાડ, તા.૨૭**

ઓલપાડ ટાઉન સ્થિત અસ્નાબાદ પ્રાથમિક શાળામાં વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ 'રંગોત્સવ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ઓલપાડનાં સરપંચ રૂચિકાબેન પટેલ, પંચાયત સભ્ય અશોકભાઈ પટેલ, સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ કિરીટભાઈ પટેલ, બી.આર.સી. કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલ, ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ બળદેવભાઈ પટેલ, મહામંત્રી મહેન્દ્રસિંહ ઠાકોર, માજી ટીપીઈઓ નગીનભાઈ પટેલ, ટીચર્સ કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટીનાં સેક્રેટરી મહેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલ આ કાર્યક્રમને દીપ પ્રજ્વલન દ્વારા ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. પ્રારંભે યજમાન પી.એમ.શ્રી શાળાનાં આચાર્યા તસ્લીમબાનું બેલીમે સૌને શાબ્દિક આવકાર આપી શાળાની પ્રગતિનો ચિતાર રજૂ કર્યો હતો.

મેઘધનુષી રંગોની જેમ આંખોમાં અનેક સપનાઓ જોતાં બાળકોની સર્જનશીલતા, ક્ષમતા અને પ્રતિભાને ઉજાગર કરવા અને શિક્ષકોની મહેનતને એક નવો આયામ મળી રહે એવાં શુભ હેતુથી યોજાયેલ આ રંગોત્સવમાં શાળાનાં બાળકોએ ૧૭ જેટલી અવનવી કૃતિઓ રજૂ કરી દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતાં. આમંત્રિત મહેમાનો, શાળા વ્યવસ્થાપન સમિતિ, વાલીજનો સહિત સ્થાનિક રહેવાસીઓએ તમામ કૃતિઓ મન ભરીને માણી હતી. કાર્યક્રમને સફળ બનાવવા શાળાનાં શિક્ષકગણે ભારે જહેમત ઉઠાવી હતી. અંતમાં શાળાનાં ઉપશિક્ષક નવીનભાઈ ગામીતે આભારવિધિ આટોપી હતી. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલે જણાવ્યું હતું.

## બ્લોક રિસોર્સ સેન્ટર ઓલપાડ આયોજિત ઓનલાઈન ક્વિઝનાં વિજેતા જાહેર




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ઓલપાડ, તા.૨૭**

બ્લોક રિસોર્સ સેન્ટર, ઓલપાડ દ્વારા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતાં શિક્ષકો માટે આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની ઉજવણીનાં ભાગરૂપે ઓનલાઈન ક્વિઝ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ભાષા સહિતનાં શિક્ષક ભાઈ-બહેનોએ રસપૂર્વક ભાગ લીધો હતો.

આ આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ ક્વિઝનાં વિજેતા શિક્ષકો આ મુજબ જાહેર થયા હતાં. પ્રથમ શાહીનબેન ખટીક (મોર મુખ્ય પ્રા. શાળા), દ્વિતીય હેતલબેન ચૌધરી (ઉમરાછી પ્રા. શાળા), તૃતિય હેમાક્ષીબેન પટેલ (દિહેણ પ્રા. શાળા)

ક્વિઝનાં વિજેતા સારસ્વત મિત્રોને બી.આર.સી. કો-ઓર્ડિનેટર શ્રી બ્રિજેશભાઈ પટેલ સહિત તમામ સી.આર.સી. કો-ઓર્ડિનેટર મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતાં.

**નવસારી જિલ્લા તેમજ ચીખલી તાલુકાના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરોઃ**
**દિપક સોલંકી - 98796 87316**

# કચ્છમાં હિન્દુ વિદ્યાર્થીઓ પાસે મુસ્લિમ વિદ્યાર્થીએ પઢાવી નમાજ : વિવાદ વકરતા કરાયા તપાસના આદેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**કચ્છ, તા.૨૭**

કચ્છના નખત્રાણાના દેવપર યક્ષ ગામની સરકારી શાળા વિવાદમાં આવી છે. સ્થાનિકો અને શાળાના બાળકોએ આક્ષેપ કર્યો છે કે, શાળામાં ભણતા વિધર્મી વિદ્યાર્થીએ, પ્રાથમિક શાળાના પાછળના પ્રાંગણમાં આવેલ મજાર પર હિન્દુ વિદ્યાર્થીઓને નમાજ અદા કરાવડાવી હતી. આ પ્રકારની કામગીરી છેલ્લા ઘણા સમયથી કરાવવામાં આવતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

કચ્છના નખત્રાણાના દેવપર યક્ષ ગામની પ્રાથમિક શાળાના ધોરણ ૬ના વિદ્યાર્થીઓને નમાજ પઢવવામાં આવી હોવાથી વિવાદ સર્જાયો છે. શાળામાં જ અભ્યાસ કરતા વિધર્મી વિદ્યાર્થીએ, હિન્દૂ વિદ્યાર્થી પાસે નમાજ અદા કરાવવામાં આવી હતી.

શાળાના બાળકોએ આ ઘટનાની જાણ તેમના વાલીઓને કરતા, વાલીઓ અને વિશ્વ હિન્દુ પરિષદના હોદ્દેદારોએ શાળામાં જઈને ઘટનાને વખોડી કાઢી હતી.

ગંભીર ઘટનાને ધ્યાને લઈને જિલ્લા શિક્ષણાધિકારીએ તપાસના આદેશ આપ્યા છે.

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

# ભારત હવે આતંકવાદીઓને ઊગતા જ ડામી દેવા માટે સજ્જ

**ભા**રત સરકારે 'આતંક વિરોધી' નીતિ જાહેર કરી છે. વિશ્વમાં આતંકવાદની ચર્ચા થાય છે અને આતંકવાદી ઘટનાઓને વખોડી કાઢવા સાથે ચિંતા પણ વ્યક્ત થાય છે, જયારે ભારત તો આતંકવાદનો ભોગ બન્યું છે. દાયકાઓથી આતંકવાદી આક્રમણ થઈ રહ્યાં છે . કાશ્મીર પંજાબથી લઈને મહારાષ્ટ્ર અને ગુજરાત સુધી આતંકવાદી હુમલા થયા છે. અલબત્ત, તાજેતરનાં વર્ષોમાં ભારત સરકાર અને સેનાએ આતંકવાદીઓના અડ્ડા નેસ્તનાબૂદ, ખેદાનમેદાન કર્યા પછી હુમલા અટક્યા છે, પણ આતંકવાદનો આખરી અંજામ આવ્યો નથી. માનવતા સામેનો આતંકી પડકાર ખતમ કરવા માટે ભારત સરકારે જે માર્ગદર્શક નીતિ જાહેર કરી છે તે આતંકના 'આકાઓ' સરદારોને સ્પષ્ટ સંદેશ છે કે ભારત હવે આતંકવાદીઓને ઊગતા જ ડામી દેવા માટે સજ્જ છે. કેન્દ્રના ગૃહ ખાતાએ ૨૦૨૧૨૨માં ત્રણ વર્ષ પહેલાં જ આતંક વિરોધી પૉલિસી તૈયાર કરવાની જાહેરાત કરી હતી અને ગૃહપ્રધાન અમિત શાહે ૨૦૨૪ના નવેમ્બરમાં આવી નીતિ જાહેર જગજાહેર કરવામાં આવશે એમ કહ્યું હતું. હવે જે માર્ગદર્શક નીતિ જાહેર થઈ છે તે 'પ્રહાર' આતંક વિરોધી રાષ્ટ્રીય નીતિ છે. વાસ્તવમાં આપણી સુરક્ષા સલામતી એજન્સીઓ અને રાજ્ય સરકારો માટે માર્ગદર્શક છે. આ નીતિનો યોગ્ય અમલ થાય અને થશે એવો વિશ્વાસ છે. આતંક વિરોધી રાષ્ટ્રીય નીતિનાં મૂળ સાત સ્તંભ નક્કી થયા છે, જેમાં આતંકી હુમલા થવાની આગોતરી માહિતી મેળવીને કાવતરાં નિષ્ફળ બનાવવાનું મુખ્ય છે. આપણી તમામ ગુપ્તચર એજન્સીઓ વચ્ચે સહયોગ અને સંકલન અનિવાર્ય છે. એજન્સીઓ અદ્યતન ટેક્નૉલૉજી અને સાધનોથી સજ્જ બનાવાશે. કાયદાનું શાસન અને માનવીય અધિકારોના રક્ષણ માટે આતંક વિરોધી કાયદાઓમાં પ્રબંધ હોવા જોઈએ. આતંકવાદી પ્રવૃત્તિમાં યુવાવર્ગ આકર્ષાય નહિ, જોડાય નહિ તે માટે સાવધાની જનજાગૃતિના કાર્યક્રમ તથા સમાજનો સહયોગ અને સમર્થન મેળવીને આતંકી હુમલા અટકાવી શકાય અને છેલ્લી બાબત આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આતંક વિરોધી માહિતીની આપ-લે થાય અને હુમલાનાં કાવતરાં નિષ્ફળ બનાવાય તથા આતંકવાદીઓને સોંપીને કાનૂની કાર્યવાહી થાય તે રીતે આંતરરાષ્ટ્રીય સહકાર મેળવાય. આ રાષ્ટ્રીય નીતિમાં પાકિસ્તાનનો નામોલ્લેખ નથી પણ પાડોશી દેશની રાજકીય અસ્થિરતા અને તેની ભૂમિનો ઉપયોગ આતંકી હુમલા માટે થાય છે. આતંકવાદીઓને આશ્રય અને રક્ષણ અપાતું હોવાનું જણાવાયુ છે તે નિર્દેશ પાકિસ્તાન ભણી છે. ભારતે આતંકવાદીઓના અડ્ડા તેના ઘરમાં ઘૂસીને ખતમ કર્યા છે. સર્જિકલ સ્ટ્રાઇક પછી પહેલગામના હુમલાનો બદલો લીધો છે. પાકિસ્તાને ભારે કિંમત ચૂકવી છે છતાં આતંકની ટાંગ ઊંચી બતાવે છે. હવે નૂતન ભારતની શક્તિ અને દૃઢ નિર્ણાયક શક્તિનો પરચો જોયા પછી આતંકવાદને પ્રત્યક્ષ અને પરોક્ષ સમર્થન આપનારા દેશ સાનમાં સમજી જાય એવી આશા રાખી શકાય?

# અમદાવાદમાં કેન્દ્રના સ્માર્ટ સિટી મિશન હેઠળ એક પણ નવા કામ મંજૂર ન થયા

## સ્માર્ટ પાર્કિંગ સહિતના બે આયોજન પણ અધૂરાઃ વિધાનસભામાં પોલ ખુલી!

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગાંધીનગર, તા.૨૭**

અમદાવાદ શહેરને સ્માર્ટ સિટી બનાવવાના ગાણાં વારે-તહેવારે ગવાતા હોય છે. ત્યારે ભારત સરકારના સ્માર્ટ સિટી મિશન પ્રોજેક્ટ હેઠળ છેલ્લા બે વર્ષમાં અમદાવાદમાં કોઈ નવા કામ મંજૂર કરાયા નથી. વિધાનસભામાં ચાલતી પ્રશ્નોારી દરમિયાન ખુદ રાજય સરકારના મંત્રીએ આ જવાબ આપ્યો છે.

ગુજરાત વિધાનસભાની પ્રશ્નોારીમાં અમદાવાદના વિકાસની પોલ ખોલતી બાબત સામે આવી છે.

જમાલપુર-ખાડિયાના ધારાસભ્યએ પૂછેલા પ્રશ્નના જવાબમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીએ જણાવ્યું છે કે, અમદાવાદ શહેરમાં ભારત સરકારના સ્માર્ટ સિટી સિટી મિશન પ્રોજેક્ટ હેઠળના કોઈ નવા કામ બે વર્ષમાં મંજૂર કરવામાં આવ્યા નથી. જોકે સામાપક્ષે એવો દાવો કરાયો છે કે, આ મિશન હેઠળની સ્માર્ટ સિટી અમદાવાદ ડેવલપમેન્ટ લિ. કંપની દ્વારા મ્યુનિ.ના ફંડમાંથી સ્માર્ટ પાર્કિંગ માટે ૨૫ કરોડ રૂપિયા અને અર્બન ઓબ્ઝર્વેટરી માટે ૬ કરોડ રૂપિયાના કામ મંજૂર કરાયા છે. અલબત, આ બંને કામ આજની સ્થિતિએ અનુક્રમે ૫૧.૪૪ ટકા અને ૯ ટકા પૂર્ણ થયા છે. એટલે કે બંને આયોજન હજી અધૂરા છે.

# મનુષ્ય શરીર પરમાત્માપ્રાપ્તિના માટે જ મળ્યું છે

**અ**ગાઉ ગીતાના શ્લોક(૩/૩૦)માં પોતાનો મતસિદ્ધાંત બતાવીને હવે ભગવાન આગળના બે શ્લોકોમાં પોતાના મતની પુષ્ટિ કરી ઉપસંહાર કરે છે.

યહ મેં મતમિદં નિત્યમનુતિષ્ઠન્તિ માનવાઃ
શ્રદ્ધાવન્તોનસૂયન્તો મુચ્યન્તે તેપિ કર્મભિઃ

(યે-જે, માનવાઃ-માણસો, અનસૂયન્તઃ-દોષદ્રષ્ટિ રહિત થઈને, શ્રદ્ધાવંતઃ-શ્રદ્ધાપૂર્વક, મે-મારા, ઈદમ્-આ, મતમ્-મતને, નિત્યમ્-સદા, અનુતિષ્ઠન્તિ-અનુસરે છે, તે-તેઓ, અપિ-પણ, કર્મભિઃ-સર્વ કર્મથી, મુચ્યન્તે-છૂટી જાય છે.)

જે માણસો દોષદ્રષ્ટિ રહિત થઈને શ્રદ્ધાપૂર્વક મારા આ મતને સદા અનુસરે છે તેઓ પણ સર્વ કર્મથી છૂટી જાય છે.

કોઈપણ વર્ણ, આશ્રમ, ધર્મ, સંપ્રદાય વગેરેનો કોઈપણ મનુષ્ય જો કર્મબંધનથી મુક્ત થવા ઈચ્છતો હોય તો તેણે આ સિદ્ધાંતને માનીને તેનું અનુસરણ કરવું જોઈએ. શરીર, ઈન્દ્રિયો, મન, બુદ્ધિ, પદાર્થ, કર્મ વગેરે કંઈપણ પોતાનું નથી. આ વાસ્તવિકતાને જાણી લેવાવાળા તમામ મનુષ્યો કર્મબંધનથી છૂટી જાય છે.

મનુના વંશમાં ચાલ્યા તેને માનવ કહેવાય, આદમના વંશમાં ચાલ્યા તેને આદમી કહેવાય. આપણે સુષ્ટિની શરૂઆતમાં પ્રથમ પુરૂષને મનુ માનીએ છીએ,તેથી આપણે માનવ છીએ. આવા મનુષ્યના બે ભેદ છેઃ શ્રદ્ધાળુ અને અશ્રદ્ધાળુ. જે શ્રદ્ધાળુ છે, પ્રભુના મતમાં વિશ્વાસ કરનારા છે તે જ આ કર્મલોલુપતાના ત્યાગ રૂપી ઉપદેશને ગ્રહણ કરશે અને ચાલશે.

ભગવાન અને તેમના મતમાં પ્રત્યક્ષની જેમ નિઃસંદેહ દ્રઢ વિશ્વાસ અને પૂજ્યભાવથી યુક્ત મનુષ્યને શ્રદ્ધાવંતઃ કહેવાય છે.

શરીર વગેરે જડ પદાર્થોને પોતાના અને પોતાને માટેના ન માનવાથી મનુષ્ય મુક્ત થઈ જાય છેઆ વાસ્તવિકતા ઉપર શ્રદ્ધા થવાથી જડતાની સાથે માનેલા સબંધનો ત્યાગ કરવો સુગમ થઈ જાય છે. શ્રદ્ધાવાન સાધક જ સતશાસ્ત્ર, સતચર્ચા અને સત્સંગની વાતો સાંભળે છે અને તેને આચરણમાં મૂકે છે.

મનુષ્ય શરીર પરમાત્માપ્રાપ્તિના માટે જ મળ્યું છે, આથી પરમાત્માને જ પ્રાપ્ત કરવાની એકમાત્ર ઉત્કટ અભિલાષા થતાં સાધકમાં શ્રદ્ધા, તત્પરતા, ઈન્દ્રિયોનો સંયમ વગેરે આપોઆપ આવી જાય છે. આથી સાધકે મુખ્યરૂપે પરમાત્માપ્રાપ્તિની અભિલાષાને જ તીવ્ર બનાવવી જોઈએ.

ગીતાના શ્લોક(૩/૩૦)માં ભગવાને પોતાનો જે મત બતાવ્યો છે તેમાં દોષદ્રષ્ટિ ન કરવા માટે અહીં 'અનસૂયન્તઃ'(એટલે દોષદ્રષ્ટિ રહિત થઈને) પદ આપવામાં આવ્યું છે. ગુણોમાં દોષ દેખવો એને 'અસૂયા' કહે છે. અસૂયા એટલે કે દોષદ્રષ્ટિથી રહિત મનુષ્યોને અહી અનસૂયન્તઃ કહેવામાં આવ્યા છે. અસૂયા એટલે ગુણોમાં પણ દોષદર્શન કરવું. દોષોમાં દોષ દેખાય તે તો ઠીક પણ આને તો ઉત્તમ ગુણોમાં પણ દોષો દેખાય છે. ઈર્ષાળુ કરતાં પણ ખરાબ કહેવાય, જે આવો ના હોય પણ ગુણોમાં ગુણદર્શન કરનારો હોય તે બધાં કર્મોથી મુક્ત થઈ જાય છે, કર્મો તેનાં બાંધતાં નથી.

જ્યાં શ્રદ્ધા રહે છે ત્યાં પણ કોઈ અંશમાં દોષદ્રષ્ટિ રહી શકે છે એટલા માટે ભગવાને શ્રદ્ધાવંતઃ પદની સાથે અનસૂયન્તઃ પદ પણ આપીને મનુષ્યને દોષદ્રષ્ટિથી સર્વથા રહિત પૂર્ણ શ્રદ્ધાવાન થવા માટે કહ્યું છે. આ જ રીતે ગીતા શ્રવણનું માહાત્મય બતાવતાં પણ ભગવાને શ્રદ્ધાવાનનસૂયશ્ચ (૧૮/૭૧) પદ આપીને શ્રોતાઓના માટે શ્રદ્ધાયુક્ત અને દોષદ્રષ્ટિથી મુક્ત થવાની વાત કહી છે.

ભગવાનનો મત તો ઉત્તમ છે પણ ભગવાન કેટલી આત્મશ્લાઘા અને અભિમાનની વાત કહે છે કે 'સર્વ કંઈ મને અર્પણ કરી દો' અથવા 'આ મત તો સારો છે પણ કર્મો દ્વારા ભગવત્પ્રપ્તિ કેવી રીતે થઈ શકે? કર્મો તો જડ અને બાંધવાવાળા હોય છે' વગેરે ભાવ આવવા એ જ ભગવાનના મતમાં દોષદ્રષ્ટિ કરવા જેવું છે. સાધકે ભગવાન અને તેમનો મત બંન્નેયમાં દોષદ્રષ્ટિ કરવી જોઈએ નહિ. વાસ્તવમાં સર્વ કંઈ ભગવાનનું જ છે પરંતુ મનુષ્ય ભૂલથી ભગવાનની વસ્તુઓને પોતાની માનીને




બંધાઈ જાય છે અને મમતા તથા કામનાને વશ થઈને દુઃખ પામતો રહે છે. આથી આ પોતાપણાનો ત્યાગ કરાવડાવીને મનુષ્ય સદાને માટે સુખી થઈ જાય, તેનો ઉદ્ધાર કરવા માટે ભગવાન પોતાની સહજ કરૂણાથી સર્વ કંઇ પોતાને અર્પણ કરવાની વાત કહે છે.આથી આ વિષયમાં દોષદ્રષ્ટિ કરવી અનુચિત છે. આ તો ભગવાનનું



**ગીતામૃતમ્**

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી, તા. શહેરા, જી. પંચમહાલ
(મો.) ૯૭૨૬૧ ૬૬૦૭૫

પરમ સૌહાર્દ, કારૂણ્ય અને વાત્સલ્ય જ છે કે પોતાનામાં કોઈ અપૂર્ણતાઉણપ અને આવશ્યકતા ન હોવા છતાં પણ ફક્ત મનુષ્યના કલ્યાણાર્થે તેઓ સમસ્ત કર્મો પોતાને અર્પણ કરવા માટે કહે છે.

ભગવાનનો મત જ લોકમાં 'સિદ્ધાંત' કહેવાય છે. સર્વોપરી સિદ્ધાંતને જ અહી 'મતમ' પદ વડે કહેવામાં આવ્યો છે. ભગવાને પોતાની સહજ સરળતા તેમજ નિરાભિમાનતાને કારણે સર્વોપરી સિદ્ધાંતને 'મત' નામથી કહ્યો છે. કોઈ શ્રદ્ધા કરે કે ન કરે આ મત કે સિદ્ધાંત ત્રિકાળમાં એક જેવો રહે છે એટલે કે એમાં ક્યારેય કોઈ પરિવર્તન થતું નથી. ભગવાન નિત્ય છે, આથી તેમનાથી સબંધિત તમામ વસ્તુઓ પણ નિત્ય છે. ભગવાનનો મત પણ નિત્ય છે. ભગવાનનો મત સર્વોપરી સિદ્ધાંત છે અને સિદ્ધાંત તે જ હોય છે જે ક્યારેય દૂર થતો નથી. આથી ભગવાનનો મત તો નિત્ય જ છે, તેનું અનુષ્ઠાન નિત્ય થવું જોઈએ એટલા માટે અહીં ક્રિયાવિશેષણ 'નિત્યમ્' પદ મુકવાનો અર્થ એ છે કે ભગવાનના મત અંગે સદાય સ્થિર રહેવું તથા તે અનુસાર અનુષ્ઠાન કરવું.

મળેલી કોઈપણ વસ્તુ પોતાની નથી. આ ભગવાનનો મત છે. શરીર, ઈન્દ્રિયો, મન, બુદ્ધિ, પાણ, ધન, સંપત્તિ, પદાર્થ વગેરે સર્વે પ્રકૃત્તિનાં કાર્ય છે અને સંસાર પણ પ્રકૃત્તિનું કાર્ય છે એટલા માટે એ વસ્તુઓની સંસાર સાથે એકતા છે તથા સ્વયં પરમાત્માનો અંશ હોવાથી 'પોતા'ની પરમાત્મા સાથે એકતા છે. આથી એ વસ્તુઓ વ્યક્તિગત નથી. જો કે એમના ઉપયોગનો અધિકાર વ્યક્તિગત છે. એ સિવાય સદ્ગુણ, સદાચાર, ત્યાગ, વૈરાગ્ય, દયા, ક્ષમા વગેરે પણ વ્યક્તિગત નથી પરંતુ ભગવાનનાં છે. એ દૈવીસંપત્તિ હોવાથી ભગવાનનાં જ છે. જો એ સદ્ગુણ, સદાચાર વગેરે પોતાનાં હોત તો એમના ઉપર આપણાં પુરો અધિકાર હોત અને આપણી સંમતિ વિના કોઈ બીજાને એની પ્રાપ્તિ ના થાત. એમને પોતાનાં માનવાથી તો અભિમાન જ થાય છે, જે આસુરી સંપત્તિનું મૂળ છે.

જે વસ્તુ પોતાની નથી તેને પોતાની માનવાથી અને તેની પ્રાપ્તિને માટે કર્મ કરવાથી બંધન થાય છે. શરીર વગેરે વસ્તુઓ પોતાની તો છે જ નહિ, પોતાને માટેની પણ નથી. જો એ પોતાને માટેની હોત તો તેની પ્રાપ્તિથી આપણને પૂર્ણ તૃપ્તિ કે સંતોષ થઇ જાત, પૂર્ણતાનો અનુભવ થઇ જાત પરંતુ સાંસારીક વસ્તુઓ કેટલીય કેમ ના મળી જાય ક્યારેય તૃપ્તિ થતી નથી. તૃપ્તિ કે પૂર્ણતાનો અનુભવભગવાનના મળવાથી થાય છે, જે વાસ્તવમાં પોતાની છે. પોતાની વાસ્તવિક વસ્તુ મળી જતાં પછી સ્વપ્નમાં પણ કંઇ જ મેળવવાની ઈચ્છા રહેતી નથી. જ્યાં સુધી વધુ મેળવવાની ઈચ્છા રહે છે ત્યાં સુધી એમ જ સમજવું જોઈએ કે પોતાની વસ્તુ મળી જ નથી. શરીર વગેરે પ્રાપ્ત વસ્તુઓને ન તો આપણે આપણી સાથે લાવ્યા અને ન તો પોતાની સાથે લઈ જઈ શકીએ છીએ તથા વર્તમાનમાં પણ એ આપણાથી પ્રતિક્ષણ વિખૂટી પડી રહી છે. જે પોતાની પ્રતિત થાય છે તે પોતાનો અધિકાર જમાવવા માટે નહીં પરંતુ બીજાઓના હિતમાં વાપરવા માટે છે. સર્વસ્વ ભગવદ્ અર્પણ કર્યા બાદ લાભ હાનિ, માન અપમાન, સુખ દુઃખ વગેરે જે કંઇ આવે તેને પણ સાધક ભગવાનનાં જ માને છે અને તેમની સાથે પોતાનું કોઈ પ્રયોજન ન રાખે. પરિસ્થિતિને અનુરૂપ પ્રસન્નતાપૂર્વક પોતાના કર્તવ્યનું પાલન કરતા રહેવુંઆ જ ભગવાનના મતનું અનુસરણ કરવું કહેવાય.

મુચ્યન્તે તેપિ કર્મભિઃ ભગવાન અર્જુનને જાણે એમ કહે છે કે હું તને તો સર્વસ્વ મને અર્પણ કરીને કર્તવ્યકર્મ કરવાની સ્પષ્ટ આજ્ઞા દઈ રહ્યો છું, આથી મારી આજ્ઞાનું પાલન કરવાથી તારે મુક્ત થવામાં કોઈ સંદેહ નથી પરંતુ જેમને હું આ પ્રકારે સ્પષ્ટ આજ્ઞા નથી દેતો તેઓ પણ જો આ મત (મળેલાને પોતાનું ન માનીને કર્તવ્યકર્મનું પાલનકરવું)ને અનુસરીને ચાલશે તો તેઓ પણ મુક્ત થઈ જશે, કારણ કે આ મત જ એવો છે કે ભલે મને માને કે ન માને, ફક્ત આ મતનું પાલન કરવાથી જ મનુષ્ય મનુષ્ય મુક્ત થઈ જાય છે. ભગવાનનો મત જ વાસ્તવિક અને સર્વોપરી સિદ્ધાંત છે જેના અંતર્ગત બધા જ મતમતાંતર આવી જાય છે પરંતુ ભગવાન અભિમાન ન કરતાં ખુબ જ સરળતાથી, વિનમ્રતાથી સિદ્ધાંતને મત નામથી કહે છે. ભગવાને પોતાના અથવા બીજા કોઈના પણ મતનો આગ્રહ રાખ્યો નથી પરંતુ નિષ્પક્ષ બનીને પોતાની વાત પ્રસ્તુત કરી છે.

# એક નવું શહેરી માળખુંઃ અર્બન ચેલેન્જ ફંડ ભારતનાં શહેરોને કેવી રીતે આપી શકે છે નવો આકાર

**ભા**રતની શહેરીકરણની ગાથા એક નિર્ણાયક તબક્કામાં પ્રવેશી રહી છે. શહેરો આજે દેશના જીડીપીમાં મોટો હિસ્સો ધરાવે છે, જે તેના સૌથી ગતિશીલ આર્થિક ક્લસ્ટરોનું સંચાલન કરે છે અને લાખો લોકોના જીવનની ગુણવત્તાને વધુને વધુ આકાર આપે છે. તેમ છતાં તેઓ સતત માળખાગત સુવિધાઓની અછત, આબોહવાની નબળાઈઓ, નાણાકીય અવરોધો અને સંસ્થાકીય વિભાજનનો સામનો કરી રહ્યા છે. પડકાર હવે એ નથી કે ભારત શહેરીકરણ કરશે કે કેમ, પરંતુ તે એ છે કે શું તે સારી રીતે ઉત્પાદક રીતે, ટકાઉ અને સર્વસમાવેશક રીતે શહેરીકરણ કરી શકે છે.

તાજેતરમાં મંજૂર કરાયેલ અર્બન ચેલેન્જ ફંડ (UCF) ભારત આ પ્રશ્નનો જવાબ કેવી રીતે આપવા માંગે છે તેમાં એક મહત્વપૂર્ણ પરિવર્તન રજૂ કરે છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ થી ૨૦૩૦-૩૧ દરમિયાન ₹૧ લાખ કરોડના કેન્દ્રીય સહાય ખર્ચ સાથે, અને લગભગ ₹૪ લાખ કરોડના કુલ રોકાણને પ્રોત્સાહિત કરવાની અપેક્ષા રાખતી ડિઝાઈન સાથે, આ ફંડ શહેરી માળખાગત સુવિધાઓ માટે પરંપરાગત ગ્રાન્ટ આધારિત ધિરાણથી બજારલિંક્ડ, સુધારા સંચાલિત અને પરિણામલક્ષી માળખા તરફના સંક્રમણને ચિહ્નિત કરે છે.

### સબસિડીથી બજાર શિસ્ત સુધી

અર્બન ચેલેન્જ ફંડનું માળખું તેને અગાઉના કાર્યક્રમોથી અલગ પાડે છે. કેન્દ્રીય સહાય પ્રોજેક્ટ ખર્ચના ૨૫ ટકા સુધી મર્યાદિત છે, અને શહેરોએ ઓછામાં ઓછા ૫૦ ટકા ભંડોળ મ્યુનિસિપલ બોન્ડ, બેંક લોન અથવા જાહેરખાનગી ભાગીદારી જેવા બજાર સ્ત્રોતોમાંથી એકત્ર કરવું આવશ્યક છે. બાકીના ભંડોળ રાજયો, શહેરી સ્થાનિક સંસ્થાઓ અથવા અન્ય નાણાકીય ચેનલોમાંથી આવી શકે છે.

આ જરૂરિયાત કાર્યક્રમના મૂળમાં નાણાકીય શિસ્તને સ્થાપિત કરે છે. તે સંકેત આપે છે કે શહેરી માળખાગત સુવિધાઓ હવે માત્ર જાહેર બજેટ પર નિર્ભર રહી શકશે નહીં; તેણે બેંકેબલ, રેવન્યુબેક્ડ પ્રોજેક્ટ્સ દ્વારા મૂડી બજારો સુધી વધુને વધુ પહોંચવું પડશે. આમ કરીને, આ ફંડ નાણાકીય વિવેકબુદ્ધિને માળખાગત મહત્વાકાંક્ષા સાથે જોડવાનો પ્રયાસ કરે છે.

### શહેરી કેન્દ્રની પુનઃકલ્પના

આ ફંડ ત્રણ વર્ટિકલ્સની આસપાસ રચાયેલ છે જે ભારતના શહેરી લેન્ડસ્કેપની બદલાતી પ્રાથમિકતાઓને પ્રતિબિંબિત કરે છે.

પ્રથમ, ગ્રોથ હબ તરીકે શહેરો, સ્વીકારે છે કે શહેરી વિસ્તારો આર્થિક એન્જિન છે. તે સંકલિત અવકાશી અને પરિવહન આયોજન, આર્થિક કોરિડોર સાથે માળખાગત સુવિધાઓ અને ઔદ્યોગિક, પર્યટન અથવા લોજિસ્ટિક્સ ક્લસ્ટરો જેવા મજબૂત આર્થિક પાયાના વિકાસને સમર્થન આપે છે. ઉદ્દેશ્ય માત્ર સંપત્તિ બનાવવાનો નથી પરંતુ સ્પર્ધાત્મકતા અને ઉત્પાદકતા વધારવાનો છે.

બીજું વર્ટિકલ, શહેરોનો સર્જનાત્મક પુનર્વિકાસ, ભારતીય શહેરીકરણના લાંબા સમયથી ચાલતા પડકારનો સામનો કરે છેઃ ઐતિહાસિક કેન્દ્રો અને કેન્દ્રીય વ્યાપારિક જિલ્લાઓમાં ભીડ અને પતનને સંબોધિત કરે છે. બ્રાઉનફિલ્ડ પુનર્જીવન, પરિવહન આધારિત વિકાસ અને જાહેર જમીનના પુનર્ગઠનને પ્રોત્સાહન આપીને, ફંડ હાલના શહેરી વિસ્તારોમાં મૂલ્યોને મુક્ત કરવાનો પ્રયાસ કરે છે. તે જમીન મૂલ્ય કબજે કરવાના તર્ક અને માળખાગત પુનર્વિકાસ મોડેલોનો પરિચય આપે છે, જે શહેરના



**ગેસ્ટ કોલમ**

લેખકઃ શ્રી શ્રીનિવાસ કાટિકીથલા
*આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયના સચિવ(ભારત સરકાર)

સાંસ્કૃતિક અને વારસાના પાત્રને જાળવી રાખીને શહેરો ઓછી ઉપયોગમાં લેવાતી સંપત્તિઓને વિકાસના પ્રેરક તત્વોમાં રૂપાંતરિત કરી શકે છે.

ત્રીજું વર્ટિકલજળ અને સ્વચ્છતાપર ધ્યાન કેન્દ્રિત કરે છે, જ્યાં સેવા સંતૃપ્તિ, ગંદા પાણીનો પુનઃઉપયોગ, પૂર શમન અને જૂના કચરાના સ્થળોના ઉપચાર પર ભાર મૂકવામાં આવે છે. આ માળખામાં આબોહવા પરિવર્તનનો સમાવેશ કરવામાં આવ્યો છે, એ સ્વીકારીને કે ભારે હવામાનની ઘટનાઓ અને પર્યાવરણીયતણાવ શહેરી નબળાઈને નવો આકાર આપી રહ્યા છે.

**ભારતની શહેરી વસ્તી આગામી દાયકાઓમાં નોંધપાત્ર રીતે વિસ્તરવાની છે અને માળખાગત સુવિધાઓની માંગનું પ્રમાણ તેની સાથે વધશે**

### નાના શહેરોને નાણાકીય મુખ્ય પ્રવાહમાં લાવવા

અર્બન ચેલેન્જ ફંડના સૌથી નવીન તત્વોમાંનું એક ₹૫,૦૦૦ કરોડની ક્રેડિટ રિપેમેન્ટ ગેરંટી સ્કીમ છે. પ્રથમ વખત, નાની શહેરી સ્થાનિક સંસ્થાઓ ખાસ કરીને એક લાખથી ઓછી વસ્તી ધરાવતી, પહાડી અને ઉત્તરપૂર્વીય રાજ્યોના શહેરો સાથે માળખાગત કેન્દ્રીય ગેરંટી સાથે બજાર નાણાં મેળવવા માટે સક્ષમ બની રહી છે.

પ્રારંભિક ઉધાર લેવાના જોખમને ઘટાડીને, આ યોજના નાની નગરપાલિકાઓ માટે પ્રવેશ અવરોધ ઘટાડે છે અને ધિરાણકર્તાઓને વિશ્વાસનો સંકેત આપે છે. આમ કરીને, તે શહેરી સ્થાનિક સંસ્થાઓને માત્ર આંતરસરકારી ટ્રાન્સફર પર આધાર રાખવાને બદલે મૂડી બજારનો લાભ લેવા સક્ષમ વિશ્વસનીય નાણાકીય એકમો તરીકે પુનઃસ્થાપિત કરવાનું શરૂ કરે છે.

### પાયા તરીકે સુધારા

UCF હેઠળ કેન્દ્રીય સહાય મેળવવી એ શાસન, નાણાકીય અને આયોજન સુધારાઓ પર આધારિત છે. શહેરો ક્રેડિટ યોગ્યતામાં સુધારો કરશે, એસેટ સિસ્ટમને મજબૂત કરશે, સેવા વિતરણને ડિજિટાઇઝ કરશે, કાર્યકારી કાર્યક્ષમતા વધારશે અને સંકલિત જમીન ઉપયોગ અને ગતિશીલતા આયોજન માળખા અપનાવશે તેવી અપેક્ષા છે.

ભંડોળ લક્ષ્યો અને માપી શકાય તેવા પરિણામો સાથે જોડાયેલું છે, અને અનુગામી વિતરણ માટે સતત સુધારો એ પૂર્વશરત છે. આ અભિગમ એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરે છે કે માળખાકીય બાંધકામ સંસ્થાકીય મજબૂતીકરણ સાથે થાય, નબળી જાળવણી અથવા ગેરવહીવટને કારણે સંપત્તિના ઘટાડાનું જોખમ ઘટાડે છે.

અર્બન ચેલેન્જ ફંડ શહેરી વિકાસમાં ખાનગી ક્ષેત્રની ભૂમિકાને પણ ફરીથી વ્યાખ્યાયિત કરે છે. બજાર ધિરાણને ફરજિયાત બનાવીને અને માળખાગત જોખમ વહેંચણી વ્યવસ્થાઓને પ્રોત્સાહન આપીને, તે ડિઝાઇન, ધિરાણ અને કામગીરીમાં ખાનગી ભાગીદારે માટે દરવાજા ખોલે છે. પ્રોજેક્ટ તૈયારી સહાય, વ્યવહાર સલાહકાર સહાય અને ડિજિટલ મોનિટરિંગ સિસ્ટમ્સનો હેતુ પ્રોજેક્ટની કાર્યક્ષમતા અને રોકાણકારોના વિશ્વાસને મજબૂત બનાવવાનો છે. જો અસરકારક રીતે અમલમાં મૂકવામાં આવે તો, આ ભારતના મ્યુનિસિપલ બોન્ડ માર્કેટને વધુ વિસ્તૃત કરી શકે છે અને શહેરી માળખાગત સુવિધાઓ માટે નાણાકીય આધારને વિસ્તૃત કરી શકે છે.

### સહયોગી અમલીકરણ મોડલ

આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે આ ફંડને વ્યાપક હિસ્સેદારોની ઈકોસિસ્ટમમાં સ્થાન આપ્યું છે. રાજ્યો, શહેરી સ્થાનિક સંસ્થાઓ, નાણાકીય સંસ્થાઓ, ક્રેડિટ રેટિંગ એજન્સીઓ અને ખાનગી ડેવલપર્સ સ્પર્ધાત્મક પડકાર આધારિત પ્રક્રિયા દ્વારા જોડાશે તેવી અપેક્ષા છે જે સજ્જતા અને નવીનતાને પુરસ્કૃત કરે છે. રાષ્ટ્રીય, રાજ્ય અને શહેર સ્તરે ક્ષમતા નિર્માણની જોગવાઈઓ આ માળખામાં બનાવવામાં આવી છે, એ સ્વીકારીને કે નાણાંની પહોંચ તકનીકી અને વ્યવસ્થાપક યોગ્યતા સાથે સુસંગત હોવી જોઈએ. ડિજિટલ મોનિટરિંગ પ્લેટફોર્મ્સ પારદર્શિતા અને જવાબદારીમાં વધારો કરશે તેવી અપેક્ષા છે, જે પરિણામ આધારિત શાસનને મજબૂત બનાવે છે.

### ભવિષ્ય માટે તૈયાર શહેરો તરફનો માર્ગ

ભારતની શહેરી વસ્તી આગામી દાયકાઓમાં નોંધપાત્ર રીતે વિસ્તરવાની છે અને માળખાગત સુવિધાઓની માંગનું પ્રમાણ તેની સાથે વધશે. અર્બન ચેલેન્જ ફંડ પોતાની જાતને આ લાંબા ગાળાના ક્ષિતિજમાં સ્થાપિત કરે છે, જે આર્થિક વૃદ્ધિ, આબોહવા સ્થિતિસ્થાપકતા અને નાણાકીય સ્થિરતાને એક માળખામાં જોડવાનો પ્રયાસ કરે છે.

આ ભંડોળ આખરે ભારતના શહેરી વિકાસમાં પરિવર્તન લાવશે કે નહિ તે તેના અમલીકરણ પર નિર્ભર રહેશે. પરંતુ તેનો હેતુ સ્પષ્ટ છે. અર્બન ચેલેન્જ ફંડ શહેરીકરણને નાણાકીય બોજ તરીકે નહીં, પરંતુ રોકાણની તક તરીકે જુએ છે જેનો લાભ લઈ શકાય છે. તેની ડિઝાઇનમાં બજાર શિસ્ત, સુધારા પ્રોત્સાહનો અને માપી શકાય તેવા પરિણામોનો સમાવેશ કરીને, તે ભારતના શહેરી પરિવર્તનના આગલા તબક્કાને વેગ આપવાનો પ્રયાસ કરે છે જેમાં શહેરો ગતિશીલ, સ્પર્ધાત્મક અને ભવિષ્ય માટે તૈયાર વિકાસ કેન્દ્રોમાં વિકસિત થાય છે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

### પિતા ખાનચંદનું કેન્સરને કારણે નિધન

## ટી૨૦ વર્લ્ડ કપ વચ્ચે જ સ્ટાર ક્રિકેટર રિંકુ સિંહ પર આભ તૂટ્યું

**રિંકુ સિંહના પિતા ખાનચંદ સિંહ છેલ્લા કેટલાક સમયથી ચોથા સ્ટેજના લિવર કેન્સર સામે ઝઝૂમી રહ્યા હતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૭:** ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ફિનિશર રિંકુ સિંહ માટે એક અત્યંત માઠા સમાચાર સામે આવ્યા છે. એકબાજુ રિંકુ ટી-૨૦ વર્લ્ડ કપમાં દેશ માટે મેદાન પર પરસેવો પાડી રહ્યો છે, ત્યારે બીજી બાજુ તેના પરિવાર પર આભ તૂટી પડ્યું છે. રિંકુ સિંહના પિતા ખાનચંદ સિંહનું કેન્સરની લાંબી બીમારી બાદ નિધન થયું છે. લિવર કેન્સર સામે હારી ગયા જંગ રિંકુ સિંહના પિતા ખાનચંદ સિંહ છેલ્લા કેટલાક સમયથી ચોથા સ્ટેજના લિવર કેન્સર સામે ઝઝૂમી રહ્યા હતા. તેમની તબિયત વધુ લથડતા તેમને ગ્રેટર નોઈડાની યથાર્થ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં તેમને મિકેનિકલ વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યા હતા અને કિડની રિપ્લેસમેન્ટ થેરાપી પણ ચાલી રહી હતી, પરંતુ તમામ પ્રયત્નો છતાં ડોક્ટરો તેમને બચાવી શક્યા નહોતા. રિંકુ સિંહ માટે આ સમય માનસિક રીતે ખૂબ જ પડકારજનક રહ્યો છે. સાઉથ આફ્રિકા સામેની હાર બાદ જ્યારે ભારતીય ટીમ ચેન્નાઈ પહોંચી ત્યારે પિતાની ગંભીર હાલતના સમાચાર મળતા જ રિંકુ તાત્કાલિક ટીમ છોડીને પિતા પાસે પહોંચ્યો હતો. જોકે, ઝિમ્બાબ્વે સામેના મહત્વના મેચ પહેલા તે ફરી ટીમ સાથે જોડાયો હતો, પરંતુ તેને પ્લેઈંગ-૧૧ માં સ્થાન મળ્યું નહોતું. ૨૬ ફેબ્રુઆરીએ ભારતે આ મેચ જીતી લીધો હતો, પરંતુ રિંકુ માટે આ જીતનો આનંદ પિતાના અવસાનના દુઃખમાં ફેરવાઈ ગયો છે. પિતાના નિધનને પગલે રિંકુ સિંહ ફરી એકવાર ટીમ ઈન્ડિયાનો સાથ છોડીને ઘરે પરત ફરશે. ભારતનો આગામી અને નિર્ણાયક મેચ ૧ માર્ચે વેસ્ટ ઈન્ડિઝ સામે કોલકાતામાં રમાવાનો છે. હવે જોવાનું એ રહેશે કે રિંકુ આ આઘાતમાંથી બહાર આવીને આ મહત્વના મેચ પહેલા ટીમ સાથે જોડાઈ શકે છે કે નહીં.

## રાજસ્થાનની કરુણ ઘટના : રમતાં રમતાં ૯ વર્ષની બાળકીનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું

**માત્ર ચાર મહિના પહેલા જ દિવ્યાના મોટા ભાઈનું પણ આ જ રીતે હૃદયરોગના હુમલાને કારણે અવસાન થયું હતું**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નાગૌર, તા.૨૭ :** રાજસ્થાનના નાગૌર જિલ્લાના ગોટન શહેરમાં એક અત્યંત કરુણ ઘટના સામે આવી છે. ગોટન ઈન્ટરનેશનલ સ્કૂલમાં અભ્યાસ કરતી ૯ વર્ષની બાળકીનું શાળાના મેદાનમાં રમતી વખતે હાર્ટ એટેક આવવાથી અવસાન થયું છે. આ ઘટનાએ માત્ર શાળા જ નહીં, પરંતુ સમગ્ર વિસ્તારને શોકમાં ગરકાવ કરી દીધો છે.

અહેવાલો અનુસાર, તાલનપુર ગામની રહેવાસી અને રાજેન્દ્ર બાપીડિયાની પુત્રી દિવ્યા ૨૩ ફેબ્રુઆરીના રોજ રાબેતા મુજબ સવારે ૭ વાગ્યાની આસપાસ સ્કૂલે પહોંચી હતી. સવારની પ્રાર્થના સભા (એસેમ્બલી) શરૂ થાય તે પહેલાં તે મેદાનમાં અન્ય બાળકો સાથે રમી રહી હતી. આ દરમિયાન તે અચાનક ઢળી પડી હતી. શાળાના સ્ટાફે વિલંબ કર્યા વિના તેને ગોટનની સરકારી હોસ્પિટલમાં ખસેડી હતી. હોસ્પિટલના ડોક્ટરોએ તપાસ બાદ દિવ્યાને મૃત જાહેર કરી હતી.

પ્રાથમિક તપાસમાં મૃત્યુનું કારણ કાર્ડિયાક અરેસ્ટ (હૃદયરોગનો હુમલો) હોવાનું સ્પષ્ટ થયું છે. ઘટનાના સીસીટીવી ફૂટેજ સોશિયલ મીડિયા પર વાઈરલ થયા છે, જેમાં જોઈ શકાય છે કે દિવ્યા અન્ય બાળકો સાથે સામાન્ય રીતે રમી રહી છે અને અચાનક પળવારમાં તે બેભાન થઈને જમીન પર પડી જાય છે. ડોક્ટરોના જણાવ્યા અનુસાર, બાળકીને કોઈ અગાઉની બીમારી કે શરીર પર કોઈ ઈજાના નિશાન નહોતા. આ ઘટનાએ બાપીડિયા પરિવાર પર દુઃખનો પહાડ તોડી નાખ્યો છે. કરુણતા એ છે કે, માત્ર ચાર મહિના પહેલા જ દિવ્યાના મોટા ભાઈનું પણ આ જ રીતે હૃદયરોગના હુમલાને કારણે અવસાન થયું હતું. ટૂંકા ગાળામાં પોતાના બે માસૂમ બાળકોને ગુમાવતા માતા-પિતાની હાલત અત્યંત દયનીય બની છે. પરિવારના આગ્રહને માન આપીને અને કોઈ શંકાસ્પદ બાબત ન જણાતા, પોસ્ટમોર્ટમ વગર જ બાળકીનો મૃતદેહ પરિવારને સોંપવામાં આવ્યો હતો. આ ઘટના બાદ નાની વયના બાળકોમાં વધતા હાર્ટ એટેકના કિસ્સાઓ ચિંતાનો વિષય બન્યા છે.

### દક્ષિણ ભારતના ૩ રાજ્યોમાં એલર્ટ

## ૨૬૦ કિ.મી.ની ઝડપ ધરાવતા હોરાસિયો વાવાઝોડાએ ભારતનું ટેન્શન વધાર્યું

**પંજાબ અને હરિયાણામાં સવારના સમયે ધુમ્મસ જોવા મળશે, પરંતુ દિવસ દરમિયાન તેજ તડકો રહેશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૭**

ભારતીય ઉપખંડમાં શિયાળાની વિદાય વચ્ચે હવામાનમાં મોટો પલટો આવ્યો છે. હિન્દ મહાસાગરમાં સર્જાયેલું ચક્રવાત 'હોરાસિયો' 260 કિલોમીટર પ્રતિ કલાકની પ્રચંડ ઝડપે આગળ વધી રહ્યું છે. જોકે, આ વાવાઝોડું ભારતીય તટ પર લેન્ડફોલ કરે તેવી શક્યતા ઓછી છે, પરંતુ તેની અસરને પગલે હવામાન વિભાગે દક્ષિણ ભારતના રાજ્યોમાં સાવચેતીના ભાગરૂપે એલર્ટ જાહેર કર્યું છે.

વાવાઝોડાની અસર અને સમુદ્રમાં ઓછા દબાણને કારણે હવામાન વિભાગે આંધ્રપ્રદેશ, તેલંગાણા અને કેરલમમાં ભારે પવન સાથે વરસાદની આગાહી કરી છે. જ્યારે આંદામાન અને નિકોબાર ટાપુઓ, પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને મેઘાલયમાં પણ વરસાદની અપેક્ષા છે. જ્યારે દક્ષિણ ભારતમાં વરસાદી માહોલ છે, ત્યારે ઉત્તર ભારતમાં ગરમીનો પારો વધી રહ્યો છે.

દિલ્હી-NCR: રાજધાનીમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતા ૫ ડિગ્રી વધી ગયું છે. ગુરુવારે લઘુત્તમ તાપમાન ૧૨.૬ ડિગ્રી નોંધાયું હતું. હાલમાં અહીં વરસાદની કોઈ સંભાવના નથી.પંજાબ અને હરિયાણામાં સવારના સમયે ધુમ્મસ જોવા મળશે, પરંતુ દિવસ દરમિયાન તેજ તડકો રહેશે. આગામી ત્રણ દિવસમાં ઉત્તર-પશ્ચિમ ભારતમાં તાપમાન ૫ ડિગ્રી સુધી વધી શકે છે. પશ્ચિમી વિક્ષેપ સક્રિય થવાને કારણે પહાડી રાજ્યોમાં હવામાન પલટાશે. હિમાચલ અને ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં હિમવર્ષા અને નીચાણવાળા વિસ્તારોમાં વરસાદની સંભાવના છે. બીજી તરફ દિલ્હીમાં હવાની ગુણવત્તામાં થોડો સુધારો નોંધાયો છે. CPCB ના ડેટા મુજબ, ગુરુવારે સાંજે AQI 200 નોંધાયો હતો.

## કોલકાતામાં ૫.૫ની તીવ્રતાનો ભૂકંપ આવતા ઘર બહાર દોડી આવ્યા લોકો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલકાતા, તા.૨૭**

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં આજે બપોરે લગભગ દોઢ વાગ્યાની આસપાસ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા આશરે ૫.૫ જણાવવામાં આવી રહી છે. ભૂકંપ આવતાં જ લોકો તેમના ઘરો અને ઓફિસોમાંથી બહાર દોડી આવ્યા હતા. જોકે, ભૂકંપને કારણે જાન-માલના કોઈ નુકસાનના સમાચાર સામે આવ્યા નથી.

પ્રારંભિક અહેવાલો અનુસાર, ભૂકંપનું કેન્દ્ર બાંગ્લાદેશમાં નોંધાયું છે. ભૂકંપના ઝટકા માત્ર થોડીક સેકન્ડ જ અનુભવાયા હતા. ભૂકંપની અસર ઊંચી ઈમારતોમાં વધુ અનુભવાઈ હતી. ઘણી ઓફિસોમાં કર્મચારીઓ ભૂકંપના ઝાટકા અનુભવાતા ઓફિસ ખાલી કરીને ખુલ્લી જગ્યાઓ પર ભેગા થઈ ગયા હતા.

રિપોર્ટ્સ અનુસાર, કોલકાતામાં આ ભૂકંપ બપોરે આશરે ૧:૨૦ વાગ્યે આવ્યો હતો. પ્રાથમિક રિપોર્ટ મુજબ, આ ભૂકંપનું કેન્દ્ર બાંગ્લાદેશમાં હોવાનું જણાવાઈ રહ્યું છે. રોયટર્સના અહેવાલ પ્રમાણે, યુરોપિયન-મેડિટેરેનિયન સિસ્મોલોજિકલ સેન્ટર (EMSC)એ ભૂકંપની તીવ્રતા ૫.૫ નોંધી છે. ભૂકંપ ૩૫ કિલોમીટરની ઊંડાઈમાં આવ્યો હતો. સોલ્ટ લેક વિસ્તારના લોકોએ જણાવ્યું કે, ઈમારતો હલવા લાગી ત્યારે તેઓ ઘરમાંથી બહાર નીકળીને ભાગ્યા હતા. બાંગ્લાદેશના ખુલના ડિવિઝનના સતખીરા વિસ્તારમાં ભૂકંપનું કેન્દ્ર હોવાનું કહેવાઈ રહ્યું છે. હજુ સુધી જાન-માલના નુકસાનની કોઈ સત્તાવાર માહિતી મળી નથી. પ્રત્યદર્શીએ કહ્યું કે, "મારા જીવનમાં આ સૌથી મોટો ભૂકંપનો ઝટકો હતો, જે ઘણી સેકન્ડ સુધી અનુભવાતો રહ્યો."

# સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય : હવેથી લોનના ગેરેન્ટર બનવા જાઓ તો ૧૦૦૦ વખત વિચારી લેજો

**એક જ લોન માટે મૂળ લોનધારક અને તેના કોર્પોરેટ ગેરેન્ટર બંને વિરુદ્ધ એક ખાસ નાદારી કાર્યવાહી કરવામાં આવી શકે છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૭**

ઘણીવાર આપણે પોતાના પરિવારજનની કે ખાસ મિત્રની મદદ કરવા માટે તેની લોનના ગેરેન્ટર બની જઈએ છીએ. વિચારીએ છીએ કે, લોન ચૂકવવાની જવાબદારી તો તે વ્યક્તિની છે, જે લોન લઈ રહ્યો છે. પરંતુ સુપ્રીમ કોર્ટે હાલમાં જ એક નિર્ણય લીધો છે, જેમાં લોન ગેરેન્ટરને કોઈ પણ મૂળ લોનધારક જેટલો જ ભાગીદારી ગણવામાં આવશે. કોર્ટે કહ્યું કે, એક જ લોન માટે મૂળ લોનધારક અને તેના કોર્પોરેટ ગેરેન્ટર બંને વિરુદ્ધ એક ખાસ નાદારી કાર્યવાહી કરવામાં આવી શકે છે.

ન્યાયમૂર્તિ દીપાંકર દત્તા અને ન્યાયમૂર્તિ ઓગસ્ટીન જોર્જ મસીહની બેંચે તેમના નિર્ણયમાં કહ્યું કે, નાદારી અને નાદારી સંહિતા (IBC) હેઠળ એવો કોઈ કાયદેસર પ્રતિબંધ નથી, જે લોન આપનારને તેનું લેણું વસૂલ કરવા માટે કાર્યવાહી શરૂ કરવાથી રોકે છે. ધિરાણકર્તાએ તેના દેવા માટે ગેરંટી મેળવવાના તર્કને સંપૂર્ણપણે સમજવું યોગ્ય લાગે છે. IBC હેઠળ અધિકારો ધરાવતો નાણાકીય લેણદાર આ અધિકારોનો ઉપયોગ કરી શકશે. તેવી જ રીતે, ન્યાયાધીશ સત્તાધિકારીની અરજીની ગુણવત્તાના આધારે સ્વતંત્ર રીતે તપાસ કરવાની જવાબદારી છે.

શું છે આ નિર્ણયનો અર્થ?- આ નિર્ણયે ભારતીય કરાર કાયદાના તે મૂળભૂત સિદ્ધાંતની પુષ્ટિ કરી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે, ગેરેન્ટકનું દાયિત્વ મૂળ લોનધારકના દાયિત્વ બરાબર હોય છે. આમાં કહેવામાં આવ્યું છે કે, જો કોઈ ધિરાણકર્તાએ એક નાદારી પ્રક્રિયા સમાપ્ત થયા બાદ જ બીજી શરૂ કરવા માટે મજબૂર કરવામાં આવે છે, તો ગેરેન્ટીનો મૂળ ઉદ્દેશ્ય જ વિફલ થઈ જશે.

લોન ચૂકવવાથી મળશે છૂટ- નિર્ણયમાં કહેવામાં આવ્યું કે, તેનો અર્થ એ હશે કે, અંતરિમ પીરિયડમાં ગેરેન્ટરને લોન ચૂકવવાથી છૂટ મળી જશે, જેની જોહવાઈ IBCમાં નથી. આ નિર્ણય ICICI બેંક અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સહિત મુખ્ય નાણાકીય સંસ્થાઓ દ્વારા વિવિધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રિયલ એસ્ટેટ કંપનીઓ સામે મોટી નાણાકીય સંસ્થાઓ દ્વારા દાખલ કરાયેલી અનેક અપીલો પછી સામે આવ્યો છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કરી દીધું છે કે, મૂળ ધિરાણકર્તા અને તેનો ગેરેન્ટર બંને જ લોન ચૂકવવા માટે બરાબર ભાગીદાર માનવામાં આવશે.

ગેરેન્ટર વિરુદ્ધ થશે નાદારી કાર્યવાહી- આ નિર્ણયે ICICI બેંક અને SBIની તે અપીલોને સ્વીકાર કરી દીધી, જેમાં પહેલા ગેરેન્ટર વિરુદ્ધ નાદારી કાર્યવાહી રોકી દેવામાં આવી હતી. તેણે કંપનીઓના ડિરેક્ટરોની તે અપીલોને દરખાસ્ત કરી દીધી, જેમાં તેમણે પોતાની કંપની વિરુદ્ધ સમાનાંતર કાર્યવાહી રોકવાનો અનુરોધ કર્યો હતો. કોર્ટના આદેશ બાદ લોનની ગેરેન્ટર બનેલી કંપનીઓ પાસેથી પણ વસૂલી અથવા તેમના વિરુદ્ધ નાદારી કાર્યવાહી શરૂ કરવાની સ્વતંત્રતા મળશે.

### કેન્દ્ર સરકારે કરી મોટી તૈયારી

## હવે અગ્નિવીરોને નિવૃત્ત થતાં જ રેલવેમાં નોકરીની મળશે તક

**આ પહેલથી રેલવેમાં ઉપલબ્ધ નોકરીઓ વિશે જાગૃતિ વધશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૭**

ભારતીય રેલવે અને ભારતીય સેનાએ એક મહત્વપૂર્ણ પહેલ હેઠળ "ફ્રેમવર્ક ઓફ કોઓપરેશન" શરૂ કર્યું છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય અગ્નિવીરો અને સેવારત/સેવાનિવૃત્ત લશ્કરી કર્મચારીઓને લશ્કરી સેવા બાદ નાગરિક જીવનમાં સરળ સંક્રમણની સુવિધા આપવાનો તથા રેલવેમાં રોજગારની તકોનો વિસ્તાર કરવાનો છે.

વરિષ્ઠ સૈન્ય અધિકારીઓ અને રેલવે મંત્રાલયના નેતૃત્વ દ્વારા શરૂ કરવામાં આ પહેલથી રેલવેમાં ઉપલબ્ધ નોકરીઓ વિશે જાગૃતિ વધશે અને આ સાથે જ નિવૃત્ત કર્મચારીઓ માટે એક સમર્પિત સહાય પ્રણાલી સ્થાપિત કરવામાં આવશે. આ પહેલ નિવૃત્ત સૈનિકોને સાર્થક બીજુ કરિયર પ્રદાન કરવા અને રાષ્ટ્રીય વિકાસ લક્ષ્યોમાં યોગદાન આપવાની સહિયારી પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

ભારતીય રેલવે પૂર્વ સૈનિકોના કલ્યાણ અને પુનર્વસનને તેની નીતિઓનો અભિન્ન ભાગ માને છે. આ પહેલ હેઠળ પૂર્વ સૈનિકો અને નિવૃત અગ્નિવીરો માટે ખાસ અનામત સુનિશ્ચિત કરવામાં આવ્યું છે.

નિવૃત સૈનિકો માટેઃ લેવલ-૨ અને ઉપરના પદોમાં ૧૦% તથા લેવલ-૧ના પદોમાં ૨૦% અનામત. નિવૃત અગ્નિવીરો માટેઃ લેવલ-૨ અને ઉપરના પદોમાં ૫% તથા લેવલ-૧ના પદોમાં ૧૦% અનામત.

વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫માં રેલવેની વિવિધ ભરતી નોટિફિકેશનમાં નિવૃત સૈનિકો માટે કુલ ૧૪,૭૮૮ જગ્યાઓ અનામત રાખવામાં આવી હતી, જેમાં ૬,૪૮૫ લેવલ-૧ પદ અને ૮,૩૦૩ લેવલ-૨/ઉપરના પદ સામેલ છે. આ પદ પર ભરતી રલવે ભરતી બોર્ડ (RRB) અને રેલ્વે ભરતી કેન્દ્રો (RRC)ના માધ્યમથી સ્પર્ધાત્મક પરીક્ષાઓ દ્વારા કરવામાં આવે છે.

આ ઉપરાંત હાલની ખાલી જગ્યાઓ ભરવાની પ્રક્રિયા ઝડપી બનાવવા અને નિવૃત સૈનિકોની ઝડપી ભરતીને પ્રોત્સાહન આપવા માટે રેલવે મંત્રાલયે નિયમિત ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી 'પોઈન્ટ્સમેન' પદ માટે કરારના આધારે ભૂતપૂર્વ સૈનિકોની ભરતી કરવાનો નિર્ણય લીધો છે. આ હેતુ માટે ૫,૦૦૦ થી વધુ જગ્યાઓનું આયોજન કરવામાં આવ્યું છે, અને દેશભરના નવ રેલવે વિભાગોએ પહેલા જ લશ્કરી સંગઠનો સાથે MoU પર હસ્તાક્ષર કરી લીધા છે.

આ સહયોગ અગ્નિવીર યોજના હેઠળ ૨૦૨૬માં નિવૃત્ત થનારા નિવૃત્ત સૈનિકોના પ્રથમ બેચ માટે તો મહત્વપૂર્ણ છે જ, પરંતુ લશ્કરી અને નાગરિક ક્ષેત્રો વચ્ચે મજબૂત સંકલનનું પ્રતીક પણ છે. આનાથી નિવૃત્ત સૈનિકોને સન્માનજનક અને સ્થિર રોજગાર મળશે, જે તેમની કુશળતા અને શિસ્તને રેલવે જેવા મોટા સંગઠનમાં ઉપયોગી સાબિત કરશે.

### અલ્હાબાદ હાઈકોર્ટમાંથી સ્વામી અવિમુક્તેશ્વરાનંદને મોટી રાહત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અલ્હાબાદ, તા.૨૭**

અલ્હાબાદ હાઈકોર્ટે શુક્રવારે શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદને મોટી રાહત આપી છે. કોર્ટે સ્વામી અવિમુક્તેશ્વરાનંદની ધરપકડ પર રોક લગાવી દીધી છે. કોર્ટે પોતાના આદેશમાં કહ્યું કે સ્વામી અવિમુક્તેશ્વરાનંદને આગામી સુનાવણી સુધી દંડાત્મક કાર્યવાહીમાંથી અંતરિમ સુરક્ષા આપવામાં આવે છે.

જાણકારી અનુસાર, રાહતની માગવાળી અરજી પર સુનાવણી કરતા હાઈકોર્ટે અધિકારીઓને શંકરાચાર્ય વિરુદ્ધ તત્કાળ કોઈ કાર્યવાહી નહીં કરવાના નિર્દેશ આપ્યા છે. અલ્હાબાદ હાઈકોર્ટે પોલીસ તપાસમાં સહયોગ કરવાના નિર્દેશ આપ્યા છે. કોર્ટના આ આદેશ બાદ પોલીસ સ્વામી અવિમુક્તેશ્વરાનંદ અને તેમના શિષ્ય મુકુંદાનંદ ગિરીને ધરપકડ કરી શકશે નહીં. જસ્ટિસ જિતેન્દ્ર કુમાર સિન્હાએ ચુકાદો આપ્યો હતો. કોર્ટમાં સુનાવણી દરમ્યાન વકીલોથી આખી કોર્ટ ખચાખચ ભરી હતી. ઝૂંસી પોલીસ સ્ટેશનના વડા પણ કોર્ટમાં હાજર હતા. શંકરાચાર્યે કહ્યું કે, કોર્ટ સમજી રહી છે કે આ કેસને ફાલતૂ બનાવવામાં આવ્યો છે. અમે અમારી વાતને કોર્ટમાં રજૂ કરી. ન્યાયાધીશને જે સાચું લાગ્યું તે નિર્ણય આપશે.

શંકરાચાર્યની આગોતરા જામીન અરજી પર સુનાવણી કરતા અલ્હાબાદ હાઈકોર્ટે સવાલ કર્યો કે પહેલા સેશન કોર્ટ કેમ ન ગયા, અમારે અરજી પર સુનાવણી કેમ કરવી જોઈએ.

રાજ્ય સરકારના વકીલોએ જામીનનો વિરોધ કર્યો. તેમણે કહ્યું કે, શંકરાચાર્ય ખૂબ જ પાવરફુલ છે. જામીન મળી ગયા તો કેસને પ્રભાવિત કરશે. હાઈકોર્ટે પોલીસને પૂછ્યું-પીડિત બાળકો ક્યાં છે. શંકરાચાર્યના વકીલે કહ્યું કે, એક પીડિતને મજિસ્ટ્રેટ સામે હાજર કર્યા, બીજાને કેમ નહીં. તેના પર આશુતોષ મહારાજના વકીલે કહ્યું કે, તેની પરીક્ષા ચાલી રહી હતી.

### BOB તરફથી મળેલી ફરિયાદના આધારે એજન્સીએ FIR નોંધી

## રૂ.૨૨૦૦ કરોડના બેન્ક ફ્રોડ મામલે CBIએ અનિલ અંબાણી સામે નવો કેસ કર્યો

**અનિલ અંબાણીએ બોમ્બે હાઈકોર્ટમાં અરજી દાખલ કરવાથી ખાતાને છેતરપિંડી તરીકે જાહેર કરવાની પ્રક્રિયા પર સ્ટે મળ્યો હતો**




(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૭**

સીબીઆઈએ ઉદ્યોગપતિ અનિલ અંબાણી અને રિલાયન્સ કમ્યુનિકેશન્સ સામે 2013-17 દરમિયાન બેંક ઓફ બરોડાને છેતરપિંડી કરીને 2,220 કરોડથી વધુનું નુકસાન પહોંચાડ્યાના આક્ષેપો સાથે નવો કેસ નોંધ્યો છે. બેંક તરફથી પ્રાપ્ત થયેલી ફરિયાદના આધારે આ કેસ નોંધાયો છે. બીજી બાજુ ફ્રોડના એક અન્ય કેસમાં અનિલ અંબાણી ઈડી સમક્ષ હાજર થયા હતા. ઈડીએ આશરે નવ કલાક તેમની પૂછપરછ કરી હતી.

સીબીઆઈના પ્રવક્તાએ નિવેદનમાં જણાવ્યું કે, "કેસ નોંધાયા બાદ અનિલ અંબાણીના નિવાસસ્થાન તેમજ રિલાયન્સ કમ્યુનિકેશન્સ લિ.ના નોંધાયેલા કચેરીઓમાં દરોડા પાડવામાં આવ્યા છે. આ લોન ટ્રાન્ઝેક્શન સાથે સંબંધિત વિવિધ દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા છે." એફઆઈઆરમાં આક્ષેપ છે કે રિલાયન્સ કમ્યુનિકેશન્સે લીધેલી લોનની રકમ સંબંધિત પક્ષો સાથેના કથિત ખોટા વ્યવહારો દ્વારા અન્યત્ર વાળવામાં અને દુરુપયોગ કરવામાં આવતા બેંક ઓફ બરોડાને 2,220 કરોડથી વધુનું નુકસાન થયું હતું. અધિકારીઓના કહેવા અનુસાર, આ ખાતાને 2017માં જ એનપીએ (નોન-પરફોર્મિંગ એસેટ) તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. પ્રવક્તાએ વધુમાં જણાવ્યું હતું કે, "પરંતુ અનિલ અંબાણીએ બોમ્બે હાઈકોર્ટમાં અરજી દાખલ કરવાથી ખાતાને છેતરપિંડી તરીકે જાહેર કરવાની પ્રક્રિયા પર સ્ટે મળ્યો હતો. 23-02-2026ના રોજ હાઈકોર્ટે સ્ટે રદ કર્યા બાદ બેંક ઓફ બરોડાએ ફરિયાદ નોંધાવી અને સીબીઆઈએ તરત જ કેસ હાથ ધર્યો." જો કે આ અંગે કંપની તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી કરાઈ નથી. ફરિયાદમાં બેંક ઓફ બરોડાએ અંબાણી અને RCOM પર મંજૂર કરાયેલા હેતુઓના વિરુદ્ધ સિસ્ટમેટિક રીતે લોનની રકમનો દુરુપયોગ કરવાનો આક્ષેપ કર્યો છે. હિસાબી પુસ્તકોમાં ગેરરીતિઓ છુપાવવા અને નાણાકીય સ્થિતિ ખોટી રીતે દર્શાવવા, લોનની રકમને અન્યત્ર વાળવા, વાસ્તવિક નાણાં પ્રવાહ છુપાવવા માટે ફંડનું રિસાયક્લિંગ અને લેયરિંગ કરવાની પણ ફરિયાદ કરવામાં આવી છે.

## સેડેમેક મેકાટ્રોનિક્સ લિમિટેડનો આઈપીઓ બુધવાર, ૪ માર્ચ, ૨૦૨૬ના રોજ ખુલશે




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**અમદવાદ, તા.૨૭**

સેડેમેક મેકાટ્રોનિક્સ લિમિટેડ બુધવાર, ૦૪ માર્ચ, ૨૦૨૬ના રોજ પ્રત્યેક રૂ. ૧૦ની ફેસ વેલ્યુના તેના ઈક્વિટી શેર્સના આઈપીઓ ખોલવાની દરખાસ્ત કરે છે. એન્કર ઈન્વેસ્ટર બિડિંગ તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખ કામકાજના એક દિવસ પહેલા એટલે કે સોમવાર, ૦૨ માર્ચ, ૨૦૨૬ છે. બિડ/ઓફર શુક્રવાર, ૦૬ માર્ચ, ૨૦૨૬ના રોજ બંધ થશે.

પ્રત્યેક રૂ.૧૦ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર માટે પ્રાઈઝ બેન્ડ રૂ.૧,૨૮૭થી રૂ.૧,૩૫૨ નક્કી કરવામાં આવ્યો છે. બિડ્સ લઘુતમ ૧૧ ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ ૧૧ ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે.

૨૦૦૭માં આઈઆઈટી બોમ્બેના ચાર એન્જિનિયરો દ્વારા સ્થાપિત સેડેમેક મેકાટ્રોનિક્સ વૈશ્વિક સ્તરે ઉપયોગમાં લેવાતી કંટ્રોલ ટેકનોલોજી કંપની બની ગઈ છે અને ઓટોમોટિવ તથા ઈન્ડસ્ટ્રીયલ ઈલેક્ટ્રોનિક્સમાં વારંવાર સ્કેલેબલ, પ્રગતિશીલ નવીનતાઓ પૂરી પાડવા માટે ભારતીય મૂળના જૂજ સપ્લાયર્સમાંની એક છે.

કંપની ભારત, અમેરિકા અને યુરોપમાં મુખ્ય ઓઈએમને કંટ્રોલ-ઈન્ટેન્સિવ ઈલેક્ટ્રોનિક કંટ્રોલ યુનિટ્સ (ઈસીયુ)ની અગ્રણી સપ્લાયર છે. સંપૂર્ણ રીતે ઈન-હાઉસ માલિકીની કંટ્રોલ ટેક્નોલોજી ક્ષમતાઓ સાથે, સેડેમેક ટુ અને થ્રી વ્હીલર, ઈલેક્ટ્રિક વાહનો અને જનરેટર એપ્લિકેશનો માટે સેવા આપે છે.

વ્યૂહાત્મક રીતે, કંપની કોમર્શિયલ વાહનો અને પાવર ટૂલ્સ સેગમેન્ટમાં વિસ્તરણ કરી રહી છે, સેન્સરલેસ મોટર કંટ્રોલમાં સફળ પ્રૂફ-ઓફ-કન્સેપ્ટ પ્રદર્શનો અને કોમર્શિયલ વાહન પ્લેટફોર્મ માટે ઈસીયુનો ચાલુ વિકાસ તેને વૃદ્ધિના આગામી તબક્કા માટે સ્થાન આપે છે.

કંપનીના ઈક્વિટી શેસનું બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ પર લિસ્ટિંગ કરવાનો પ્રસ્તાવ છે.

આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીઝ, એવેન્ડસ કેપિટલ પ્રાઈવેટ લિમિટેડ અને એક્સિસ કેપિટલ લિમિટેડ આ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર્સ છે.

# અફઘાનિસ્તાને ઈસ્લામાબાદ સુધી હવાઈ હુમલાઓ કર્યા : પાકિસ્તાનના ૪ સૈન્ય બેઝ પર બોમ્બમારો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ઈસ્લામાબાદ, તા.૨૭**

દુનિયામાં વધુ એક યુદ્ધ ભડકી ગયું છે. છેલ્લા ૨૪ કલાકથી પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે ભારેલા અગ્નિ જેવી સ્થિતિ છે. પાકિસ્તાનના ૫૫ સૈનિકોને માર્યા બાદ અફઘાનિસ્તાને હવે શહેરોમાં મિલિટરી ઠેકાણાને ટાર્ગેટ કર્યા છે. અફઘાનિસ્તાનના સંરક્ષણ મંત્રાલયના દાવા મુજબ આજે શુક્રવારે સવારે ૧૧ કલાકે અફઘાન એરફોર્સે પાકિસ્તાન પર એર સ્ટ્રાઈક કરી છે.

અફઘાનિસ્તાને દિન-દહાડે કરેલી એર સ્ટ્રાઈકમાં પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદ પાસે આવેલા એક મિલિટરી કેમ્પ પર હુમલો કરવામાં આવ્યો છે. સાથે જ ખૈબર પખ્તુનખ્વાના નૌશેરામાં એક સૈન્ય બેરેક અને જમરુદમાં એક લશ્કરી સ્થળને નિશાન બનાવવામાં આવ્યું છે.

અફઘાનિસ્તાનની એર સ્ટ્રાઈક, ૪ સૈન્ય બેઝ ટાર્ગેટ : ઈસ્લામાબાદ, નૌશેરા, જમરૂદ, એબટાબાદ.

અફઘાનિસ્તાનના સંરક્ષણ મંત્રાલય મુજબ, આ ખાસ ઓપરેશનમાં મિલિટરી સાઈટ્સ, સેન્ટર્સ અને ફેસીલીટીને સટીક રીતે નિશાન બનાવવામાં આવી છે. આ સ્ટ્રાઈક કાલે રાત્રે કાબુલ, કંધાર અને પક્તિયામાં પાકિસ્તાની મિલિટરી દ્વારા કરવામાં આવેલી એર રેડસનો જવાબી હુમલો છે. આ હુમલામાં ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જો કે પાકિસ્તાન સરકાર તરફથી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

પાકિસ્તાની વાયુસેનાએ (PAF) ગત રાત્રે કાબુલ સહિત અનેક શહેરો પર ભયાનક એર સ્ટ્રાઈક કરી હતી. આ ઓપરેશનને પાકિસ્તાને ગઝબ લિલ હક નામ આપ્યું છે. અફઘાનિસ્તાનની તાલિબાની સરકાર દ્વારા પાકિસ્તાનની એર સ્ટ્રાઈકના જવાબરૂપે સરહદે હુમલો કરાયાની માહિતી સામે આવતા જ પાકિસ્તાનના ડિફેન્સ મિનિસ્ટર ખ્વાઝા આસિફે અફઘાનિસ્તાન તાલિબાન વિરુદ્ધ યુદ્ધનું એલાન કરી દીધું હતું.

પાકિસ્તાની વાયુસેનાએ ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ની વહેલી સવારે અફઘાનિસ્તાનના તાલિબાન સૈન્ય ઠેકાણાઓ પર વળતો હુમલો કર્યો હતો. પાકિસ્તાની દાવા મુજબ, આ એર સ્ટ્રાઈકમાં કાબુલમાં બે બ્રિગેડ હેડક્વાર્ટર સંપૂર્ણપણે નષ્ટ કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત કંદહારમાં કોર હેડક્વાર્ટર, દારૂગોળો ડેપો અને લોજિસ્ટિક્સ બેઝ પર પણ ભારે બોમ્બમારો કરવામાં આવ્યો છે. પક્તિયા પ્રાંતમાં પણ એક કોર હેડક્વાર્ટરને નિશાન બનાવીને તોડી પડાયું છે.

પાકિસ્તાને પણ વળતો પ્રહાર કરતા કાબુલ અને કંધારમાં એર સ્ટ્રાઈક કરી છે, જેમાં ૧૩૩ લોકોના મોત થયા હોવાનું કહેવાય છે. પાકિસ્તાનના સંરક્ષણ મંત્રીએ આ સ્થિતિને સત્તાવાર રીતે યુદ્ધ ગણાવી દીધું છે. હવે આંતરરાષ્ટ્રીય સ્તરે સાઉદી અરબ કેવું વલણ અપનાવે છે તે જોવું રસપ્રદ રહેશે, કારણ કે સાઉદી પહેલેથી જ અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે સમજૂતી કરાવવા માટે પ્રયત્નશીલ રહ્યું છે.

# પાક-અફઘાનિસ્તાન યુદ્ધમાં સાઉદીની એન્ટ્રી : ૫૫ સૈનિકોના મોત બાદ રિયાધની શરણમાં પહોંચ્યા શાહબાઝ સરકાર

**પાકિસ્તાનના નાયબ વડાપ્રધાન ઇશાક ડારે સાઉદીના વિદેશ મંત્રી પ્રિન્સ ફૈઝલ બિન રહમાન સાથે ફોન પર વાતચીત કરી છે**





(સંપૂર્ણ સમાચાર સેવા)
**રિયાદ, તા.૨૭**

પાકિસ્તાન અને અફઘાનિસ્તાનની તાલિબાન સરકાર વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યા બાદ હવે પાકિસ્તાને પોતાના રક્ષા સહયોગી સાઉદી અરબનો સંપર્ક સાધ્યો છે. પાકિસ્તાનના નાયબ વડાપ્રધાન ઈશાક ડારે સાઉદીના વિદેશ મંત્રી પ્રિન્સ ફૈઝલ બિન રહમાન સાથે ફોન પર વાતચીત કરી છે. જેદ્દામાં આયોજિત ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશનની બેઠક દરમિયાન થયેલી આ વાતચીતમાં પાકિસ્તાને વિસ્તારમાં વધી રહેલા તણાવને ઓછો કરવા માટે સાઉદીની મદદ માંગી છે. પાકિસ્તાન અને સાઉદી અરબ વચ્ચે થયેલા સંરક્ષણ કરાર મુજબ, એક દેશ પર હુમલો એ બીજા પર હુમલો માનવામાં આવે છે, જે પાકિસ્તાન માટે આ યુદ્ધમાં મહત્ત્વનું સાબિત થઈ શકે છે.

બીજી તરફ, સરહદ પર સ્થિતિ ગંભીર બની રહી છે. અફઘાનિસ્તાન સરકારના પ્રવક્તા ઝબીઉલ્લાહ મુજાહિદે દાવો કર્યો છે કે તાલિબાનના ઓપરેશનમાં પાકિસ્તાનની ૧૯ ચોકીઓ પર કબજો કરી લેવામાં આવ્યો છે અને અંદાજે ૫૫ પાકિસ્તાની સૈનિકોને ઠાર માર્યા છે. આટલું જ નહીં, કેટલાક સૈનિકોને પકડવામાં આવ્યા હોવાનો પણ દાવો છે. સાઉદી અરબ અને તાલિબાન વચ્ચે મોટો વ્યાપારી અને માનવીય સહાયનો સંબંધ હોવાથી પાકિસ્તાનને આશા છે કે સાઉદી મધ્યસ્થી કરીને આ યુદ્ધ અટકાવવામાં ભૂમિકા ભજવશે.

સામે પક્ષે પાકિસ્તાને પણ વળતો પ્રહાર કરતા કાબુલ અને કંધારમાં એરસ્ટ્રાઈક કરી છે, જેમાં ૧૩૩ લોકોના મોત થયા હોવાનું કહેવાય છે. પાકિસ્તાનના સંરક્ષણ મંત્રીએ આ સ્થિતિને સત્તાવાર રીતે યુદ્ધ ગણાવી દીધું છે. હવે આંતરરાષ્ટ્રીય સ્તરે સાઉદી અરબ કેવું વલણ અપનાવે છે તે જોવું રસપ્રદ રહેશે, કારણ કે સાઉદી પહેલેથી જ અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે સમજૂતી કરાવવા માટે પ્રયત્નશીલ રહ્યું છે.

યુક્રેન પર ૪૨૦ ડ્રોન સાથે ભીષણ હુમલો

# પુતિનને વાતચીત કરી યુદ્ધ ખતમ કરવામાં જરાય રસ નહીં

**ઝેલેન્સ્કીએ અત્યંત વિપરીત વાતાવરણણાં પણ શાંતિ મંત્રણા ચાલુ રાખવાના ટ્રમ્પના પ્રયત્નોની પ્રશંસા કરી**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**કિવ, તા.૨૭**

યુક્રેને જણાવ્યું હતું કે, જિનિવામાં અમેરિકા દ્વારા યોજાનારી શાંતિ મંત્રણા પૂર્વે રશિયાએ યુક્રેન પર ભીષણ હુમલો કર્યો છે. લગભગ ૪૨૦ ડ્રોન અને ૩૯ બેલિસ્ટિક મિસાઈલ સાથે આ હુમલો કરવામાં આવ્યા છે. આ હુમલામાં કોઈનું નિધન તો થયું નથી, પરંતુ બાળકો સહિત ઘણા બધા લોકોને ઈજા પહોંચી છે. આ હુમલો મુખ્યત્વે યુક્રેનની રાજધાની અને તેની આસપાસના વિસ્તારોમાં કરવામાં આવ્યા હતા.

યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે, અમેરિકા અને યુક્રેને પ્રતિનિધિઓ મંત્રણાની તૈયારી કરી રહ્યા છે ત્યારે રશિયા હુમલાની તૈયારી કરી રહ્યું છે. બંને દેશ વચ્ચેનું યુદ્ધ હવે પાંચમાં વર્ષમાં પ્રવેશી ચૂક્યું છે. રશિયાએ યુક્રેનના આઠ પ્રાંતમાં મુખ્યત્વે તેના ઊર્જા માળખાને નિશાન બનાવીને હુમલા કર્યા હતા. આ હુમલામાં બાળકો સહિત ડઝનથી પણ વધુ લોકોને ઈજા થઈ હતી. ઝેલેન્સ્કીએ અત્યંત વિપરીત વાતાવરણણાં પણ શાંતિ મંત્રણા ચાલુ રાખવાના ટ્રમ્પના પ્રયત્નોની પ્રશંસા કરી હતી અને આભાર માન્યો હતો. અમેરિકાની મધ્યસ્થીથી પ્રેરિત રશિયા-યુક્રેન વચ્ચેની શાંતિ મંત્રણા જારી છે, પરંતુ રશિયા જેના પર દાવો કરે છે તે યુક્રેનિયન પ્રાંતને લઈને મડાગાંઠ સર્જાઈ છે. આ મુદ્દે બંને પક્ષમાંથી કોઈપણ નમતુ જોખવા તૈયાર નથી.

ઝેલેન્સ્કી પર રશિયાના પ્રમુખ પુતિન સાથે સીધી વાતચીત કરવા દબાણ કરવામાં આવ્યું હતું અને જણાવાયું હતું કે, સામસામે બેસીને સીધી વાતચીત કરવાથી હકારાત્મક નીવેડો આવી શકે છે, પરંતુ ક્રેમલિને જ તેના માટેનો ઈન્કાર કરી દીધો હતો. તેમણે યુક્રેનના પ્રમુખને તેમને ત્યાં આમંત્રણ આપવાનો જ ઈન્કાર કરી દીધો છે. વોશિંગ્ટને યુદ્ધ છતાં પણ એક વર્ષથી ચાલતી મંત્રણાને બંધ થવા દીધી નથી, બીજી બાજુ રશિયાએ હુમલા પણ બંધ કર્યા નથી. યુક્રેન અને યુરોપીયન સત્તાવાળાઓ પુતિન પર વારંવાર શાંતિ મંત્રણા ખોરવી નાખવાનો આરોપ લગાવતા રહ્યા છે. તેમને આશા છે કે અમેરિકા દ્વારા લગાવવામાં આવનારા વધારે પ્રતિબંધ રશિયાની આગેકૂચને અટકાવી શકશે. રશિયાએ યુક્રેનના મૃત્યુ પામેલા ૧૦૦૦ સૈનિકોના મૃતદેહ પરત કર્યા છે તો બદલામાં તેમના ૩૫ સૈનિકોના મૃતદેહ પરત મેળવ્યા છે. જો કે બંને દેશોએ જણાવ્યું હતું કે આ આપલે ક્યારે થઈ છે.

ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે, રશિયાએ કીવ અને દનિપ્રોપેટ્રોવ્સ્ક પ્રાંતમાં ગેસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વીજ સબસ્ટેશનો પર હુમલા કર્યા હતા. યુક્રેનિયન વિદેશ પ્રધાને પશ્ચિમી દેશોને યુક્રેનને હજી વધુ લશ્કરી સહાય પૂરી પાડવા વિનંતી કરી હતી. રશિયાના સંરક્ષણ વિભાગે જણાવ્યું હતું કે, તેમણે યુક્રેનના ૧૭ ડ્રોન તોડી પાડયા છે. જ્યારે યુક્રેન રશિયાના ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લક્ષ્યાંક બનાવી રહ્યું છે.




દુબઈના ગુજરાતી ફેન સાથેની મુલાકાતે મચાવી ધૂમ

# અમિતાભ બચ્ચન અને ‘દીવાર’નો અનોખો ક્રેઝ




**ભારતીય સિનેમાના ઈતિહાસમાં અમિતાભ બચ્ચનની ફિલ્મ ‘દીવાર’ એક સીમાચિહ્ન રૂપ ગણાય છે**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૭**

ભારતીય સિનેમાના ઈતિહાસમાં અમિતાભ બચ્ચનની ફિલ્મ ‘દીવાર’ એક સીમાચિહ્ન રૂપ ગણાય છે. આ ફિલ્મથી જ બચ્ચન સાહેબને બોલીવુડના ‘એન્ગ્રી યંગ મેન’ તરીકે છાપ છોડી હતી. તાજેતરમાં આ આઈકોનિક ફિલ્મના ૫૧ વર્ષ પૂર્ણ થયા છે, ત્યારે દુબઈના એક મોટા ગજાના બિઝનેસમેન અને અમિતાભ બચ્ચનના પરમ પ્રશંસકે મુંબઈમાં તેમને રૂબરૂ મળીને પોતાની વર્ષો જૂની ઈચ્છા પૂરી કરી છે. આ મુલાકાત માત્ર એક ફેન મોમેન્ટ નથી, પરંતુ સિનેમા પ્રત્યેના અખૂટ પ્રેમનું પ્રતીક બની રહી છે.

દુબઈ સ્થિત ગોલ્ડ બિઝનેસ ડાયકૂન અનિલ ધનક તાજેતરમાં મુંબઈમાં અમિતાભ બચ્ચનના નિવાસસ્થાન જલસા ખાતે મળ્યા હતા. આ પ્રસંગે તેમણે અમિતાભ બચ્ચનને ફિલ્મ દીવારના તેમના આઈકોનિક લૂકવાળું એક આર્ટવર્ક કેનવાસ ભેટમાં આપ્યુ હતું. અમિતાભ બચ્ચને પણ ખૂબ જ સહજતાથી આ કેનવાસ પર પોતાના હસ્તાક્ષર કરી આપ્યા હતા.

અનિલ ધનકે જણાવ્યું કે, આટલા મોટા કદના સુપરસ્ટાર હોવા છતાં અમિતાભ બચ્ચન સમયના ખૂબ પાબંદ છે અને તેમનો સ્વભાવ અત્યંત નમ્ર છે.

મુલાકાત દરમિયાન અનિલ ધનકે જૂની યાદો તાજી કરતા જણાવ્યું કે, ૭૦ના દાયકામાં જ્યારે અમિતાભ બચ્ચનની કોઈ ફિલ્મ રિલીઝ થતી, ત્યારે આખું શહેર જાણે થિયેટર પર ઉમટી પડતું હતું. ‘દીવાર’ જેવી ફિલ્મો માટે લોકો વહેલી સવારથી જ ટિકિટ મેળવવા કતારો લગાવતા હતા. તે સમયે ફિલ્મો માત્ર મનોરંજનનું સાધન નહીં, પરંતુ એક ઉત્સવ સમાન ગણાતી હતી. આજે પણ ૫૧ વર્ષ બાદ ‘દીવાર’ના એ ડાયલોગ અને અમિતાભ બચ્ચનનો જોશ એટલો જ પ્રભાવશાળી લાગે છે. પાંચ દાયકાથી વધુ લાંબી કારકિર્દી ધરાવતા અમિતાભ બચ્ચન આજે એક બ્રાન્ડ જેવા છે. તેમની વ્યાવસાયિક શિસ્ત અને કામ પ્રત્યેનું સમર્પણ નવી પેઢીના કલાકારો માટે માર્ગદર્શક છે. ૧૯૭૫માં આવેલી ‘દીવાર’ એ માત્ર એક એક્શન ફિલ્મ નહોતી, પરંતુ તે સમયના સમાજમાં વ્યાપ્ત અન્યાય અને અસમાનતા સામેનો એક બળવો હતો. આ ફિલ્મે જ અમિતાભને માત્ર સ્ટાર નહીં પણ લિજેન્ડ બનાવ્યા છે, જેનો જાદુ આજે આખી દુનિયામાં, ખાસ કરીને દુબઈ જેવા આંતરરાષ્ટ્રીય શહેરોમાં પણ જોવા મળે છે.

જુહૂમાં ભાડે રહેવાનું ચાલુ રાખશે

# શ્રદ્ધા ફ્લેટનું મહિને છ લાખ ભાડું આપશે, લીઝ રિન્યુ કરાવી





(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૭**

શ્રદ્ધા કપૂર વધુ એક વર્ષ માટે મુંબઈનાં જુહૂ વિસ્તારના ફલેટમાં ભાડે રહેશે. તેણે આ ફલેટ માટે મહિને છ લાખ ભાડું આપવાનો લીઝ કરાર રિન્યૂ કરાવ્યો છે. આ ફલેટનું ક્ષેત્રફળ ૩૯૨૯ ચોરસ ફૂટ છે. શ્રદ્ધા અગાઉથી આ ફલેટમાં ભાડે રહે છે. તેને ફલેટ સાથે ચાર કાર પાર્કિંગ પણ મળ્યાં છે.

પચ્ચીસમી ફેબ્રુઆરીએ શ્રદ્ધાએ લીઝ કરાર રિન્યૂ કરાવી સ્ટેમ્પ ડ્યૂટી માટે ૩૬ હજાર રૂપિયા તથા એક હજાર રૂપિયા રજિસ્ટ્રેશન ફી ચૂકવી છે. શ્રદ્ધાનો પરિવાર મુંબઈમાં પ્રોપર્ટી ધરાવે છે તેમ છતાં પણ શ્રદ્ધાએ જુહૂમાં ભાડે રહેવાનું પસંદ કર્યું છે. અમિતાભ બચ્ચન સહિત અનેક સેલિબ્રિટી જુહૂમાં રહે છે.

સોશિયલ મીડિયા પર વેડિંગ ફોટોઝ વાઈરલ

# ઉદયપુરમાં રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડાના શાહી લગ્ન



(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૨૭**

સાઉથ ઈન્ડિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રીનું મોસ્ટ ફેવરેટ અને પોપ્યુલર ગણાતું કપલ રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડા આખરે ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ લગ્નબંધનમાં બંધાઈ ગયું. રાજસ્થાનના ઉદયપુરમાં આવેલી વૈભવી હોટલ ‘મેમેન્ટોઝ બાય ITC’ ખાતે યોજાયેલા આ લગ્નને ચાહકોએ ‘વેડિંગ ઓફ વિરોશ’ નામ આપ્યું છે. હવે લગ્ન બાદ રશ્મિકાની પહેલી પોસ્ટ સામે આવી છે.

સાઉથના સુપરસ્ટાર વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાનાએ સવારે પરંપરાગત આંધ્ર એટલે કે તેલુગુ પદ્ધતિ અને બાદમાં સાંજે કન્નડ પદ્ધતિથી લગ્ન કર્યા. સવારની લગ્નવિધિમાં વિજય સફેદ ધોતી અને રશ્મિકા પરંપરાગત સિલ્ક સાડીમાં નજરે પડ્યા હતા. જ્યારે સાંજે રશ્મિકાએ તેની સાસુ દ્વારા ભેટમાં આપવામાં આવેલી ખાસ સાડી પહેરી હતી. લગ્નબંધનમાં બંધાયા બાદ આ નવદંપતીએ સોશિયલ મીડિયા પર પહેલી વખત ફોટો શેર કર્યા હતા. આ ફોટો સોશિયલ મીડિયા પર તૂફાન વાઈરલ થઈ રહ્યા છે.

રશ્મિકાએ લગ્નના ફોટો શેર કરતાં લખ્યું હતું કે, ચાલો હું તમને મારા પતિ - મિસ્ટર વિજય દેવરકોંડાને મળાવું. એ વ્યક્તિ કે જેણે મને સાચા પ્રેમ અને શાંતિનો અર્થ સમજાવ્યો. રોજે મને કહ્યું કે મોટા મોટા સપનાં જોવા યોગ્ય છે અને મને એ વિશ્વાસ અપાવ્યો કે હું એનાથી અનેક ગણું વધુ હાંસિલ કરી શકું છે, જે મેં ક્યારેય વિચાર્યું પણ નહોતું.

‘અનુપમા’ને લાગ્યો જોરદાર ઝટકો!

# TRP રિપોર્ટમાં ધરખમ ફેરફાર: નાગિનનો નશો ઉતર્યો

**સ્મૃતિ ઈરાનીનો શો ‘ક્યોંકિ સાસ ભી કભી બહૂ થી’ તેના નવા ટ્વિસ્ટ અને ટર્ન્સને કારણે ૧.૯ રેટિંગ સાથે લિસ્ટમાં પ્રથમ સ્થાને પહોંચ્યો**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૭**

નાના પડદાના દર્શકો જેની આતુરતાથી રાહ જોતા હોય છે તે TRP રિપોર્ટ જાહેર થઈ ચૂક્યો છે. આ વખતે લિસ્ટમાં એવા ફેરફાર થયા છે જેની કોઈએ કલ્પના પણ નહોતી કરી. એક સમયે નંબર વન પર રહેતી સીરિયલો હવે નીચે સરકી રહી છે, જ્યારે નવા અને પ્રયોગાત્મક શો દર્શકોનું દિલ જીતવામાં સફળ રહ્યા છે. ખાસ કરીને ‘નાગિન 7’ જેવા લોકપ્રિય શોને ટોપ-5 માંથી બહાર થવું પડ્યું છે, જે દર્શકોની બદલાતી પસંદગી તરફ ઈશારો કરે છે.

સ્મૃતિ ઈરાનીનો શો ‘ક્યોંકિ સાસ ભી કભી બહૂ થી’ તેના નવા ટ્વિસ્ટ અને ટર્ન્સને કારણે 1.9 રેટિંગ સાથે લિસ્ટમાં પ્રથમ સ્થાને પહોંચી ગયો છે. બીજી તરફ, લાંબા સમય સુધી TRP ચાર્ટ પર રાજ કરનાર રૂપાલી ગાંગુલીનો શો ‘અનુપમા’ આ વખતે ત્રીજા સ્થાને ધકેલાઈ ગયો છે. જ્યારે બીજા નંબર પર શરદ કેલકરનો શો ‘તુમ સે તુમ તક’ 1.8 રેટિંગ સાથે અડીખમ રહ્યો છે. ટીઆરપીની રેસમાં ત્રીજા સ્થાને પહોંચવું મોટો આંચકો માનવામાં આવે છે. કેમ કે પાછલા ઘણા સમયથી આ શોને પહેલા અને બીજા સ્થાન મળતું હતું.

આ અઠવાડિયે ‘ગંગા માઈ કી બેટિયાં’ એ શાનદાર દેખાવ કરતા 1.8 રેટિંગ સાથે ચોથું સ્થાન મેળવ્યું છે. તેવી જ રીતે, લોકપ્રિય શો ‘વસુધા’ એ પણ 1.7 રેટિંગ સાથે ટોપ-5 માં પોતાની જગ્યા બનાવી લીધી છે. સૌથી વધુ ચોંકાવનારા સમાચાર પ્રિયંકા ચાહર ચૌધરીના શો ‘નાગિન 7’ ના છે. ગત અઠવાડિયે ત્રીજા નંબરે રહેલો આ શો સીધો છઠ્ઠા સ્થાને પહોંચી ગયો છે, જે દર્શાવે છે કે દર્શકો હવે અલૌકિક વાર્તાઓ કરતા કૌટુંબિક ડ્રામાને વધુ મહત્વ આપી રહ્યા છે.

લિસ્ટમાં આગળ વધીએ તો ‘ઉડને કી આશા’ 1.5 રેટિંગ સાથે સાતમા નંબરે અને રિયાલિટી શો ‘લાફ્ટર શેફ’ આટલા જ રેટિંગ સાથે આઠમા નંબરે છે. ‘યે રિશ્તા ક્યા કહેલાતા હૈ’ ની રેટિંગમાં હજુ પણ કોઈ સુધારો જોવા મળ્યો નથી અને તે 1.5 રેટિંગ સાથે નવમા ક્રમે છે. જ્યારે ‘મિસ્ટર અને મિસીસ પરશુરામ‘ 1.4 રેટિંગ સાથે દસમા સ્થાને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવામાં સફળ રહ્યો છે. આગામી અઠવાડિયે આ લિસ્ટમાં કેવા ફેરફાર થાય છે તે જોવું રસપ્રદ રહેશે.

### તપાસ એજન્સી પાસે પુરાવા નથી : કોર્ટ

# શરાબ કૌભાંડ કેસમાં અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયા નિર્દોષ જાહેર

## કોર્ટે નોંધ્યું કે, જ્યારે બંધારણીય પદ પર બેઠેલી વ્યક્તિ પર ગંભીર આરોપો લગાવવામાં આવે, ત્યારે તેને સાબિત કરવા માટે મજબૂત સામગ્રી હોવી જરૂરી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૭**

દિલ્હીની બહુચર્ચિત દારૂ નીતિ સાથે જોડાયેલા મામલે રાઉઝ એવન્યુ કોર્ટે મોટો ચુકાદો આપ્યો છે. કોર્ટે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયાને આરોપોમાંથી મુક્ત કર્યા છે. કોર્ટ તરફથી બંનેને મોટી રાહત અને ક્લિનચીટ મળી છે. કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું કે, માત્ર દાવાઓ કરવાથી કામ નહીં ચાલે. કોર્ટ કોઈ પણ આરોપ પર ત્યારે જ ભરોસો કરી શકે જ્યારે તેની સાથે નક્કર અને પૂરતા પુરાવા હોય. કોર્ટે અવલોકન કર્યું કે તપાસ એજન્સી દ્વારા રજૂ કરવામાં આવેલા પુરાવા નબળા અને અપૂરતા છે.

કોર્ટે સૌથી પહેલા આબકારી વિભાગના પૂર્વ કમિશ્નર કુલદીપ સિંહને નિર્દોષ જાહેર કર્યા હતા. ત્યારબાદ મનીષ સિસોદિયાને રાહત આપવામાં આવી અને છેલ્લે અરવિંદ કેજરીવાલને પણ નિર્દોષ જાહેર કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

કોર્ટે કહ્યું કે, દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં અનેક ખામીઓ હતી અને એવા ઘણા મુદ્દાઓ છે જેના પર તપાસ એજન્સી સંતોષકારક જવાબ આપી શકી નથી. કોર્ટે નોંધ્યું કે, જ્યારે બંધારણીય પદ પર બેઠેલી વ્યક્તિ પર ગંભીર આરોપો લગાવવામાં આવે, ત્યારે તેને સાબિત કરવા માટે મજબૂત સામગ્રી હોવી જરૂરી છે. માત્ર આરોપોના આધારે કેસ ચલાવી શકાય નહીં.

કોર્ટે ક્લીનચીટ આપ્યા બાદ અરવિંદ કેજરીવાલે કહ્યું કે, અમે હંમેશા કહેતા હતા કે સત્યની જીત થશે અને અમને ન્યાયતંત્ર પર ભરોસો હતો. હું હંમેશા કહેતો હતો કે ભગવાન અમારી સાથે છે. PM મોદી અને ગૃહ મંત્રી અમિત શાહે મળીને આમ આદમી પાર્ટીને ખતમ કરવા માટે કાવતરું રચ્યું. ૫ મોટા નેતાઓ પર ખોટા આરોપો લગાવાયા. અમારા ડેપ્યુટી CMને બે વર્ષ સુધી જેલમાં રાખ્યા. જો કે, સીબીઆઈએ જણાવ્યું છે કે, તેઓ આ આદેશથી સંતુષ્ટ નથી અને તેને હાઈકોર્ટમાં પડકારશે. સીબીઆઈના વકીલોએ સંકેત આપ્યો છે કે ચુકાદાનો વિગતવાર અભ્યાસ કર્યા બાદ ઉપલી અદાલતમાં અપીલ દાખલ કરાશે. કોર્ટની ટિપ્પણીથી તે સ્પષ્ટ થયું કે, દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં ઘણી ખામીઓ હતી. કોર્ટે કહ્યું કે ઘણા એવા બિંદુ છે જેના પર સંતોષજનક જવાબ આપવામાં આવ્યો નહીં. આ આધારે રાહત આપવામાં આવી છે. પરંતુ તપાસ એજન્સીનું કહેવું છે કે તે આ આદેશથી સંતુષ્ટ નથી અને તેને હાઈકોર્ટમાં પડકારશે.

સીબીઆઈના વકીલો તરફથી સંકેત આપવામાં આવ્યો કે, આદેશનો વિસ્તૃત અભ્યાસ કર્યા બાદ ઉપરી અદાલતમાં અરજી કરવામાં આવશે. આ મામલો ૨૦૨૨-૨૦૨૩ની દિલ્હી એક્સાઈઝ પોલિસી સાથે જોડાયેલો છે. તે આધાર પર સીબીઆઈએ કેસ દાખલ કર્યો અને બાદમાં ઈડીએ પણ મની લોન્ડ્રિંગનો કેસ દાખલ કર્યો હતો. આમ આદમી પાર્ટીના ઘણા નેતા આ કેસમાં જેલમાં ગયા હતા. ઘણીવાર જામીન અરજીઓ નકારવામાં આવી અને બાદમાં જામીન મળ્યા હતા. શુક્રવારે દિલ્હીની રાઉઝ એવેન્યુ કોર્ટે કહ્યું કે, પ્રથમ દ્રષ્ટિએ સીબીઆઈની ચાર્જશીટના આધાર પર અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયા વિરુદ્ધ મામલો બનતો નથી. કોર્ટે ચાર્જશીટને નબળી ગણાવતા રાહત આપી છે.

ઉલ્લેખનીય છે કે, આ મામલો ૨૦૨૨-૨૩ની દિલ્હી એક્સાઈઝ પોલિસી (દારૂ નીતિ) સાથે જોડાયેલો છે. આ મામલે સીબીઆઈએ કેસ નોંધ્યો હતો અને બાદમાં ઈડી(ED)એ મની લોન્ડરિંગના આરોપમાં તપાસ શરુ કરી હતી. આમ આદમી પાર્ટીના અનેક નેતાઓ આ કેસમાં જેલમાં ગયા હતા અને ઘણી વખત તેમની જામીન અરજીઓ ફગાવી દેવામાં આવી હતી. શુક્રવારે રાઉઝ એવન્યુ કોર્ટે સ્પષ્ટ કર્યું કે, પ્રથમ દષ્ટિએ સીબીઆઈની ચાર્જશીટના આધારે કેજરીવાલ અને સિસોદિયા વિરુદ્ધ કેસ બનતો નથી. આ ચુકાદો આમ આદમી પાર્ટી માટે અત્યાર સુધીની સૌથી મોટી રાહત માનવામાં આવી રહી છે.

# જળ, જમીન, પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય બચાવવા પ્રાકૃતિક ખેતી જ શ્રેષ્ઠ વિકલ્પ : રાજ્યપાલ આચાર્ય દેવવ્રત

## 'પહેલું સુખ તે જાત નિરોગી' આ પરંપરાગત ઉક્તિ માટે પ્રાકૃતિક ખેતી જ તારણોપાય છે : મુખ્યમંત્રી

## માનવજાત અને પ્રકૃતિના રક્ષણ માટે પ્રાકૃતિક ખેતી અપનાવવી અનિવાર્ય : અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**નવસારી, તા.૨૭**

ગુજરાત વિધાનસભા સંકુલ ખાતે આયોજિત પ્રાકૃતિક કૃષિ પરિસંવાદને સંબોધિત કરતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતએ રાસાયણિક ખેતીના ગંભીર પરિણામો અને પ્રાકૃતિક ખેતીના ફાયદાઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

રાજ્યપાલએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી જેવા ગંભીર વિષયને આજે વિધાનસભામાં સ્થાન મળ્યું છે તે આનંદની વાત છે. જૈવિક અને પ્રાકૃતિક ખેતી વચ્ચેનો તફાવત જણાવતા તેમણે કહ્યું કે, જૈવિક ખેતીમાં એક એકર માટે ૩૦૦ ક્વિન્ટલ છાણિયા ખાતરની જરૂર પડે છે. તેનાથી વિપરીત, પ્રાકૃતિક ખેતી એ સૂક્ષ્મ જીવાણુઓની ખેતી છે. દેશી ગાયના એક ગ્રામ છાણમાં ૩૦૦ કરોડથી વધુ જીવાણુઓ હોય છે અને ગૌમૂત્ર ખનિજોનો ભંડાર છે. જીવામૃત અને ઘન જીવામૃત દ્વારા જમીનમાં અળસિયા અને મિત્ર કીટકોની સંખ્યા વધે છે, જે કુદરતી રીતે જમીનને ફળદ્રુપ બનાવે છે.

રાજ્યપાલએ ચિંતા વ્યક્ત કરી કે, વર્ષો પહેલાં કેન્સર, ડાયાબિટીસ કે હાર્ટએટેક જેવા રોગોનું પ્રમાણ નહિવત હતું.જ્યારે આજે નાના બાળકોમાં પણ કેન્સર જોવા મળે છે. નવજાત શિશુ માટે અમૃતસમાન માતાના દૂધમાં પણ હવે યૂરિયા અને જંતુનાશકો મળી રહ્યા છે, તેવા રિસર્ચનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો.

ભારતમાં હરિત ક્રાંતિ સમયે દેશની ધરતીનો ઓર્ગેનિક કાર્બન ૨ થી ૨.૫% હતો, જે આજે ઘટીને ૦.૫% થી પણ નીચે જતો રહ્યો છે. રાજ્યપાલએ ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, જે જમીનનો ઓર્ગેનિક કાર્બન ૦.૫% થી નીચે જાય તે જમીન બંજર ગણાય. ગુજરાતમાં રાસાયણિક ખેતીવાળી જમીનનું ઓર્ગેનિક કાર્બન ૦.૫% થી નીચે પહોંચી ચૂક્યું છે. જેના પરિણામે જમીન કઠણ થઈ જતા, વરસાદનું પાણી જમીનમાં ઉતરતું નથી અને પૂરની સ્થિતિ સર્જાય છે. રાજ્યપાલએ ઉમેર્યું કે પ્રાકૃતિક ખેતીમાં અળસિયા કુદરતી રીતે જમીનમાં છિદ્રો બનાવે છે, જેના પરિણામે વરસાદી પાણીનો જમીનમાં સંગ્રહ થાય છે.

રાજ્યપાલએ જણાવ્યું હતું કે, દેશના કરોડો રૂપિયા યૂરિયા-ડીએપીની સબસિડી પાછળ વેડફાય છે. જો પ્રાકૃતિક ખેતી અપનાવવામાં આવે તો આ ખર્ચ બચી શકે છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં સમગ્ર દેશમાં રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન અમલી થયું છે. રાજ્ય સરકારના પ્રયાસોથી ગુજરાતમાં અત્યારે ૮ લાખથી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ અપનાવી છે.

રાજ્યપાલએ કહ્યું કે, ખેડૂતો શરૂઆતમાં તેમના ખેતરના એક ભાગમાં પ્રાકૃતિક કૃષિ કરે તે જરૂરી છે. આ ઉપરાંત તેમણે વિધાનસભાના તમામ સભ્યોને આહ્વાન કર્યુ કે, દરેક સભ્ય પોતાના વિસ્તારના એક ગામને 'પ્રાકૃતિક ગામ' અચૂક બનાવે.

રાજ્યપાલએ જળ, જમીન, પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય બચાવવા પ્રાકૃતિક ખેતી અનિવાર્ય હોવાનું જણાવી કહ્યું કે, ગુજરાત સરકારના સહયોગથી આ મિશન હવે જન-આંદોલન બની ચૂક્યું છે. જો આપણે આવનારી પેઢીને કેન્સર જેવી ઘાતક બીમારીઓથી બચાવવી હોય અને ખેડૂતોની આવક બમણી કરવી હોય, તો પ્રાકૃતિક ખેતી સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રાકૃતિક ખેતીને આજના અને આવનારા બેય સમયની અનિવાર્યતા ગણાવતા કહ્યું કે, 'પહેલું સુખ તે જાત નિરોગી'. આ પરંપરાગત ઉક્તિ માટે પ્રાકૃતિક ખેતી જ તારણોપાય છે. આ સંદર્ભમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 'બેક ટુ બેઝિક'નો મંત્ર આપ્યો છે તેની ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. તેમણે ઉમેર્યુ કે, બેક ટુ બેઝિક દ્વારા માત્ર પ્રાકૃતિક ખેતી જ નહિ, માનવ જીવનના સ્વાસ્થ્યને અસરકર્તા બધા જ સ્ત્રોતોના સંવર્ધનનો માર્ગ વડાપ્રધાનએ ચિંધ્યો છે. પાણીની સમસ્યા નિવારવા કેચ ધ રેઈન, ગ્લોબલ વોર્મિંગના પડકારોને પહોંચી વળવા તેમજ ગ્રીન કવર વધારવા માટે એક પેડ માં કે નામ અને સ્વસ્થતા માટે રસાયણમુક્ત ખેતીના વડાપ્રધાનશ્રીએ આપેલા અભિયાનો વ્યાપકપણે અપનાવવા મુખ્યમંત્રીએ આહવાન કર્યુ હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની પ્રેરણા અને સઘન માર્ગદર્શનથી પ્રાકૃતિક ખેતી જન આંદોલન બની છે તેનો હર્ષ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીએ પ્રાકૃતિક ખેતી અપનાવનારા ખેડૂતોને ભવિષ્યની પેઢીને સ્વસ્થ-તંદુરસ્ત રાખવાનું આત્મસંતોષપૂર્ણ કામ ગણાવ્યું હતું અને પ્રાકૃતિક ખેતીનો આ પરિસંવાદ વધુને વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવા પ્રેરિત કરશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.

આ તકે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ સૌને આવકારતાં કહ્યું હતું કે,જીવન જીવવા માટે અતિ આવશ્યક હવા અને પાણીને શુદ્ધ રાખવા 'પ્રાકૃતિક કૃષિ'ને વધુને વધુ પ્રાધાન્ય આપવું ખૂબ જરૂરી છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત ગુજરાતની પ્રજા માટે સતત સંવેદનશીલતા પૂર્વક આ કાર્ય કરી રહ્યા છે. પૂજ્ય મહાત્મા ગાંધી અને સરદારના નેતૃત્વમાં આઝાદીની ચળવળ માટેનું નેતૃત્વ ગુજરાતે કર્યું છે. જ્યારે આજે સુશાસન થકી દેશ અને વિશ્વને દિશા આપવાનું કામ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને અમિતભાઈ શાહ કરી રહ્યા છે.

શંકરભાઈ ચૌધરીએ કહ્યું હતું કે, રાજ્યપાલ સ્વયં ગામડે ગામડે ખેડૂતોની વચ્ચે જઈને પ્રાકૃતિક કૃષિના ફાયદા બતાવી રહ્યા છે. આ વર્ષે ગુજરાત સરકારે પ્રાકૃતિક કૃષિ અંગે બજેટમાં પણ બહુ મોટી જાહેરાત કરી છે. આ કામ માત્ર સરકારનું ન રહે પરંતુ વિધાનસભાના માધ્યમથી ગુજરાતના છેવાડાના નાગરિક સુધી પહોંચે એ માટેનો પ્રયત્ન આપણે કરવો પડશે. આ જાગૃતિ લાવવામાં મીડિયા પણ ખૂબ મોટી ભૂમિકા ભજવી શકે છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

આ પ્રસંગે આભાર વ્યક્ત કરતા કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભા ગૃહમાં આ પ્રકારના પ્રાકૃતિક કૃષિના પરિસંવાદનું આયોજન થવું એ સમગ્ર ગુજરાત માટે ગૌરવની વાત છે. પ્રાકૃતિક કૃષિના ઋષિ અને ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે આ પરિસંવાદના માધ્યમથી સૌને ખૂબ સરળ ભાષામાં પ્રાકૃતિક કૃષિનું માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

મંત્રીએ ગૃહના સૌ સભ્યોને અનુરોધ કરતાં જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિ એ આજના સમયમાં માનવજીવન સૌથી સંવેદનશીલ મુદ્દો છે, જેથી સૌ પ્રજાના પ્રતિનિધિઓએ પણ પોતાના વિસ્તારમાં અંગત રસ લઈ પ્રાકૃતિક કૃષિ માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરવા જોઈએ.

આ પ્રસંગે સંસદીય બાબતોના મંત્રી ઋષિકેશ પટેલ, વિધાનસભાના ઉપાધ્યક્ષ પૂર્ણેશભાઈ મોદી સહિત મંત્રી મંડળના સભ્યો, સાંસદો, ધારાસભ્યો, વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ, પૂર્વ ઉપાધ્યક્ષ, પૂર્વ સાંસદો, પૂર્વ ધારાસભ્યો, યુનિવર્સિટીઓના કુલપતિઓ, વૈજ્ઞાનિકો, સાહિત્યકારો, મીડિયાના સંપાદકો અને પ્રતિનિધિઓ તેમજ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સલવાવ ખાતે શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશ દાસનું ભવ્ય સ્વાગત





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**

**વાપી, તા.૨૭**

વાપીના સલવાવ સ્થિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સલવાવ ખાતે શુક્રવારે સાળંગપુરના શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરના કોઠારી શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશ દાસજીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

વલસાડ ખાતે ચાલી રહેલી 'શ્રી હનુમાન ચાલીસા યુવા કથા'ના કથાકાર તરીકે પ્રસિદ્ધ સ્વામીશ્રી ગુરુકુળમાં પધારતા જ વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા ઉષ્માભેર આવકારવામાં આવ્યા હતા. ગુરુકુળ પરિસરમાં કષ્ટભંજન આરતી તથા પ્રસાદી પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે હરિપ્રકાશ દાસે હરિભક્તોને ટૂંકુ પરંતુ પ્રેરણાદાયી સંબોધન આપ્યું હતું. તેમણે જણાવ્યું કે 'દાસના દાસ થઈ રહેવું એ જ સાચું સંત જીવન છે.' દસાનુદાસ ભાવ, વિનમ્રતા અને સેવા ભાવના સંત જીવનનું મૂળ તત્ત્વ હોવાનું તેમણે માર્મિક શબ્દોમાં સમજાવ્યું. સ્વામીશ્રીએ આ ક્ષેત્રમાં શિક્ષણ અને સમાજસેવાની પ્રવૃત્તિઓ બદલ પૂજ્ય પુરાણી સ્વામી તથા પૂજ્ય કપિલ સ્વામીના પ્રયત્નોને બિરદાવ્યા હતા.

આ પ્રસંગે પૂજ્ય કપિલ સ્વામીએ આગામી વર્ષે વલસાડની માફક વાપી ખાતે 'શ્રી હનુમાન ચાલીસા યુવા કથા'નું આયોજન કરવા સ્વામીશ્રીને આગ્રહ કર્યો હતો, જેને હરિપ્રકાશ દાસએ સ્વીકાર આપ્યો હતો. આ જાહેરાતને ઉપસ્થિત હરિભક્તોએ ઉત્સાહપૂર્વક વધાવી લીધી હતી.

સ્વામીશ્રીના સ્વાગત પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા હરિભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, જેના કારણે સમગ્ર ગુરુકુળ પરિસરમાં ભક્તિ અને આનંદનો માહોલ સર્જાયો હતો.

## દાણીલીમડામાંથી પિસ્તોલ અને 3 કારતૂસ સાથે ફૈઝાન કુરેશીની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમદાવાદ,તા.૨૭**

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા મળેલી ચોક્કસ બાતમીના આધારે અમદાવાદ શહેરના દાણીલીમડા વિસ્તારમાં રેડ કરવામાં આવી હતી. આ રેડ દરમિયાન એક યુવકને ગેરકાયદેસર હથિયાર સાથે ઝડપી લીધો છે. ફૈઝલનગર પાસે શંકાસ્પદ હાલતમાં ફરી રહેલા ફૈઝાન ઉર્ફે નાનુ કુરેશી નામના શખ્સની ઝડતી લેતા તેની પાસેથી ઘાતક હથિયાર મળી આવ્યું હતું.

પોલીસની પ્રાથમિક તપાસમાં આરોપી ફૈઝાન પાસેથી એક પિસ્તોલ અને ૩ જીવતા કારતૂસ મળી આવ્યા છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓએ હથિયારનો જથ્થો કબ્જે કરી આરોપીની અટકાયત કરી છે. ધોળા દિવસે જાહેર વિસ્તારમાંથી હથિયાર મળી આવતા પોલીસ પણ સતર્ક થઈ ગઈ છે અને આ હથિયાર ક્યાંથી લાવવામાં આવ્યું હતું તે દિશામાં પૂછપરછ શરૂ કરી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આ મામલે આર્મ્સ એક્ટ મુજબ ગુનો દાખલ કરી તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. પકડાયેલા આરોપી ફૈઝાન ઉર્ફે નાનુ આ હથિયાર કોને આપવાનો હતો કે પછી કોઈ મોટી ગુનાહિત ઘટનાને અંજામ આપવાની ફિરાકમાં હતો, તે દિશામાં રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરાઈ છે. આ અગાઉ પણ આરોપી કોઈ ગુનામાં સંડોવાયેલો છે કે, કેમ તેની પણ તપાસ કરવામાં આવી રહી છે.


torrent POWER DNHDD

**જાહેર નોટિસ**

દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડના વીજ પુરવઠાનું વહન કરતી વિવિધ ઓવર હેડ લાઈન (એલ.ટી. તથા એચ.ટી.)ની સાથે અથવા વીજ પોલના માધ્યમથી ઘણી જગ્યા એ ગેરકાયદેસર રીતે INTERNET, CABLE TV, FIBER OPTIC અને અન્ય લાઈનના કેબલોનું નેટવર્ક હોવાનું માલુમ પડ્યું છે. આવું વીજ લાઈન સિવાયનું અન્ય નેટવર્ક દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડના વીજ વહન કરતા ઈલેક્ટ્રિક નેટવર્ક સાથે હોવું અત્યંત જોખમી છે જે મોટા વીજ અકસ્માતનું કારણ બની શકે છે. જે કોઈ સંસ્થાનું કે વ્યક્તિગત ઉપર જણાવેલ કેબલ નેટવર્ક હોય તો તાત્કાલિક ધોરણે તેને વીજ પોલ ઉપર થી દૂર કરવા વિનંતી કરીએ છીએ. ઉપરોક્ત નેટવર્કને દૂર કરતા પહેલા દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડના કસ્ટમર કેર નંબર 9099991912, 1800-233-9500, 19126, 1800-270-5551 ઉપર જાણ કરવા વિનંતી જેથી સલામત રીતે વીજ પોલ ઉપરથી આવા નેટવર્કને દૂર કરી શકાય. દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડની વીજ લાઈન ઉપરના ગેરકાયદેસર રીતે INTERNET, CABLE TV, FIBER OPTIC કે અન્ય લાઈનના કેબલોને લીધે કોઈ અકસ્માત કે જાનહાની થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે કેબલ / નેટવર્ક ધારકની રહેશે.

આપની સેવા માં હરહંમેશ હાજર
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com


# તા.૧૪ માર્ચે નવસારી તથા ડાંગ જિલ્લામાં નેશનલ લોકઅદાલતનું આયોજન

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**નવસારી, તા.૨૭**

ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ અમદાવાદના માર્ગદર્શન હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ નવસારી જિલ્લા અદાલત હેઠળમાં આવેલી નવસારી, ગણદેવી, ચીખલી, ખેરગામ, વાંસદા અને ડાંગ જિલ્લાના આહવા, સુબીર તથા વઘઈ ખાતે કાર્યરત ન્યાયાલય સંકુલની તમામ કોર્ટો દ્વારા આગામી તા.૧૪ માર્ચે ૨૦૨૬ના શનિવારના રોજ નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. આ નેશનલ લોક અદાલતમાં ફોજદારી સમાધાન લાયક કેસો, નેગોશીયેબલ કેસો, ઈલેક્ટ્રીસીટી કેસો, નાણાંની વસુલાતના કેસો, વાહન અકસ્માતના વળતરના કેસો, લેબર તકરારના કેસો, ઈલેક્ટ્રીસીટી તથા વોટરબીલને લગતાં કેસો, લગ્ન વિષયક કેસો, જમીન સંપાદનના કેસો, નોકરી વિષયક પગાર, ભથ્થા અને નિવૃત્તિના લાભોને લગતાં કેસો, મહેસુલોને લગતા કેસો, અન્ય સિવિલ કેસો જેવાં કે (ભાડા, સુખાધિકારના અધિકાર, મનાઇ હુકમ, વિશિષ્ટ પાલનના દાવા વિગેરેના કેસો) તથા પ્રિ-લીટીગેશન ઉપરાંત ખોરાકીના કેસો મુકવા માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, નવસારી તથા તાલુકા કાનૂની સેવા સમિતિનો સંપર્ક કરવા જણાવાયું છે.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, નવસારી ફોન નંબર (૦૨૬૩૭) ૨૪૩૬૮૯, તાલુકા કાનુની સેવા સમિતિ, નવસારી (૦૨૬૩૭) ૨૪૫૪૯૪, તાલુકા કાનૂની સેવા સમિતિ ગણદેવી (૦૨૬૩૪) ૨૬૨૪૪૮, તાલુકા કાનૂની સેવા સમિતિ ચીખલી (૦૨૬૩૪) ૨૩૨૨૧૩, તાલુકા કાનૂની સેવા સમિતિ ખેરગામ (૦૨૬૩૪) ૨૨૧૪૧૩, તાલુકા કાનૂની સેવા સમિતિ વાંસદા (૦૨૬૩૦) ૨૨૨૩૨૮, તાલુકા કાનૂની સેવા સમિતિ વઘઇ (૦૨૬૩૧) ૨૪૬૫૪૦, તાલુકા કાનૂની સેવા સમિતિ આહવા (૦૨૬૩૧) ૨૨૦૨૮૬, તાલુકા કાનૂની સેવા સમિતિ સુબીર-(૯૪૨૬૫૭૨૬૦૪) પર સંપર્ક સાધવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ નવસારી દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું છે.


કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પ્રશાસન

પર્યટન વિભાગ, ડી.એન.એચ. અને દમણ અને દીવ

**ટેન્ડર સૂચના**

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના પ્રવાસન વિભાગની વિવિધ સંપત્તિઓના મોનેટાઇઝેશન માટે સલાહકાર સંસ્થા પસંદગી કરવા બાબત આરએફપી

નં. 3/110/DT/DNH&DD/PPP/2024-25/PART/101

Visit https://ddtenders.gov.in/ or, visit https://ddd.gov.in/ dnhddtourism@gmail.com Phone No. 0260-2250002

બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ : 02/03/2026

નિદેશક (પ્રવાસન), પ્રવાસન વિભાગ, વિદ્યુત ભવન, કચીગામ, દમણ - 396215

No. IP/DMN/2/5/2025-26/1201 Dated:27/02/2026



**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM PATEL DEVENDRAKUMAR MANUBHAI TO **DEVENDRABHAI MANUBHAI PATEL** AS PER DOCUMENT



torrent POWER DNHDD

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો સવારના ૧૧:૦૦ થી સાંજના ૪:૦૦ સુધી બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | વિસ્તાર |
|---|---|---|
| ૦૧/૦૩/૨૦૨૬ રવિવાર | ખડોલી (૧૫ MVA PTR-૧,૨,૩) & ૨૦ MVA PTR- ૨ | ખડોલી ઔદ્યોગિક વિસ્તાર, અંબોલી, ખડોલી નવાપાડા, ખડોલી ધોડીપાડા, ખડોલી કારભારીપાડા, દપાડા ધોડીપાડા **૧૧ કેવી એક્સપ્રેસ ફીડર:** મીરા કોટન, આઈપીપી (દપાડા), મેહરા પોલિટેક્સ, આઈટીડબ્લ્યુ સાઈનોડ ઈન્ડિયા, ટીપીએલ, બાલાજી કાસ્ટિંગ, ટીસીપીએલ (ખડોલી), વૈષ્ણો કાસ્ટિંગ્સ, એમ. આઈ. એલોયસ, કિસાન (મોલ્ડિંગ) ઈરીગેશન, કેઈઆઈ કેબલ, ચતુર્ભુજ એલોય, હિન્દુસ્તાન યુનિલીવર ખડોલી, જય કોર્પ (વસોના) શ્યામ ઈંગોટ્સ (ખડોલી), અભિશ્રી, સૂરજ ઉદ્યોગ આઈપીપીએલ (ખડોલી) **૬૬ કેવી ઉપભોક્તા:** રાજ રેયોન ઈન્ડસ્ટ્રીઝ |



અસુવિધા બદલ દિલગીર છીએ

**આરસીસીબી/ઈએલસીબીનો મોટો લાભ તમારા પરિવારની સુરક્ષાની ખાતરી**

અર્થ લિકેજ સર્કિટ બ્રેકર લગાવો અને સુરક્ષિત રહો

એક નાનકડી ડિવાઈસ તમને વિજળીના ઝટકાથી બચાવશે

આપની સેવા માં હરહંમેશ હાજર
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com



torrent POWER DNHDD

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાભર્યો અને વિશ્વસનીય વીજપૂરવઠો સતત અને સુનિશ્ચિતપણે મળતો રહે તે માટે નેટવર્ક મેઈનટેનન્સનું આયોજન કરેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો સવારના ૧૦:૦૦ થી સાંજના ૬:૦૦ સુધી બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૦૭/૦૩/૨૦૨૬ શનિવાર | મસાટ | ૧૧ કેવી મસાટ ઈન્ડ- ૪ | વાસુપૂજિયા ગલી, મસાટ ખાડીપાડા, કેનબેરા, એડ ઝોઈલ ઓઈલ , મસાટ ખાડીપાડા શાળા, રઘુભાઈ હાઉસ, નીતા યાર્ન, ધૂમલ, ફીનિક્સ, ગણપતિ એલોયસ, શેહલ, જયજી, રામમંદિર, અપોલો, સોનાર્ગ એચટી |
| | | ૧૧ કેવી મસાટ ઈન્ડ- ૩ | ગાયત્રી એન્જિ., તેજસ એગ્રો, તેજસ એગ્રો પ્રોડકટ, શખાલા પોલીમર, કેતકી, મેઘના પેકેજીંગ, પીએસ પોલિએસ્ટર, સિદ્ધિ પ્લાસ્ટ - ૧ અને ૨, કિશોર એન્જી, યુનિક વાયર, ટીસીપીએલ પેકેજીંગ, સિન્ટેક્સ તપારિયા, સંડ્રોઝ, રોયલ એચટી, સંડ્રોઝ એચટી, દાલમિયા પોલીફેબ એચટી, લકબીર એચટી, કેકે કમ્પાઉન્ડ એચટી, શંકર એચટી, શીતલ પોલી પ્લાસ્ટ, મસાટ ઈન્ડસ્ટ્રીયલ એરિયા, ક્રિસ્ટિલસિલ્વા એચટી |



અસુવિધા બદલ દિલગીર છીએ

**આરસીસીબી/ઈએલસીબીનો મોટો લાભ તમારા પરિવારની સુરક્ષાની ખાતરી**

અર્થ લિકેજ સર્કિટ બ્રેકર લગાવો અને સુરક્ષિત રહો

એક નાનકડી ડિવાઈસ તમને વિજળીના ઝટકાથી બચાવશે

આપની સેવા માં હરહંમેશ હાજર
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com


વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

સવારની ચા સાથે તો માત્ર
તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક
વર્તમાન પ્રવાહ



# વલસાડ પોસ્ટ પાસપોર્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી : પોલીસ વહીવટીતંત્ર તુરંત એક્શન મોડમાં આવ્યું

**સુરત પાસપોર્ટ ઓફિસને ધમકી મળી હતી કે દેશભરની પાસપોર્ટ ઓફિસ ઉડાવી દેવાશે, સુરતથી વલસાડ ઓફિસ ઉપર એલર્ટ મેસેજ આવ્યો**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૭**

થોડા દિવસ પૂર્વે વલસાડ કોર્ટને બોમ્બથી ઉઠાવી દેવાની મળેલી ધમકી બાદ આજે વધુ એકવાર વલસાડ પોસ્ટ ઓફિસ-પાસપોર્ટ ઓફિસને ઉડાવી દેવાની મળેલી ધમકી બાદ હડકંપ મચી ગયો હતો. પોલીસ અને વહીવટીતંત્ર એક્શનમાં આવી ગયું હતું. સમગ્ર પોસ્ટ ઓફિસ તાત્કાલિક ખાલી કરી દેવાઈ હતી. સવારનો સમય હોવાથી પોસ્ટમાં સેંકડો લોકો ઉપસ્થિત રહ્યા હતા. તમામ લોકો અચાનક થયેલી કાર્યવાહીથી ગભરાઈ ગયા હતા.

વલસાડ પોસ્ટ સુપ્રિન્ટેન્ડેન્ટ જે.આર.વશી.ના જણાવ્યા મુજબ સુરત પાસપોર્ટ ઓફિસથી અમને મેઈલ મળ્યો હતો. તમારી ઓફિસમાં સાઈનાઈટ ભરેલા સિલેન્ડર રખાયા છે અને બ્લાસ્ટ કરાશે. તેથી પોલીસને અને કલેક્ટરને અમે જાણ કરી હતી. સુરત પાસપોર્ટ ઓફિસને મળેલ ધમકીના મેઈલમાં ઉલ્લેખ હતો કે તમામ પાસપોર્ટ ઓફિસ ઉડાવી દેવામાં આવશે તે મેઈલ વલસાડ ઓફિસને ફોરવર્ડ કરાયો હતો. તેથી વલસાડ અને નવસારી ઓફિસ ખાલી કરાવી દેવાઈ છે અને ઉચ્ચ તપાસ હાથ ધરાઈ હતી. ચાર રસ્તા નજીક આવેલ પોસ્ટ ઓફિસ કમ પાસપોર્ટ ઓફિસને મળેલી ધમકી બાદ પોલીસના ઉચ્ચ અધિકારીઓ ધસી આવેલા પોસ્ટ પરિસર તુરંત ખાલી કરાવ્યું હતું. બોમ્બ સ્કવોડ, એફ-એસ-એલની ટીમો એ યુદ્ધના ધોરણે તપાસ હાથ ધરી હતી. જોકે સલામતિના ભાગરૂપે આજુબાજુની અન્ય સરકારી ઈમારતોનું પણ ચેકીંગ હાથ ધરાયું હતું. જાહેર વ્યવસ્થા અને લોકોમાં ભયનો માહોલ ઉભા કરવા આતંકવાદી તત્ત્વો દ્વારા સ્કૂલ, કોલેજ, રેલ્વે સ્ટેશન, સરકારી કચેરીઓમાં છેલ્લા કેટલાક દિવસોથી ધમકી ભરેલ ઈ-મેઈલ મળવાનો દોર સતત ચાલી રહ્યો છે તેવો વધુ એક બનાવ આજે વલસાડ મુખ્ય પોસ્ટ ઓફિસ કમ પાસપોર્ટમાં બનતા છે બે ત્રણ કલાક અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

# વલસાડ જિલ્લા પી.સી.એન્ડ પી.એન.ડી.ટી. એડવાઈઝરી કમીટિની મીટિંગ મળી

**નવા સોનોગ્રાફી સેન્ટરના રજિસ્ટ્રેશન માટે આવેલી અરજીઓની ચકાસણી કરવામાં આવી: પીસી એન્ડ પીએનડીટી એક્ટ હેઠળ જમા થતી રજિસ્ટ્રેશન ફીની નાણાંકીય સમીક્ષા કરાઈ**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૭**

વલસાડ મેડિકલ કોલેજના કેમ્પસમાં સ્થિત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની કચેરી ખાતે પીસી એન્ડ પીએનડીટી એક્ટ ૧૯૯૪ અન્વયે જિલ્લા એડવાઈઝરી કમિટીની મીટિંગ કમિટીના ચેરપર્સન શ્રીમતી પૂર્વીબેન રાઠોડના અધ્યક્ષસ્થાને મળી હતી.

આ મીટિંગમાં ગત તા.૨૦/૦૧/૨૦૨૬ના રોજ મળેલી મીટિંગની મિનિટ્સને બહાલી આપવામાં આવી હતી. આ સિવાય નવા સોનોગ્રાફી સેન્ટરના રજિસ્ટ્રેશન માટે આવેલી અરજીઓની ચકાસણી કરવામાં આવી હતી. પીસી એન્ડ પીએનડીટી એક્ટ હેઠળ જમા થતી રજિસ્ટ્રેશન ફીની નાણાકીય સમીક્ષા અને વર્ષ ૨૦૨૫-૨૬ના ક્રોસ વેરીફિકેશન રિપોર્ટની સમીક્ષા કરવામાં આવી હતી. ત્યારબાદ અધ્યક્ષસ્થાનેથી રજૂ થતા કામોની ચર્ચા કરવામાં આવી હતી.

આ મીટિંગમાં ઈન્ચાર્જ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.એ.કે.સિંગ, ગાયનેકોલોજિસ્ટ ડો.તરૂણ રાઠોડ, પિડિયાટ્રીશીયન ડો.ચિંટુ ચૌધરી, માઈક્રોબાયોલોજીસ્ટ ડો.પરિમલ પટેલ સહિત કમિટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સબ ડિસ્ટ્રીક્ટ એપ્રોપ્રિએટ ઓથોરીટી (પી.સી. એન્ડ પી.એન.ડી.ટી.) અને વલસાડ તાલુકા હેલ્થ ઓફિસરશ્રી ડો.કમલ ચૌધરી, કપરાડાના ડો.મહેશ પટેલ, પારડીના ડો. પ્રકાશ રાઠોડ, વાપીના ડો.મૌનિક પટેલ, ધરમપુરના ડો.જિજ્ઞેશ માહલા, માહિતી શિક્ષણ અને પ્રસારણ અધિકારી શ્રી પંકજભાઈ પટેલ અને પીસી એન્ડ પીએનડીટીના પ્રોગામ આસિસ્ટન્ટ પાર્થસિંહ રાવરાણા ઉપસ્થિત રહ્યા હતા.

# યુઆઇએની ખાસ સામાન્ય સભામાં ટ્રસ્ટની રચના પર મહોર



**રૂપિયા ૩ કરોડનું દાન આપનાર ૧૦ સભ્યો બનશે કાયમી ટ્રસ્ટી અને રૂપિયા ૫૧ લાખનું દાન આપનારામાંથી બે ટ્રસ્ટી રોટેશન પદ્ધતિથી જ્યારે યુઆઇએના પ્રમુખ, સેક્રેટરી અને ટ્રેઝરર હોદ્દાની રૂએ ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે ફરજ બજાવશે**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સરીગામ, તા.૨૭**

ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા આજરોજ આયોજિત એક્સ્ટ્રા-ઓર્ડિનરી જનરલ મીટિંગમાં 'યુઆઈએ ચંદન જીઆઈડીસી હોસ્પિટલ' પ્રોજેક્ટને સાકાર કરવા માટેના મહત્વના બંધારણીય ફેરફારો અને ટ્રસ્ટની રચના અંગેના નિર્ણયો લેવામાં આવતા સંઘ કાશીએ પહોંચે એવા સંજોગો નિર્માણ થવા પામ્યા છે. પ્રારંભમાં આજની સભાના એજન્ડા અને હોસ્પિટલ પ્રોજેક્ટને સ્પર્શતા મુખ્ય મુદ્દાઓની દિશા બદલાતા તેમજ ઉદ્યોગપતિઓ વચ્ચે ખેંચતાણ જોતા પ્રોજેક્ટના મુખ્ય દાતા શ્રી સંતોષભાઈ રવશિયા અને શ્રી દિલીપભાઈ ચંદનને ઉદ્યોગપતિઓ સમક્ષ વિનંતી કરવાની ફરજ પડી હતી. એમણે અંગત હિતોને દૂર કરી ઉદ્યોગપતિઓ, કામદારો તેમજ આજુબાજુની જનતાના હિતોને ધ્યાનમાં રાખી હોસ્પિટલ પ્રોજેક્ટને મહત્વ આપવા સમજાવ્યું હતું. ત્યારબાદ ઉદ્યોગપતિઓ વચ્ચે પ્રોજેક્ટના ભવિષ્યને લઈ ગંભીર ચર્ચાઓ થવા પામી હતી.

આજની સભામાં લેવાયેલા નિર્ણય મુજબ હોસ્પિટલના નિર્માણ અને સંચાલન માટે ટ્રસ્ટની રચના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો તેમજ ટ્રસ્ટીઓની પાત્રતા નક્કી કરવામાં આવી છે. જે ઉદ્યોગપતિ રૂા.૩ કરોડ કે તેથી વધુ રકમનું દાન આપશે, તેવા ૧૦ સભ્યોને કાયમી ટ્રસ્ટી તરીકે સ્થાન આપવામાં આવશે. જ્યારે રૂા.૫૧ લાખનું દાન આપનારા સભ્યોમાંથી ૨ ટ્રસ્ટીઓની પસંદગી રોટેશન પદ્ધતિથી કરવામાં આવશે. અને યુઆઈએના પ્રમુખ, સેક્રેટરી અને ટ્રેઝરર હોદ્દાની રૂએ ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે ફરજ બજાવશે.

તેમનો મુખ્ય ઉદ્દેશ્ય અંગત હિતોને બદલે ઉદ્યોગપતિઓ અને કામદારોના હિત માટે હોસ્પિટલનું નિર્માણ કરવાનો રહ્યો હતો.

આજની સભા 'આંશિક રીતે સફળ' રહી હોવાનું મનાય છે. ટ્રસ્ટની વિધિવત રચના બાદ હવે તેના બાયલોઝ (નિયમો) તૈયાર કરવામાં આવશે. બાયલોઝ તૈયાર થયા બાદ તેના સંપૂર્ણ અમલીકરણ અને હોસ્પિટલના નિર્માણ કાર્ય અંગે આખરી નિર્ણય લેવામાં આવશે. આજની સભામાં પ્રમુખશ્રી દીપકભાઈ ગુપ્તા, ઉપપ્રમુખશ્રી ભગવાનભાઈ ભરવાડ, સેક્રેટરીશ્રી તાહીરભાઈ વોરા, ટ્રેઝરર શ્રી આશિષભાઈ શાહ, શ્રી સુખવિન્દર સિંહ, શ્રી સંજયભાઈ શાહ, શ્રી અશોકભાઈ ગુપ્તા, શ્રી ઈશ્વરભાઈ બારી વગેરેની ઉપસ્થિતિ જોવા મળી હતી.

# ડબલ્યુઆઈઆરસી એવોર્ડ મુંબઈ સમારોહમાં વાપી સીએ બ્રાન્ચનું વિશેષ સન્માન કરાયું




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૭**

ડબલ્યુંઆઈઆરસીની વાપી બ્રાંચને બાંદ્રા કુર્લા સ્થિત ICAI ભવન, મુંબઈ ખાતે વેસ્ટર્ન ઈન્ડિયા રિજિનલ કાઉન્સિલ દ્વારા આયોજિત ડબલ્યુંઆઈઆરસી એવોર્ડ સમારોહ ૨૦૨૫-૨૬માં ઉત્કૃષ્ટ કામગીરી બદલ સર્ટિફિકેટ ઓફ એપ્રેસીએશન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

ચેરમેન સીએશ્રી સુમિત દોશી તથા તેમની કમિટી વાપી બ્રાન્ચના નેતૃત્વ હેઠળ વર્ષ દરમિયાન બ્રાન્ચે નોંધપાત્ર સિદ્ધિઓ પ્રાપ્ત કરી. વર્ષ દરમિયાન સભ્યો અને વિદ્યાર્થીઓ માટે વિવિધ સેમિનાર દ્વારા કુલ ૬૭૦૦ કરતા પણ વધારે CPE કલાકના સેમિનાર, વર્કશોપ, ઉપરાંત એકાઉન્ટીન્ગ મ્યુઝિયમ, રમતગમત પ્રવૃત્તિઓ, ક્વિઝ, વક્તૃત્વ અને ડિબેટ સ્પર્ધાઓ, રેસિડેન્શિયલ રિફ્રેશર કોર્સ તેમજ વિદ્યાર્થીઓ માટે ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ વિગેરે અનેક કાર્યક્રમો સફળતાપૂર્વક આયોજિત કરવામાં આવ્યા.

આ પ્રસંગે ડબલ્યુંઆઈઆરસી ચેરમેન સીએ શ્રી કેતન સૈયા અને વાપી બ્રાન્ચના નોમિની તથા RCM શ્વેતા જૈન મેડમનો વર્ષ દરમિયાન મળેલ સતત માર્ગદર્શન અને સહકાર માટે આભાર વ્યક્ત કરવામાં આવ્યો. સાથે જ વાપી બ્રાન્ચના સભ્યો, વિદ્યાર્થીઓ અને ભૂતપૂર્વ ચેરમેનનો સતત સહયોગ બદલ વિશેષ આભાર માનવામાં આવ્યો. વાપી બ્રાંચ ચેરમેને સીએ આ સન્માન વાપી બ્રાન્ચ માટે ગૌરવની ક્ષણ છે અને વ્યાવસાયિક વિકાસ અને જ્ઞાન વિનિમય અને વાપી બ્રાંચનાં સભ્યોના સર્વાંગી વિકાસ માટેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

# ગુજરાતમાં આયોજિત એક બ્રેઈલ પ્રશિક્ષણમાં દીવના શિક્ષકોને સન્માનિત કરાયા







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૭**

દીવના બે શિક્ષકોએ કેપેસિટી પ્રોગ્રામ ફોર બ્રેઈલ નેશનલ પ્રશિક્ષણ અમદાવાદ ગુજરાતમાં પ્રશિક્ષણ લીધું હતું. પ્રશિક્ષણ લેનાર શિક્ષકોમાં પીએમ શ્રી અંગ્રેજી માધ્યમ ઘોઘલા સ્કૂલના શિક્ષિકા શ્રીમતી સારિકા એન. સોલંકી અને અંગ્રેજી માધ્યમ ગાંધીપરા દીવના શિક્ષક શ્રી સત્યવાન રઘુવીર પનવાર ઉપસ્થિત રહ્યા હતા.

સમાપન સત્રમાં ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ ડોક્ટર શ્રી હર્ષદભાઈ પટેલ, ડોક્ટર ભૂષણ પુનાની, ડોક્ટર નંદની રાવલ, ડૉ, સુમીન પ્રકાશ અને ડોક્ટર શિલ્પા મનોગના ડોક્ટર હેમંતકુમાર મોર્યા, ડોક્ટર શીલુ કછપ, શ્રીમતી વિમલ થવાણી અને ડોક્ટર બીપીન મહેતા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય શિક્ષકોને બ્રેઈલ વાંચન લેખનમાં નીપુણતા વધારવાનો અને ઈન્ટરેક્ટીવ સત્રો પ્રદર્શન અને વ્યવહારિક તાલીમનો સમાવેશ કરવામાં આવ્યો હતો.આ કાર્યક્રમનું આયોજન NCERT ના માધ્યમથી કરવામાં આવ્યો હતો.

# ચીખલી તાલુકાના ફડવેલ ગામે દીપડો પાંજરે પુરાયો

**ચીખલી, (વંકાલ), તા.૨૭**

ચીખલી તાલુકાના ફડવેલ ગામે મોડી સાંજે વાડી ફળિયામાં ખેડૂત શ્રી અમિતભાઈના ખેતરમાં દિપડો પાંજરે પુરાતા પૂર્વ સરપંચ શ્રી હરીશભાઈ, તાલુકા સભ્ય શ્રી મહેશભાઈ સહિતના આગેવાનો અને સ્થાનિકો મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા.

આ વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી દીપડાની અવર-જવર વધી જવા પામી હતી. જે અંગેની જાણ કરાતા વનવિભાગ દ્વારા આજે બપોરના સમયે જ પાંજરૂ ગોઠવવામાં આવ્યું હતું. જોકે તાલુકામાં આજરોજ બે જેટલા દીપડાઓ પાંજરે પુરાતા સ્થાનિકોને કંઈક અંશે રાહત થવા પામી હતી.



# વાપી ગુંજનમાં હોળી-ધુળેટી તહેવારો માટે રંગો ઉડાવવા માટે વિશિષ્ટ પિચકારી માર્કેટ કાર્યરત

**૨૫ રૂપિયાથી ૧૫૦૦ રૂપિયા સુધીની આકર્ષક બાળકોને ગમી જાય તેવી ડિઝાઈનથી સજ્જ પિચકારીઓની શ્રેણી પ્રદર્શિત**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૭**

વાપી સહિત વલસાડ જિલ્લામાં આગામી માર્ચ તા.૪ અને તા.પના રોજ હોળી ધુળેટીનો તહેવાર હોવાથી તેની ઉજવવા માણવાની તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. હોળી-ધૂળેટીઓનો તહેવાર હોવાથી બજારમાં વિવિધ પિચકારીઓ આવી ગઈ છે. વાપી ગુંજન મેઈન રોડ ઉપર અલાયદા પિચકારી અને રંગો માટે સ્ટોલ શરૂ થઈ ગયો છે.

વાપી મેટ્રોપોલીટીન સીટી છે તમામ તહેવારો ઉત્સવો ધાર્મિક તહેવારોની ઉજવણી પરંપરાગત અને આનંદ ઉલ્લાસથી થાય છે. વાપી તમામ તહેવારોની ઉજવણીમાં ઓત-પ્રોત થતું જોવા મળે છે. આમ તો હોળી ધૂળેટી રાજસ્થાનનો મુખ્ય તહેવાર છે. પરંતુ ગુજરાતમાં પણ તેનો અનેરો મહિમા છે. ગુંજન પિચકારી સ્ટોલ ઉપર રૂપિયા ૨૫ થી ૧૫૦૦ સુધીની કલાત્મક રંગો અને ડિઝાઈનવાળી બાળકોને ગમી જાય તેવી વિશાળ શ્રેણી જોવા મળે છે. ડોલ અને ટોઈઝ આકારની ડિઝાઈનવાળી પિચકારીઓ બાળકો માટે આકર્ષક રૂપ બની રહેશે.

# ચીખલી તાલુકાના ખાંભડા ગામે ખેડૂત ઉપર હુમલો કરનાર અઢી વર્ષીય દીપડી પાંજરે પુરાયો




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૨૭**

ચીખલી તાલુકાના ખાંભડા ગામે ભવાની વડ પાસે નદી કિનારે ગુરૂવારની સવારના સમયે ખેડૂત નટુભાઈ ગાંડાભાઈ પટેલ ખેતરમાં કામ કરી રહ્યા હતા. દરમિયાન દીપડાએ હુમલો કરતા પેટ અને થાપાના ભાગે ઈજાઓ પહોંચાડતા તબીબી સારવાર લેવાની ફરજ પડી હતી. વન વિભાગે જરૂરી સ્થળ તપાસ કરી ગુરૂવારની સાંજના સમયે નટુભાઈ પટેલના ખેતરમાં પાંજરૂં ગોઠવતા શુક્રવારની વહેલી સવારના સમયે શિકારની શોધમાં આવી ચઢેલ દીપડી (માદા) (ઉ.વ.આ. અઢી વર્ષ) પાંજરે પુરાતા વન વિભાગની ટીમે દીપડીનો કબજો લઈ વેટરનરી ડોકટર પાસે તપાસ કરાવી સલામત સ્થળે છોડવાની તજવીજ હાથ ધરી હતી.

# કાવ્યાનુભૂતિ

## વિજ્ઞાન

*વિશ્વ ફલક પર વ્યાપક આધુનિક વિજ્ઞાનનો વિચાર છે.*
*કે જીવન એક વિજ્ઞાન અને વિજ્ઞાનમય જીવન વિસ્તાર છે.*

*અદભૂત આ શરીરરચના કહો કોનું એને જ્ઞાન છે ?*
*અવનવું મળી જાય દર વખતે ત્યારે આશ્ચર્યના ઉદગાર છે.*

*સાધન, સુવિધાઓની ભરમાળ દિન પ્રતિદિન વધતી*
*નવિનતમ શોધો, સગવડો અને ટેક્નોલોજી પારાવાર છે.*

*યંત્ર, તંત્ર અને મંત્રની મૂડી શોધતી રહેતી માનવ મતિ*
*નિમિત્ત છતાં હરખાય અપાર કે આ નવો આવિષ્કાર છે!*

*પરિવર્તન, પુનરાવર્તન અને પ્રમાણભૂતતાને જ માનતી*
*પિંડ બ્રહમાંડને ખોળે છતાં ઝીલે રોજ નવિન પડકાર છે.*

*એકધારી ગતિ અહીં વેગવાન વિશ્લેષણના વમળો*
*પ્રતિભાઓના પ્રયત્નને અહીં અચૂક મળે આકાર છે.*

*સૃષ્ટિના સર્જનહારનું જ તો છે આ અનોખું નિર્માણ*
*પરિમાણો, પ્રમાણો, સાબિત કરે તોય કહે આ ચમત્કાર છે!*



**પટેલ પદ્માક્ષીબેન મનિષભાઈ (પ્રાંજલ)**
વ્યવસાયઃ પ્રાથમિક શિક્ષક, પારડી કન્યાશાળા નં-૧,
કિલ્લાઃ પારડી જિ વલસાડ
અભ્યાસ : પી.ટી.સી., એમ.એ બી.એડ.

કવિ કહે છે કે આજના સમયમાં સમગ્ર વિશ્વના ફલક પર આધુનિક વિજ્ઞાનનો વ્યાપ ખૂબ જ વિશાળ બની ગયો છે. માનવ જીવન અને વિજ્ઞાન હવે એકબીજાથી અલગ રહી શકતા નથી. જીવન જાતે જ એક વિજ્ઞાન બની ગયું છે અને જીવનનો વિસ્તાર પણ વિજ્ઞાનમય બની રહ્યો છે. માનવીના વિચારો, વ્યવહાર અને જીવનશૈલી પર વિજ્ઞાનની છાપ સ્પષ્ટ દેખાય છે.

માનવ શરીરની અદભૂત રચનાને જોઈને આશ્ચર્ય અનુભવાય છે. આટલી જટિલ, સુવ્યવસ્થિત અને રહસ્યમય શરીરરચનાનું પૂરું જ્ઞાન આજે પણ માનવ પાસે નથી. દરેક વખત કોઈ નવી માહિતી કે શોધ મળે છે ત્યારે માનવ ફરીથી અચંબામાં પડી જાય છે. જાણે જ્ઞાનનો ખજાનો અખૂટ હોય તેમ સતત નવા રહસ્યો ખુલતા જાય છે.

આજના સમયમાં સાધનો અને સુવિધાઓની ભરમાળ સતત વધી રહી છે. રોજેરોજ નવી શોધો, નવી ટેક્નોલોજી અને આધુનિક સગવડો માનવ જીવનને વધુ આરામદાયક બનાવે છે. વિજ્ઞાનની પ્રગતિ એટલી ઝડપથી થઈ રહી છે કે તેનો કોઈ અંત દેખાતો નથી.

માનવ બુદ્ધિ યંત્ર, તંત્ર અને મંત્ર અર્થાત્ મશીનો, પદ્ધતિઓ અને વિચારોની શોધમાં સતત વ્યસ્ત રહે છે. બધી જ શોધોમાં શોધનાર નિમિત્ત બને છે, જ્યારે કોઈ નવો આવિષ્કાર થાય છે ત્યારે માનવ મનમાં અપાર આનંદ અને ગર્વની લાગણી જન્મે છે.

વિજ્ઞાન પરિવર્તન, પુનરાવર્તન અને પ્રમાણભૂતતા જેવા સિદ્ધાંતોને સ્વીકારે છે. તે પિંડ (માનવ શરીર) અને બ્રહ્માંડ જેવા વિશાળ તત્વોને પોતાના ખોળે સમાવે છે, છતાં રોજ નવા પડકારો સામે ઝીલવા પડે છે. વિજ્ઞાન માટે કોઈ પણ સત્ય અંતિમ નથી. હંમેશા નવા પ્રશ્નો ઉભા થાય છે.

વિજ્ઞાનની ગતિ ખૂબ જ ઝડપી અને એકધારી છે. ઊંડા વિશ્લેષણ અને સંશોધનના વમળોમાંથી પસાર થઈને પ્રતિભાશાળી લોકોના પ્રયાસોને ચોક્કસ આકાર મળે છે. મહેનત, વિચાર અને પ્રયોગથી જ વિજ્ઞાન આગળ વધે છે.

અંતમાં કવિ કહે છે કે આખી સૃષ્ટિ તો સર્જનહારનું અનોખું નિર્માણ છે. વિજ્ઞાન ભલે પરિમાણો, પ્રમાણો અને સિદ્ધાંતો દ્વારા બધું સાબિત કરવાનો પ્રયત્ન કરે, છતાં અંતે તેને પણ સ્વીકારવું પડે છે કે આ સમગ્ર સૃષ્ટિ એક અદભૂત ચમત્કાર છે. વિજ્ઞાન અને પ્રકૃતિની સંરચના બન્ને એકબીજાને નકારતા નથી, પરંતુ પરસ્પર પૂરક છે.